

શિલ્પી
ડી. મુખરજી

ફોટો
દત્તા ખોપકર


રાધા-કૃષ્ણ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું અગ્રણી માસિક

સંસ્થાપક
રવિશંકર રાવળ

ફેબ્રુઆરી ઈ.૧૯૪૫
૨૫૪

તંત્રી · બચુભાઈ રાવત



મનાલી (કુલુની ખીણમાં) પાસેનાં હિમશૃંગો

ચિત્રકાર · છગનલાલ જાદવ

કુમાર

ફેબ્રુઆરી ૧૯૪૫

અંક ૨૫૪

પ્રકાશન તા. ૧૭-૨-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઇ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં આર. આર. શેઠની કં. તથા એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

ઘર્ષણ-એક અજબ તત્વ: એ ન હોય તો જીવનમાં કેવો ઉત્પાત મચે



ઘર્ષણ એ એવું અજબ તત્વ છે કે જે જીવનમાં અમુક પ્રસંગે બહુ જ ઉપયોગી છે, જ્યારે અમુક વખતે બીનજરૂરી ને નુકસાનકારક નીવડે છે. સાઇકલમાં આપણે તેલ શા માટે પૂરીએ છીએ? ન પૂરીએ તો ઘર્ષણથી ખરી ખારે કરે, સાઇકલ ચલાવતાં જોર પડે, અને ચકરાઈ ઘસાઈને ખરી ખરાબ થઈ જાય. બીજી બાજુ, આગગાડી કે મોટર જેવી વેગથી ચાલતી વસ્તુને પણ એક નાનીસરખી બ્રેક ચપ દઈને અટકાવી શકે છે, તે પ્રતાપ ઘર્ષણનો. એમ, બીજા અનેક પ્રકારે કુદરતીરીતે જ ઘર્ષણ આપણા જીવનને આશીર્વાદ રૂપ છે.

તે ન હોય તો જીવન કેવું વિચિત્ર અને છિન્નભિન્ન થઈ જાય, તેમાં કેવો ઉત્પાત મચે, તે આ ઉપરનાં ચિત્રોમાં દર્શાવ્યું છે.

જાગૃતિ

· શિખરિણી ·

છકેલી ફાલ્ગુની છલબલ છટા શી પૃથિવીની !
દિશાઓ મૂકીને મન ખિલખિલાટે મલકતી,
જવાનીની ટૂહેલે મઘમઘ પરાગે છલકતી
વનોની મસ્તાની કલિ સકલ જાગે રસભીની.
અને પેલી વર્ષા, ઝરમર નહીં, ધોધ વરસી
સીમાડા લોપે જ્યાં ધસમસ તૂટે હેલિ ગગને;
નવાણે સૂકેલાં પૂરછલક જોબંન વહને !
જવાનીની ગાંડી બજત નિત ત્યાં નૌબત કશી !

અહીં મારા દિલની કલિ અધખુલી ફુલ્લ પુલકે,
સૂતાં મારાં મીઠાં સ્વપન સહુ યે તે પર ઢળી;
નવાણો યે કાંઠાભર 'રગરગે રૂહે ખળભળી,
અહીંયાં સ્વપ્ને કૈં મીટ નયનની દૂર મુલકે !

સૂતી જાગે નૈનાં પલપલ પીવા ઘૂંટ અમીનાં
પછી આશાઓનાં સફલ સપને તે શી કમીના ?

નિરંજન

મરણ

· શિખરિણી ·

અમે તે શા માટે ડર મન લહીએ મરણનો ?
અમારે માટે તો અનુચર બની એ હર ઘડી
ફરે પૂંઠે પૂંઠે, જહીં જહીં અમારા વરણનો
જમાવીએ રંગક્રમ તહીં તહીં એ દડબડી
અમારી સેવાર્થે હજુર જ રહે છાય શું બની,
ઉપાડી લે ઝૂકી વચન અમ આજ્ઞાનું સરતું:
ઘણી વેળા એની મન લઇ દશા આવી અદની
વિસામો દેવાને હૃદય અમ એને ન સ્મરતું.

અમે આવી રીતે જગતજનની પ્રેરિત અહીં
રમીએ માટીમાં સુખદુ:ખ તણી સ્હેલ કરતા;
અને જ્યાં માડીનો પ્રણય સ્મરતો મીઠડ તહીં,
'ચલો, બા બોલાવે' કહી મરણ આવે, ઉપડતા
અમે એની ખાંધે સુખ મધુરતાનું સ્મિત ધરી,
ઢળી માને ખોળે અમૃતરસ પીતા મન ભરી.

પૂજાલાલ

વિરાટની છાબડી

· મિશ્ર ·

વિરાટની અક્ષય વ્યોમછાબડી
નિત્યે પ્રકાશે, રમણીય હાસે
પ્રફુલ્લ નક્ષત્ર અને ઉડુ તણાં
જાણે અર્પે આત્મના ખોબલામાં
દ્યુતિ ફૂલો સ્વર્ગનાં એ રૂપાળાં !
અને ઝુલાવે નભ-તોરણોમાં
રાશિ તણી દ્વાદશ પર્ણમાળા,
ધીમી જેની તેજની મર્મરોમાં
ગુંજી ઊઠે રાત્રિના શાન્ત છંદો.

પરોઢમાં ચંચલ રાત્રિ રાણીનાં
વિલીન થાતાં પદ-ગીત પાછળે,
સહસ્ર તંત્રી થકી સ્વર્ણ-રાગે
જ્યારે બાજે સત્યનું સૂર્યનું ઝણું,
ત્યારે પૂરે પૃથ્વીના પુષ્પ-પુંજે
પરાગરેણુ નવ-ગંધ ઘેરવા !
પ્રભાતના મંગળ વ્યોમ-ગુંબજે
જ્યારે ફૂટે તેજની કાવ્યધારા,
ઉષા તણી સોનલ મંજૂષાએ
અર્પે ત્યારે ચીરની વર્ણમાળા:
પદ્મિનીના જૌહરે અગ્નિવર્ણાં,
કે માંગલ્યે લગ્નની ચુંદડી શાં,
એ પાઠવે અંબર રંગરંગનાં !

વળી અનોખી નભ-તારકાને
રુપેરી જ્યોતે પ્રતિ પૂર્ણિમાએ,
રોહિણી કેરા ઉરને પખાળવા
લાવી આપે શુભ્ર ને સ્વાદુ શીળો
ભરેલ એ અમૃત-કુંભ ચન્દ્રનો !
વર્ષાહારે પ્રેયસીનેત્ર જેવી
જ્યારે ઝૂકે મેઘલી વાદળીઓ,
ને એ આંજે વિદ્યુતોની સળીએ
પ્રીતિઘેરાં સ્નિગ્ધ સુલોચનોને,
અખંડ એ ઉન્મત્ત યૌવનાને
એ પાઠવે અંજન-દાબડીઓ !

અને જહીં ઇન્દ્રની રાજરાણી
શચી જતાં સ્નાન તણી ક્રીડાએ
મૂકી ચીરો કાંઠડે ઇન્દ્રવર્ણાં,
તેને ચોરી અપ્સરાઓ ઉડે ત્યાં,
અર્પે વસ્ત્રો આભથી સપ્ત વર્ણાં.

ખૂટી જાયે માનવીકુલ કેરી
લાખ્ખો છાબો સમૃદ્ધિથી છકેલી—
સંચી સંચી સામગ્રી સ્વાર્થ કાજે—
ખૂટે ન આ કિન્તુ વિરાટ-છાબડી.
ત્યાગે ત્યાગે નિત્ય એ ઊભરાયે,
ઊંચી દાબી સર્વ છો અર્પણોને !

રતિલાલ છાયા

ચોરીની તાલીમ

મકરન્દ દવે

તરવું, તંતરવું અને તસ્કરવું આપકળા ગણાય છે; પણ સામાન્યરીતે આપણે પહેલીએને ભયજનક માની ત્રીજીનીવિધિસર તાલીમ આપણાં બાળકોને આપીએ છીએ! આપણા જીવનનો આદર્શ ઓછામાં ઓછી મહેનત લઇ વધારેમાં વધારે રળવાનો હોય છે.આપણી સુખની કલ્પના એક અપંગ આદમીને આંગણે જઈ અટકે છે;—જે પોતાની જાતે કંઈ કરવા અશક્ત છે તેથી જેને ત્યાં નોકર-ચાકરનો રસાલો ખડો છે. પોતાનો પુત્ર 'બાલિસ્ટર' થાય એવું દિવાસ્વપ્ન જોતી રંકમાતાથી માંડી આપણી વિદ્યાપીઠનો ભણેલો વિદ્યાર્થી પણ છત્તરછાયાવાળી જગ્યાએ, પેન્શન તરફ મીટ માંડી કાગળ પર વટહુકમ ચીતરવાના જ મનોરથ સેવતો હોય છે. પ્રામાણિક મહેનતથી રળેલી રોટલી આપણને ભાવતી નથી. 'તસ્કર'વૃત્તિથી મેળવેલા પકવાન પર જ આપણી આંખ મંડાઈ હોય છે. આજની કેળવણીનો આ સૌથી મોટો શાપ છે.આપણી આ સૌથી મોટી શરમ છે.

ગઇ કાલે જ મારા મિત્રને જ્યારે મેં કહ્યું કે 'આપણે આરામપ્રિય બહુ થતા જઇએ છીએ', ત્યારે તેણે મારી ભૂલ સુધારી. તેણે કહ્યું. 'ના; "આરામપ્રિય" બહુ સારો શબ્દ છે. ખરી વાત એ છે કે આપણે "હરામ હાડકાના" થતા જઇએ છીએ.' વાત સાવ સાચી છે. અંગમહેનતની ચોરીમાં કુશળતા એ આપણે ત્યાં મોટામાં મોટી ચાતુરી છે.

એટલું જ નહિ, પણ જીવનના દરેક ક્ષેત્રમાં મૂલ્ય ચૂકવ્યા વિના વસ્તુને પોતાની કરવાની આપણી દાનત પહેલેથી જ ખોરી રહી છે. બુદ્ધિજીવી તરીકે આપણે ગર્વ ધરીએ છીએ; પણ એ એકાંગી ઘડતરમાં યે બુદ્ધિના વિકાસ માટે, જ્ઞાનના પ્રકાશ માટે આપણી સાધના કેટલી? મુસલમાન સંત ઇમામ ગિઝાલીની એક વાત છે. મોડી રાત સુધી જાગીને તે જ્ઞાન સંપાદન કરતા. એક વાર સ્વપ્નમાં જ્ઞાનદેવતાએ આવી તેમને વિશ્વનું સમગ્ર જ્ઞાન આપવાનું કહ્યું; ત્યારે તેમણે તો ફક્ત રાતે વાંચવાને માટે ખપ પૂરતું તેલ માગ્યું! તેમની જગ્યાએ આપણા વિદ્યાલયનો કોઇ જ્ઞાનાર્થી હોય તો વધારે નહિ તો એમ.એ.માં પહેલો વર્ગ અને ક્યાંક પ્રોફેસરીની જોગવાઇ માગી લેવાનું તો ન જ ચૂકત.

ત્યારે વાત આ છે. સ્વબળે, સ્વપરાક્રમે, આપણા પુરુષત્વનું સંમાન કરે એ રીતે કશું આપણને ખપતું નથી. કોઇ વિપુલ અંધકારનો લાભ લઈ—કારણકે સામાન્ય લોકના અજ્ઞાનને લીધે જ આપણું ચોરકર્મ ફાવી શકે—કે પારકી દયાના આશ્રયે જેટલું બને તેટલું ખોળામાં ભરવા આપણે હરપળે ઉત્સુક છીએ.

પણ આ ચોરીથી કશો ફાયદો તો નથી જ થતો. ઉલટું, એવો ભારે દંડ આપવો પડે છે કે સ્વાધીનતા માટે ખડે પગે થતું રાષ્ટ્ર એ બોજો સહન ન જ કરી શકે; એની કમર તૂટી પડે. ખાલી શેકસપીઅર ને કાલિદાસની તહેનાતમાં અત્યાર સુધી ઊભા રહી આપણે ઉન્નત ભાલ તો નથી મેળવ્યું, પણ ઉલટી છાતીને સાંકડી બનાવી છે. આપણા જીવનની તાલીમમાં હવે શ્રમદેવની પ્રાણ-પ્રતિષ્ઠા કરવી પડશે. આંખની ચમક અને પહોળા ખભા, બંને પાસાં જીવનના ત્રાજવે સમતોલ કરવાં પડશે.

અને જે દિવસે પરસેવાનું મહત્ત્વ આપણે સમજીશું, સ્વમાન સાચવી, પ્રામાણિક અને સ્વતંત્ર રોજીનો નિર્ધાર આપણે કરીશું તે દિવસે કશાં બંધન કે બેડીઓ ટકી નહિ શકે. પડેલ ચીલે ચાલવાનું છોડી નવી કેડીઓ પાડતા જે દેશના જવાનો આગળ વધે છે ત્યાં હમેશ સ્વાતંત્ર્યની તાજગી ધમકતી જ હોય છે.



કુમાર ચન્દ્રક

'કુમાર'ના લગભગ ઉગમકાળથી તેના ચાહક અને મિત્ર તથા તેના લેખકોમાંના એક શ્રી યશવંત પંડ્યા તરફથી 'કુમાર'માં આવતાં મૌલિક સાહિત્યસર્જનોમાં શ્રેષ્ઠ નીવડનારને પ્રત્યેક વર્ષે એક રૌપ્ય ચન્દ્રક આપવા સારૂ એક નાદર રકમ ભેટ આપવામાં આવી છે, જેમાંથી નીચેના નિયમો અનુસાર એ ચન્દ્રક આપવામાં આવશે:

(૧) 'કુમાર'ના ૨૧મા વર્ષથી—એટલે કે ૧૯૪૪ થી આ ચન્દ્રક અપાવો શરૂ થશે.

(૨) 'કુમાર'માં આખા વર્ષ દરમ્યાન પ્રકટ થએલી સર્જનાત્મક સાહિત્યની કોઈપણ શ્રેષ્ઠ કૃતિ—પછી તે કાવ્ય, નાટક, વાર્તા, નિબંધ કે જે કાંઇ અન્ય હોય તે—ને માટે તેના લેખકને આ ચન્દ્રક આપવામાં આવશે.

(૩) તેવી કૃતિના નિર્ણાયકો તરીકે નીચેના ત્રણ પ્રતિષ્ઠિત વિદ્વાનોનું મંડળ નક્કી કરવામાં આવ્યું છે: (૧) શ્રી બલવંતરાય કલ્યાણરાય ઠાકોર; (૨) શ્રી વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી; (૩) શ્રી સુન્દરમ્.

(૪) દર વર્ષનું પરિણામ મોડામાં મોડું પછીના વર્ષના માર્ચ અંકમાં જાહેર કરવામાં આવશે. (આ વર્ષ પૂરતું તે એકાદ માસ મોડું જાહેર થશે.)

સો વર્ષના કુમાર કૅલેન્ડર વિષે

એક સુધારો

ગયા અંકમાં આપેલું સો વર્ષનું કૅલેન્ડર જોવાની સુચનામાં એક વાત રહી ગઈ છે, કે દર ચોથે વર્ષે આવતા 'લીપ ઇઅર'માં ફેબ્રુઆરીના ૨૯ દિવસ થતા હોવાથી તે વર્ષના માર્ચથી ડિસેમ્બર સુધીના મહીનાઓના તારીખવાર શોધતી વેળા તે વર્ષના ખાના પછીના ફૂદડીવાળા ખાનાની હારમાં આવતા અક્ષરવાળું કૅલેન્ડર જોવું. દાખલા તરીકે ૧૯૪૮ એ લીપ ઈઅર છે (કેમકે એને ૪ વડે ભાગી શકાય છે), એટલે તે વર્ષના અપ્રિલની ૬ઠ્ઠી તારીખ જોવા માટે ૧૯૪૮ પછીના ફૂદડીવાળા ખાનાની હારમાં આવતા 'ચ' અક્ષરવાળું કૅલેન્ડર જોતાં તે દિવસે મંગળવાર આવશે. આટલો ફેરફાર પોતપોતાના કૅલેન્ડર સાથે સૌએ અવશ્ય નોંધી લેવો.

આફત પણ તાકાદ અજમાવી લે

નાનકડામા નાનકડું સસલું પણ પોતાનો જીવ બચાવી શકે છે, કારણકે એ ચોક્કસ ક્ષણે લોંચી ખાઇ શકે છે. સસલાની પાછળ શિકારી કૂતરો પડે છે. પછી સસલું ભાગે છે. સીધેસીધું એ ભાગે છે, પણ શિકારી કૂતરો બરોબર પાસે આવે છે ત્યારે સસલું એકાએક લોંચી લઇ લે છે ને એ ઊગરી જાય છે.

તમારી પાછળ આફત શિકારીની જેમ દોડી આવે તો એ લગોલગ થાય ત્યાં સુધી તમે જરૂર એમાંથી ઊગરવાનો માર્ગ સસલાની પેઠે શોધી કાઢજો.

આફત પાછળ પડી છે એનો ખ્યાલ રાખી તમે પહેલેથી પડી ભાંગશો તો તમારો શિકાર પણ સાવ સસ્તો બની જશે. આફતને પણ એની તાકાદ અજમાવવા દેજો.

તો જ તમારા બળનો તમે બરાબર અંદાજ કાઢી શકશો. —જિતુભાઇ મહેતા

દીનબંધુ દામિયાં દ વૉઈસ્તર

કહે છે કે, દુનિયામાં જેનું કોઈ નથી, જેનો ઓછાયો લેતાં યે માણસ અભડાઇ જાય, જેને સ્પર્શ કરતાં વહાલાં સગાંના જીવ પણ ભડકીને દૂર હટી જાય તેને સંઘરે છે પેલા નિર્જન ગિરિવરનો વાસી દેવ સદાશિવ. અને તેથી તો એ પશુપતિ કહેવાય છે. પણ એ માત્ર એકલો ડુંગરને શિખરે વિહરતો નથી. કેટલીક વાર કોઈ બડભાગી માણસના અંતરમાં આવીને તે તરછોડયાને અંકમાં લેતી, નમાયાં–નધણિયાતાનાં ચરણ ચૂમતી કલ્યાણી આકાંક્ષાનાં અમી સીંચી જાય છે એક વાર એવો ૮ મંગલ પ્રકાશ બેલ્જિયમના ફ્લેમિશ ખેડૂના ઘરમાં ઉછરેલા એક જુવાનના હૃદયમાં તેણે પાથર્યો હતો. તેનું નામ દામિયાં દ વૉઈસ્તર.

રગતપિત્તનું નામ સાંભળતાં ઘણાનાં કાળજાં ફફડી ઊઠે છે. જેણે સ્વપ્ને ય પણ એ રોગથી પીડાતા મનુષ્યને નથી જોયો તે પણ તેના ત્રાસથી અનભિજ્ઞ નથી. માણસ જેવા માણસને તે જીવતું-પ્રેત બનાવી દે છે. આપણે ત્યાં પણ એવા રોગીને કાં શ્મશાનમાં મૂકી આવી રોટલા પહોંચાડવામાં આવતા કે આખરી ઉપાય તરીકે તેમને માટે જળસમાધિ જ નિર્ણીત હતી. પણ ૧૮૫૦ની આસપાસ જ્યારે આ ભયંકર અને ચેપી રોગનાં પગરણ યુરોપમાં દેખાયાં ત્યારે ત્યાંના લોકોએ આ કમનસીબ માણસો માટે જુદું જ દોઝખ વસાવવાનો નિર્ણય કર્યો અને હવાઇ ટાપુઓમાંનો એક મોલોકઈ નામનો ટાપુ આ માટે પસંદ થયો. બસો પચાસ માઇલના ઘેરાવાવાળા એ બેટની ઉત્તર બાજુએ, ત્રણેક માઈલના વિસ્તારવાળી જગ્યા, મુખ્ય ભાગથી ચાર ચાર હજાર ફીટ ઊંચી દુર્ગમ ગિરિમાળથી જુદી પડતી હતી. સ્થળ સારું હતું. ત્રણે તરફ વિસ્તીર્ણ જળરાશિ અને એક તરફ ઊંચા પર્વતો. પતિયાં માટે એ કુદરતી કેદખાનું હતું.

થોડો સમય આ રોગિષ્ઠ વસાહત પર એક દેખરેખ રાખનારની નિમણૂક થઈ હતી. થોડી પડતર પણ ફળદ્રુપ જમીન જે રોગી સારી અવસ્થામાં હોય તેમની પાસે ખેડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પણ એની કાંઈ અસર ન થઈ. હા. ત્યાંના એક જંગલી છોડમાંથી એ લોકોએ એક જાતનો જલદ બીર બનાવવાનું શરૂ કર્યું હતું; અને પરિણામે રોગ સાથે ભયંકર દુર્ગુણોનો મેળો એ ટાપુ પર થયો.

સમાજમાંથી ફારગતી આપવામાં આવેલા આ લોકોને વહાણો ભરી એ ટાપુ પર ભગવાનને ભરોસે છોડી દેવામાં આવતા. દવાદારૂ, રહેઠાણ, ખોરાક, પાણી, કપડાં વગેરેની કંઈ વ્યવસ્થા ત્યાં નહોતી. ફક્ત અમુક સમયે એક વહાણ થોડી ચીજો ફગાવી એકદમ રવાના થઇ જતું, અને વધારે મજબૂત માણસો બીજાંને દબાવી તેમાંથી મોટો ભાગ પડાવી લેતા ઘાસનાં જેવાંતેવાં ઝૂંપડાં, કે એ પણ બનાવવા અશક્ત હોય તેઓ માટે આભ ઉઘાડી જંગલ જ આશરો હતો. સડીસડીને મરી જવા માટે જ તેમને ત્યાં મોકલવામાં આવતા. ત્રણચાર વર્ષ તો એ ટાપુ પર પગ મૂક્યા પછીની જિંદગીની લાંબામાં લાંબી મુદત.

પણ એ જીવતા સ્મશાનમાં પેલા પરમ શિવની આંખો ઊઘડવાની હતી. એક દિવસે લાંબા કાળા ઝભ્ભામાં એક ત્રીસેક વર્ષનો સુદૃઢ અને સુંદર જુવાન એ અસ્પૃશ્ય કોઢિયાંની પશુથી યે બદતર અવસ્થા



સાહિત્ય અને કલા, દેશભક્તિ અને [illegible] ઉદ્યોગ અને આરોગ્ય, વિજ્ઞાન અને વૈદક, એવાં સંસ્કારિતાનાં નાનાવિધ ક્ષેત્રોમાં જીવનનું ઝવેરાત અને પુરુષાર્થનાં પાણી દાખવી જનારાઓની પ્રકટ થએલી અનેક જીવનકથાઓથી આ નીચેની જીવનકથા જુદી પડે છે. એ કથા છે ઈશ્વરને અર્પિત થએલા એક જીવનની ઠંડી તાકાતની; સેવાના ક્ષેત્રમાં થએલા એક એવા સમર્પણની,–જેની પાછળનું કઠોર અને નિર્વ્યાજ વીરત્વ સંસ્કૃતિના સર્વ સીમાડાઓને પણ લોપીને પાર જાય એટલું અદ્ભુત છે.

ભોગવતા એ લોકોમાં તેણે જાતનો ભોગ આપી પ્રાણ પૂર્યો. તેમની સાથે એ સ્વેચ્છાએ એક બન્યો; તેમને માટે હસતે વદને શહીદ થયો.

એમ તો સાગરની પેલી મેર જીવતી દુનિયાના પુરુષનું મુખ આ હડધૂત વતનીઓને કોઇકોઈ વાર જોવા મળતું; વરસે દહાડે એક પાદરી ખુવા તેમના આત્માના કલ્યાણ માટે થોડા પવિત્ર શબ્દો કહી ઝટપટ રવાના થઈ જતા. પણ ઈ.૧૮૭૩માં નવો હુકમ બહાર પડ્યો હતો કે કોઈ પણ રક્તપિત્તથી નીરોગી માણસે એ ટાપુની મુલાકાત ન લેવી. અનાથની સંભાળ લેવાનું, તેમના આધ્યાત્મિક ને ઐહિક જીવનને સુખમય બનાવવાનું એક સાચા ખ્રિસ્તી મિશનરીનું જીવનવ્રત હોય છે. જ્યારે મોલોકઈની વસાહતનો બહારની દુનિયાના સંબંધથી આમ સદંતર વિચ્છેદ કરવામાં આવ્યો ત્યારે જનમભર ત્યાંની યમપુરીમાં વસવાટ કરવાનું દામિયાંએ સ્વીકારી લીધું.

દામિયાંનું મૂળ નામ તો જોસેફ વૉઈસ્તર; પણ કૅથોલિક સંપ્રદાયની 'પિક્પસ ફાધર્સ' નામથી ખ્યાત શાખામાં દીક્ષા લીધા પછી તેણે પોતાનું નામ બદલ્યું હતું. તેની જીવન-યાત્રા પહેલેથી જ અદ્ભુતરંગી છે. પિતાએ તો એ બાળકને ખેડૂતના કે વેપારી જીવનમાં જોડાવા તૈયાર કર્યો હતો. ચાર વર્ષની વયે માબાપ ભેગો કોઈ મેળામાં ગયેલો ત્યાંથી એ અચાનક ગુમ થઇ ગયો. ફિકરમંદ માબાપે

તેની શોધમાં સાંજ લગી બધાં સ્થાન તળેઉપર કરી નાખ્યાં, પણ એનો પત્તો ન લાગ્યો. અંતે એના દાદાએ સૂચવ્યું કે એને દેવળમાં શોધીએ; કદાચ ત્યાં હશે. અને જઇને જુએ છે તો ચાર વર્ષનો એ બાળક અંધારા દેવળમાં એકલો બેઠો પ્રાર્થનામાં મગ્ન હતો.

ઘરમાં પડેલી 'સંતજીવન'ની ચોપડીમાંથી તેની ધર્મપરાયણ મા રોજ સાધુસંતોની કથાઓ બાળકોને કહેતી તેની અસર સૌ ભાંડુઓ પર તીવ્રપણે પડી. એક વાર નિશાળે જતાં રસ્તે આવતી ઝાડીમાં બંને ભાઇ રમતે ચડયા, ને નિશાળે જવાનું પડતું મૂકી સાધુ બનવાની રમત માંડી. સવારથી સાંજ સુધી એકાંતે મૌન બનીને બંને ઘૂંટણિયે પડી રહ્યા. સાથે લીધેલો નાસ્તો બપોરે ખાધો તે પણ મૂંગામૂંગા જ. અંતે છેક રાત્રે કોઈ ઓળખીતાની નજરે એ પડયા તેણે ખબર દીધી એટલે રાત્રે નવ વાગ્યે તેને ઘેર તેડી ગયા.

૧૮૫૮માં તેની સૌથી મોટી બહેન પોલીને સાધ્વીની દીક્ષા લીધી. તેનાથી નાના ઑગસ્તને પણ સાધુ થવું હતું એટલે તેને જરૂરી ઉચ્ચ ધર્મશિક્ષણ માટે પારીસ ભણવા મોકલ્યો. આથી ઘરની ખેતી તથા ધંધો સંભાળવા માટે માબાપની ઈચ્છા સૌથી નાના—આપણા જોસફ—ને ધંધામાં નાખવાની થઇ, ને તેને વેપારી શાળાએ ભણવા મોકલ્યો. પણ આપણે જોયું તેમ તેનામાં ધાર્મિક વલણ શરૂથી જ હતું. બીજે વર્ષે, ૧૮૫૯માં તે પિતા ભેગો પોતાના મોટા ભાઈ ઑગસ્તને (જેણે હવે ફાધર પાંફીલ નામ ધારણ કર્યું હતું) મળવા ગયો. પિતા તેને ત્યાં મૂકીને બહાર કામે ગયા; પણ સાંજે વિદાય થતી વેળા તેને પાછો તેડવા આવ્યા ત્યારે એણે નિર્ધાર સંભળાવી દીધો કે 'હું હવે અહીં મઠમાં જ રહીશ. ઘેર આવું તો ફરી પાછું દીક્ષા લેતી વખતે વિદાય લેવી વસમી પડે.' અને એ ત્યાં જ રહ્યો.

અહીં ધર્માભ્યાસ ને પ્રભુચિંતન કરતાંકરતાં તેનું મન માનવસેવા તરફ આકર્ષાયું. કોઇ અજાણ્યા મુલકમાં કલ્યાણગામી ચારિત્ર્યની ફોરમ ફેલાવવા, કોઈ દુખિયાનો વિસામો થવા તેને અંતરમાં ઝંખના જાગી. ને જ્યારે ૧૮૬૩ની સાલમાં ધર્મપ્રચાર માટે દૂરદૂરના હવાઇ ટાપુઓમાં જવા માટે એક વહાણે લંગર ઉપાડયું ત્યારે તેનો પ્રાણ અધીર થઇ બેઠો. તેના મોટાભાઇ એ સંઘમાં જોડાયા હતા, પણ વિધાતાનું તેડું તો દામિયાં માટે હતું. વિપદના રૂપમાં આશીર્વાદ આવી તેના જીવનની સમૂળગી દિશા ફેરવી નાખી. મોટાભાઇ માંદા પડયા. મુસાફરીની હાડમારી તે સહન કરી શકે તેમ નહોતું. એટલે એ એક જગ્યાની ખાલી પડેલી જગ્યાની તક ઝડપવા દામિયાં ખૂબ ઉત્સુક બન્યા. પરંતુ પોતે તો હજુ પાદરીપદના સંસ્કારવિધિથી પણ વંચિત હતા, તેથી તેમનો વડો કોઈ પણ હિસાબે તેમને જવા દે તેમ નહોતું. તેથી તેમણે એક હિંમતભર્યું પગલું લીધું એ માણસને અવગણી તેમણે એ સંઘના સૌથી ઉપરી-અધિકારીને પત્ર લખ્યો. દામિયાંને તેના મૂર્ખાઇભરેલા પગલા માટે સખ્ત ઠપકો આપવાની સાથે તેમને જવાની અનુમતિ પેલો વડો એક દિવસ લઈ આવ્યો. જવાની રજા મળતાં એ ક્રોધના વંટોળને ચૂપચાપ સહન કરવાનું દામિયાંને મન ભારે ન હતું ઇ. સ. ૧૮૬૩ના નવેમ્બરની પહેલી તારીખે—બાવીસ વર્ષની ઉંમરે તેમણે બેલ્જીયમ છોડયું—જીવનમાં ફરી કદિ તેનાં દર્શન ન કરવા માટે.

દસેક વરસ સુધી તેમણે હવાઇ ટાપુઓમાં કામ કર્યું. એવામાં પેલો ગંભીર બનાવ બન્યો. સત્તાવાળાઓએ હુકમ બહાર પાડયો કે પતિયાંને મોલોકઈના એકાંત ટાપુ પર ધકેલી દેવાયા બાદ કોઇએ ત્યાંથી પાછા ફરવું નહિ. એટલું જ નહિ, પરંતુ કોઇ પણ પાદરીસુદ્ધાંએ ત્યાં જવાની મનાઈ ફરમાવવામાં આવી. દામિયાનું સંત હૃદય આ હુકમથી ફફડી ઊઠયું. જેના શરીર પર રોગ લાગે તેના બીચારાના આત્માને પણ આમ હડધૂત કરવો? પ્રિયજન અને સમાજના પ્રેમથી વિછોડાએલાને શું પ્રભુના પ્રેમમાંથી પણ દેશવટો દેવાનો ? આ ચર્ચાએ તો મોટો વંટોળ જગવ્યો; પણ દીનબંધુ દામિયાએ તો મૂગામૂગા જ નિર્ધાર કરી લીધો અને ૧૮૭૩ના મે મહિનામાં એ એકલા જ પેલા રગતપિતિયાના મુલકમાં વસવા, કંઇ પણ સાધનસામગ્રી વિના ચાલી નીકળ્યા. સંસારમાંથી આપમેળે દેશવટો લઇને ખુદ એ રગતપીતિયાંની જ જેમ, તિરસ્કાર ને યાતનાની ઘોર ખીણમાં એ અદૃશ્ય થઈ ગયા.

પહેલાં તો એ મૃત્યુને કાંઠે રમતાં માનવીઓએ તેમનો વિશ્વાસ ન કર્યો. જેમને સ્વજનોએ પણ તજી દીધેલાં એ ધૃણાસ્પદ ને નકામા જીવ માટે કોઈ મરવા આવે તે એમની કલ્પનામાં યે ન ઊતર્યું. પણ કબ્રસ્તાનની ધૂળમાં દટાઈને પણ તેમની સાથે એક થતાં ફાધર દામિયાંને આવડતું હતું. ભૂખ્યાં, ચીંથરેહાલ અને અસહ્ય દુર્ગંધ મારતાં માનવ-માળખાંઓ વચ્ચે, સૂગની તલભાર પણ છાંટ ન રહેવા દઈ દામિયાં ત્યાં રહ્યા. રહેવા માટે તો શું હોય ? એક નાનુંસરખું લાકડાનું બનાવેલું દેવળ હતું. દેવળની બાજુમાં પૅંડેનસનું એક ઘેઘૂર વૃક્ષ હતું. બસ, તેની છાયા તે દામિયાંનું નિવાસ-સ્થાન. રાતે પણ કંઈ પાથર્યા વિના, પતિયાના પ્રદેશમાં જે સામાન્ય જનની સ્થિતિ હતી એ પ્રમાણે એ ત્યાં સૂઈ રહેતા.

વહેલી સવારથી મોડી રાત સુધી તેમનું કામ ચાલુ રહેતું. માંદાંની માવજત કરવી, તેમનાં સડેલાં અંગ સાફ કરી ત્યાં પાટાપીંડી કરવાં, તેમને નવડાવવાં-ધોવડાવવાં, એ રોગથી જે મરતાં હોય તેમની પાસે પ્રભુસ્મરણ કરવું ને મરેલાંને માટે જાતે કબરો ખોદી તેમાં તેમને પોઢાડવાં, એ સતત કાર્ય પાસે તેમને પગ વાળીને બેસવાનો વખત નહોતો મળતો. ઉપરાંત, મોટી આપદા ત્યાં પાણીની હતી. તેને માટે દૂરદૂરથી પોતાના દુખતા ખભા પર તે હેલો ઍંચી લાવતા. એક વખત એક તોફાનમાં જ્યારે ઘાસનાં ઝૂંપડાંનો દાટ વળી ગયો, ત્યારે જાતે હોનોલુલુ જઇ લાકડાંનાં મકાન બંધાવી દેવા તેમણે પ્રયત્નો આદર્યા. ટાપુની બહાર આમ પગ મૂકીને પતનો ચેપ બહાર ફેલાવવાની શક્યતા ઊભી કરવા માટે તેમને સખ્ત નસીહતની ધમકી આપવામાં આવી. પણ એકંદરે તેમનો અવાજ સંભળાયો હતો. તેમને ઝૂંપડાં બાંધવા માટે પાટિયાં પૂરાં પાડવામાં આવ્યાં. ત્રણત્રણ માણસ પણ ન ઉપાડી શકે એવા એ પાટડા કાંધે ઉપાડીઉપાડીને તેમણે ત્રણસો ઝૂંપડાં બાંધ્યાં હાથમાં પાવડો, કોદાળી ને કૉશ પણ પકડયાં હતાં. બગીચા રચવામાં પણ તેમણે પોતાના રોગિષ્ટ ભેરુઓમાં ઉત્સાહ રેડયો હતો. નાગની રાખવામાં આવેલી ઇસ્પિતાલનું નામ કંઈ સાર્થક થાય એવા ઉપાયો પણ તેમણે લીધા હતા. માનવ-શબોને રઝળતાં એ કદી ન જોઈ શકતા અને તેથી કફન બનાવવાનો ધંધો પણ તેમણે કરેલો. મોલોકઇના વસવાટ દરમિયાન તેમણે લગભગ એક હજાર કફન જાતે બનાવેલાં. પણ આ સૌ કાર્ય કરતાં તેમનું વધારે મહાન કાર્ય તો હતું એ રગતપીતિયાંનું આંતરજીવન સુધારવાનું. અનેક દૂષણો તેમને ઘેરી વળ્યાં હતાં. પણ દામિયાંના ચારિત્ર્યનો પ્રભાવ નિબિડ અંધકારમાં પણ માર્ગ કરે એવો તેજસ્વી હતો. જાડાં અંધારાં તેમણે ઊલેચવા માંડયાં ને રોગિષ્ટ શરીર તથા મનવાળા મનુષ્યોમાં તેમણે ભગવાનની કૃપા ઉતારી.

દર રવિવારના પ્રાર્થના-પ્રવચનમાં તે હંમેશાં શરૂઆત કરતાઃ 'પ્યારા ભાઇઓ . . . .' પણ એક દિવસ, ૧૮૮૫માં તેમણે શરૂઆત કરી: 'વી લેપર્સ—આપણે રગતપિતિયાં . . . !' એ બે શબ્દો સાંભળીને શ્રોતાઓના દિલમાં તેજાબ રેડાયો હોય એવી ચણચણાટી વ્યાપી ગઈ. એ બે શબ્દોએ જાહેર (અનુસંધાન પાન ૩૮મે)

મૂર્તિશાસ્ત્ર પરિચય

આપણા જાણીતા યુવાન પુરાવિદ્ શ્રી અમૃતલાલ વસંતલાલ પંડ્યાનું નામ 'કુમાર'ના વાચકોને તો ખૂબ પરિચિત છે. કલા અને પુરાતત્ત્વ બંને વિષયોને સ્પર્શીને, જનસામાન્યને સમજાય તેવું આપણી પ્રાચીન મૂર્તિઓનું પ્રાથમિક અને રસભર્યું જ્ઞાન આપતી આ અંકથી શરૂ થતી આ લેખમાળાનું વાચન ન વિસરવાની અમારી ભલામણ છે.



મયૂરવાહન કાર્તિકેયની મૂર્તિ (દક્ષિણ-શૈલી). આ લેખમાં વર્ણવેલાં મૂર્તિનાં વિવિધ અંગો તેમાં દર્શાવ્યાં છે.

સાક્ષર કે નિરક્ષર, શહેરી કે ગામડિયો, કારીગર કે ખેડૂત, દરેકને પોતાની પાછલી પેઢીઓની ગૌરવગરિમા પ્રિય હોય છે; પ્રત્યેકને પોતાના ગૌરવવંતા ભૂતકાળની વાતો ચર્ચવામાં અનેરો આનંદ ઉપજે છે. આમ, પુરાતત્ત્વ તે માત્ર મુઠ્ઠીભર વિદ્વાનોના જ શોખનો વિષય નથી, પણ લોકસમાજના છેક છેલ્લા સ્તર સુધી તેનો પ્રવેશ છે. એ દૃષ્ટિએ પુરાતત્ત્વશાસ્ત્રની કેટલીક કાર્યપદ્ધતિઓને જો લોકભોગ્ય રીતે ટૂંકમાં રજૂ કરવામાં આવે તો, ગુજરાતમાં એ શાસ્ત્રની પ્રગતિ (કે જેમાં આપણે હિંદમાં સૌથી પશ્ચાત છીએ, તે)ને સારો વેગ મળે. આ હેતુને અનુલક્ષીને પ્રસ્તુત લેખમાળા લખવામાં આવી છે. એમાં ક્રમ પ્રમાણે મૂર્તિકળા, સ્થાપત્યકળા, ચિત્રકળા, સિક્કાશાસ્ત્ર અને પ્રાચીન લિપિશાસ્ત્રનો જનસાધારણ અને ગુજરાત પૂરતો પરિચય એવી રીતે રજૂ કરવાનો પ્રયાસ થશે કે જેથી સાધારણ શિક્ષિત વર્ગ, શિક્ષકો, વિદ્યાર્થીઓ ઇત્યાદિ સૌ પોતપોતાનાં સ્થળો કે વિસ્તારોમાં મળી આવતા પ્રાચીન અવશેષોને પિછાની તથા ન્યાય આપી શકે.

આપણાં જૂનાં ગામગામડાંમાં કે ભાગોળો પર, પ્રાચીન અવશેષોમાં જે ચીજ સૌથી મોટા પ્રમાણમાં મળી આવે છે તે મૂર્તિઓ. એ પછી, પ્રમાણની દૃષ્ટિએ, ઉત્તરોત્તર ક્રમમાં પ્રાચીન ઈમારતોના અવશેષો, પ્રાચીન સિક્કાઓ, પ્રાચીન લેખો ને પાળીઆ, પ્રાચીન હસ્તપ્રતો ને ચિત્રો ઈત્યાદિ આવે છે. એટલે આ લેખમાળામાં પહેલો મૂર્તિઓનો પરિચય આપણે કરીશું. તેમાં અભ્યાસદૃષ્ટિએ ઉપયોગી થઈ પડે તે હેતુથી સાથે અંગ્રેજી પર્યાયો પણ આપ્યા છે.

મૂર્તિનાં અંગો

ધર્મની દૃષ્ટિએ મૂર્તિઓના ચાર વર્ગ છે: હિંદુ મૂર્તિઓ, બૌદ્ધ મૂર્તિઓ, જૈન મૂર્તિઓ ને આદિવાસીઓનાં દેવદેવીઓની મૂર્તિઓ. એ ધર્મોના દેવો જુદાજુદા હોવા છતાં કેટલાક દેવો તો બે કે તેથી વધુ ધર્મોમાં સામાન્ય છે. મૂર્તિઓ પત્થર, ધાતુ, લક્કડ, માટી તેમજ હાથીદાંતની પણ બનાવવામાં આવે છે. વળી કાગળ, ભીંત, વસ્ત્ર ને બીજી વસ્તુઓ પર ચિત્ર રૂપે પણ મૂર્તિઓ આલેખેલી મળી આવે છે. મૂર્તિનાં મુખ્ય અંગો નીચે પ્રમાણે હોય છે:

૧—પીઠ Pedestal; ૨—આસન Posture; ૩-આયુધ Emblem; ૪—પ્રતીક Symbol; ૫—વાહન Vehicle; ૬-મુદ્રા; ૭—અલંકાર Ornament; ૮—ભંગ Bend.

ઉપરાંત, હાથો અને મુખોની સામાન્ય અગર તો તેથી વધુ સંખ્યા (જે બધી મૂર્તિઓમાં સરખાં હોતાં નથી) તે ગૌણ અંગો છે. કેટલીક મૂર્તિઓની 'પીઠ' ઉપર, આસનની નીચે તલ ભાગમાં, અગર તો પૃષ્ઠ ભાગમાં ટૂંકા લેખો પણ કોતરેલા હોય છે. મૂર્તિઓ બધી દેવોની જ હોય એમ પણ માની લેવાનું નથી. મનુષ્યોમાં પણ ઐતિહાસિક વ્યક્તિઓ, યોદ્ધાઓ અને દાનવીરોની મૂર્તિઓ મળી આવે છે. પણ અહીં પહેલાં આપણે દેવમૂર્તિઓનો જ વિષય ચર્ચીશું.

મૂર્તિ કયા દેવની છે તે મુખ્યત્વે તેનાં નીચેનાં અંગોના નિરીક્ષણથી જણાય છે: વાહન, પ્રતીક, હાથોમાં ધારણ કરેલાં આયુધો, મસ્તકો અને હાથોની સંખ્યા, મુખાકૃતિ અને મુકુટ. એ સઘળાં જ અંગો કાંઇ બધી મૂર્તિઓમાં હોતાં નથી દાખલા તરીકે અમુક મૂર્તિઓમાં વાહન નથી પણ હોતાં. વળી પ્રાચીન મૂર્તિઓ આખેઆખી તો જૂજ જ મળી આવે છે,—મોટે ભાગે ખંડિત જ મળે છે; ને ખંડિત મૂર્તિઓમાં દેખીતીરીતે જ ઉપરના ઘણાખરા ભાગો ન હોઈ શકે, એટલે અવશેષ ભાગોના પરીક્ષણ ઉપરથી મૂર્તિને ઓળખવી પડે છે.

મૂર્તિ પુરુષદેવની છે કે સ્ત્રીદેવની, તે વક્ષસ્થલને જોતાં તુરત જણાઇ આવે છે. પછી દેવને ઓળખવા તેના વાહન તરફ દૃષ્ટિ ફેરવવી જોઇએ. જો હંસ હોય તો બ્રહ્મા, મૂષક (ઉંદર) હોય તો ગણપતિ, ઈત્યાદિ પણ વાહન બધી જ દેવમૂર્તિઓમાં હોતાં નથી, ને વળી ઘણીખરી મૂર્તિઓમાં તો અત્યંત નાનાં—માત્ર પ્રતીક રૂપે જ—આપવામાં આવે છે, એટલે બહુ ઝીણવટથી તપાસ કરતાં જ તે મળી આવે છે.

વાહન પછી મુખાકૃતિ જોવી જોઇએ. અમુક દેવનું મુખ, મુકુટ કે મસ્તક, પ્રકાર અને સંખ્યાની દૃષ્ટિએ વિશિષ્ટ હોય છે. દા.ત. બ્રહ્માનાં માથાંઓની સંખ્યા, ગણપતિની સૂંઢ, વિષ્ણુનો મુકુટ, પાર્શ્વનાથ(જૈન તીર્થંકર)ના મસ્તક પરની નાગફણા, અર્ધનારીશ્વરનો ચહેરો ઇત્યાદિ પરથી તે તે દેવોને ઓળખી શકાય છે. પરંતુ બરોબર ઓળખવા માટે હાથમાં ધારણ કરેલાં આયુધો ઇત્યાદિ તપાસવાનાં હોય છે; કેમકે બ્રહ્માની પેઠે ત્રિમૂર્તિ અને દત્તાત્રેયને પણ ત્રણ મસ્તક હોય છે (બ્રહ્માને ચાર હોય છે, પણ એક પાછળ હોવાથી મૂર્તિમાં માત્ર ત્રણ જ દેખાતાં હોય છે), એટલે આયુધોને જોતાં ચોક્કસપણે જણાઇ આવે છે કે દેવ કયા છે. જેમકે બ્રહ્માને જે ચાર હાથ હોય છે, તેમાંથી ઉપરના ડાબા હાથમાં 'કમંડલુ' (Spouted vessel or water-pot) અને જમણામાં 'અક્ષમાલા' (rosary)

ધારણ કરેલાં હોય છે; અને નીચેના હાથોમાંથી ડાબો 'વરદ' (વરદાન આપવાની) અને જમણો 'અભય' (નિર્ભય બનવાનું સૂચન કરતી) મુદ્રાઓ દાખવતા હોય છે. આ જોતાં તરત જણાઇ આવે છે કે એ બ્રહ્મા છે. તેવી જ રીતે વિષ્ણુના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે. સૂર્યના બંને હાથોમાં બે કમળ હોય છે.

મંદિરોમાં દર્શન કરવા વગેરેની ટેવને લીધે હિંદુ મૂર્તિઓને ઓળખી કાઢતાં હિંદુઓને વાર લાગતી નથી. જૈન મૂર્તિઓમાં તીર્થંકરની મૂર્તિઓ પણ જુદી તરી આવે છે. પરંતુ બૌદ્ધ મૂર્તિઓ આપણે ત્યાં ગુજરાતમાં જવલ્લે જ મળી આવતી હોવાથી તેમને ઓળખવા આપણે ટેવાએલા નથી. ભલભલા વિદ્વાનોને પણ ભૂલ કરતા મેં જોયા છે. આ નીચે આપેલી આકૃતિઓમાં દર્શાવેલા હાથોની સ્થિતિ ઉપરથી જૈન કે બૌદ્ધ બેઠી મૂર્તિઓ તરત ઓળખી શકાશે.



બુદ્ધની મર્તિ (બૌદ્ધ)



મહાવીરની મૂર્તિ (જૈન)

બૌદ્ધ ને જૈન મૂર્તિઓ વચ્ચેનો મુખ્ય તફાવત એ હોય છે કે બુદ્ધની મૂર્તિ વસ્ત્ર પહેરેલી હોય છે, જ્યારે જૈનમૂર્તિ વસ્ત્ર રહિત હોય છે. શ્વેતાંબર મૂર્તિઓમાં પાછળના ભાગમાં કૌપીનની રેખાઓ હોય છે. બુદ્ધ મૂર્તિની હાથની મુદ્રાઓ વિવિધ હોય છે, જ્યારે જૈન મૂર્તિઓ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે હથેલી પર હથેલી મૂકીને બેઠી હોય છે. આ તફાવત મોટામાં મોટો છે. વળી જૈન મૂર્તિઓમાં છાતીની વચ્ચોવચ 'શ્રી વત્સ'નું ચિહ્ન ખાસ નોંધપાત્ર હોય છે.

મૂર્તિપૂજા ક્યારથી ચાલુ થઈ તેનો ઇતિહાસ અથવા તો હિંદુ, જૈન તથા બૌદ્ધ ધર્મો ને સંપ્રદાયોની મૂર્તિકળા ઉપર શી શી અસર થઇ ને તેમનો એકબીજાનો શો શો સંબંધ, તે કંઈ આપણે અહીં તપાસવાની જરૂર નથી. અહીં આપણો ઉદ્દેશ તો મૂર્તિકળાનું જ્ઞાન સહેલામાં સહેલી રીતે મેળવવાનો છે; એટલે એ બીજી વિગતોનો પરિચય મૂર્તિશાસ્ત્રના પરિચય પછી સંક્ષિપ્ત રૂપે એકાદ જુદા લેખમાં કરીશું.

હિં દેવો

પૌરાણિક હિંદુધર્મમાં મુખ્ય દેવો ત્રણ છે: બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. એ ત્રણે મળી 'ત્રિમૂર્તિ'(Trinity) કહેવાય છે. બ્રહ્મા સૃષ્ટિના નિર્માતા છે, વિષ્ણુ તેના પાલક અને શિવ સંહારક છે. એ ત્રણેના સમ્મિલિત કાર્યથી સૃષ્ટિનો ક્રમ ચાલે છે. સૃષ્ટિની રચના થયા પછી બ્રહ્મા માટે કંઇ કામ રહેવું નથી, એટલે એ દૃષ્ટિએ તેમની ખાસ પૂજા થતી નથી. વિષ્ણુ પાલક રહ્યા એટલે તેને સૌકોઈ પૂજે; ને વળી શિવ સંહારક હોવાથી તેનાથી સૌ બીએ, એટલે તેમની ઉપાસના વિષ્ણુ કરતાં યે વધી ગઇ. એ ત્રણેની મૂર્તિઓ જોકે જુદીજુદી હોય છે, પણ થોડીક મૂર્તિઓમાં તે ભેગા પણ હોય છે. દાખલા તરીકે 'ત્રિમૂર્તિ'માં એ ત્રણે ભેગા હોય છે; શેષશાયી વિષ્ણુમાં તેમના નાભિકમળ પર બેઠેલા બ્રહ્મા પણ આવી જાય છે; 'હરિહર'માં વિષ્ણુ અને શિવ ભેગા હોય છે; ઈત્યાદિ.

આ ત્રણ મુખ્ય દેવો સાથે તેમની પત્નીઓ અને પુત્રો પણ જુદા રૂપે પૂજાય છે. વળી ગામડિયા લોકોના પોતાના કેટલાક જુદા દેવો પણ હોય છે ને તેમની ઉપાસના ખાણાખરા બનાવોમાં પૌરાણિક દેવો કરતાં યે પ્રાચીન કાળથી ચાલી આવે છે. એવા દેવોને 'ગ્રામદેવતા'ના વર્ગમાં મૂકવામાં આવ્યા છે. બીજા પણ વર્ગો છે, જે નીચે પ્રમાણે છે. તેમાં આવું = ચિહ્ન દેવની પત્ની માટે છે.

વર્ગ (૧) ત્રિમૂર્તિ

બ્રહ્મા = { સરસ્વતી, સાવિત્રી }
વિષ્ણુ = { શ્રીદેવી (લક્ષ્મી), ભૂદેવી (પૃથ્વી) }
શિવ = પાર્વતી
 — ગણેશ, સ્કંદ (સુબ્રહ્મણ્ય), ઐયાનુર

વર્ગ (૨) નવ ગ્રહ: સૂર્ય, ચંદ્ર, અંગારક (મંગળ), બુધ, બૃહસ્પતિ (ગુરુ), શુક્ર, શનિ, રાહુ અને કેતુ. વર્ગ (૩) આઠ દિગ્પાલ: ઇંદ્ર, અગ્નિ, યમ, નિઋતિ, વરુણ. વાયુ, કુબેર ને ઈશાન. વર્ગ (૪): દ્વારપાલ–અનેક છે. દા. ત. વિષ્ણુના દ્વારપાલ જય ને વિજય. વર્ગ (૫) યક્ષ, વિદ્યાધર, કિન્નર, ગંધર્વ વગેરે વર્ગ (૬) ગ્રામદેવતા: જેવા કે નાગ, સતી વગેરે. વર્ગ (૭) ઋષિ-મુનિઓ. વર્ગ (૮) સતો ને ભક્તો.

જૈન દેવો

જૈનમૂર્તિઓના વર્ગો નીચે પ્રમાણે છે: (૧) તીર્થંકરો-૨૪ છે ને એ સિવાયના બીજા દેવો 'પરિવાર દેવતા' કહેવાય છે. (૨) યક્ષ અને યક્ષી ૨૪; (૩) વિદ્યાદેવી ૧૬; (૪) વિદ્યાધરો; (૫) નાગેન્દ્રો; (૬) દિગ્પાલો; (૭) ચક્રવર્તીઓ; (૮) પંચપરમેષ્ઠીઓ; (૯) ગ્રહો; (૧૦) દ્વારપાલો; (૧૧) ક્ષેત્રપાલો; (૧૨) કેટલાક પરચુરણ દેવો.

બૌદ્ધ દેવો

સ્વર્ગમાં આદિ બુદ્ધે (જેમનું બીજું નામ વજ્રધર છે) ધ્યાન ધારી તપ કર્યું, એટલે તેમનાં પાંચ 'ધ્યાની બુદ્ધ' સ્વરૂપો થયાં. વળી એમના તપના પરિણામે એમના સ્વર્ગમાં જે બીજાં સ્વરૂપો થયાં તે સ્વર્ગિક બોધિસત્ત્વો કહેવાયા. આ સ્વર્ગિક બોધિસત્ત્વોનું કામ પૃથ્વી પર કરવા માટે તેમનાં જે સ્વરૂપો પૃથ્વી પર થયાં તે મૃત્યુ બોધિસત્ત્વ કહેવાયા. આ છેલ્લા બોધિસત્ત્વો-જ્યારેજ્યારે માનવજાત પર ભીડ પડે છે ત્યારેત્યારે તેના ઉદ્ધાર માટે અવતાર ધારણ કરે છે. એ અવતારોમાંના છેલ્લા થઈ ગયા તે ગૌતમ બુદ્ધ; અને હવે પછીથી, હિંદુઓના 'કલ્કિ'ની જેમ, અવતરવાના છે તે 'મૈત્રેય'. આ બોધિસત્ત્વોની સંખ્યા વિષે મતભેદ પ્રવર્તે છે. સામાન્ય ગણત્રી સાતની છે. પણ તિબેટવાસીઓ નવ ને સિલોનના બૌદ્ધો ચોવીસની સંખ્યા માને છે. 'આદિ' અને 'ધ્યાની' બુદ્ધોનાં સ્ત્રીસ્વરૂપો 'શક્તિ' કહેવાય છે.

બૌદ્ધ મૂર્તિઓના વર્ગ નીચે પ્રમાણે છે: (૧) આદિબુદ્ધ (વજ્રધર). તેની 'શક્તિ' પ્રજ્ઞાપારમિતા; (૨) ધ્યાની બુદ્ધો-જેવા કે વૈરોચન, રત્નસંભવ, અમિતાભ વગેરે; (૩) સ્વર્ગિક બોધિસત્ત્વો-દાખલા તરીકે અવલોકિતેશ્વર, વજ્રપાણિ; (૪) મૃત્યુ બોધિસત્ત્વો-જેવા કે ગૌતમ, મૈત્રેય; (૫) શક્તિદેવીઓ-જેમકે તારા; (૬) પરચુરણ દેવો-જેવા કે જમ્ભલ, ઇંદ્ર વગેરે.

આ પ્રત્યેક ધર્મોના દેવોની મૂર્તિનાં સ્વરૂપોની ક્રમવાર વિગત આપતાં પહેલાં આવતા લેખાંકમાં આસનો, આયુધ, પ્રતીક, મુદ્રા, અલંકાર, ભંગ ઇત્યાદિ ઓળખવા માટે સચિત્ર વિગતો રજૂ થશે.

અમૃતલાલ વ. પંડ્યા

સર રાધાકૃષ્ણન એક વ્યક્તિદર્શન

આ નીચેના ફકરાઓના લેખક ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠક બનારસ હિંદુ યુનિવર્સિટીની આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ તરીકે સર રાધાકૃષ્નના ખૂબ અંગત પરિચયમાં આવેલા છે; અને એ દૃષ્ટિથી કરાવાએલું આ નીચેનું વ્યક્તિદર્શન ગયા અંકમાં અપાએલા એમના જીવન પરિચયને વધુ ઉઠાવ આપનાર નીવડશે.



સર રાધાકૃષ્ણ પોતાનું લગભગ બધું જ કામકાજ પલંગ ઉપર કરે છે. એમનો પલંગ એટલે સારો પણ સાદો ખાટલો. સ્વર્ગસ્થ આચાર્ય આનંદશંકર ધ્રુવને હીંચકો બહુ પ્રિય હતો. એ હીંચકા પર બેસીને જ મોટા ભાગનું કામ કરતા. અત્યારે પણ હીંચકાવાળું ઘર એટલે ગુજરાતીનું ઘર, એમ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં મનાય છે. પૂ. માલવીયજીને ખુરશી, ટેબલ કે પલંગ ગમે તે ચાલે. પરંતુ સર રાધાકૃષ્ણને સામાન્ય મુલાકાતો લેતા, લખતા, વાંચતા તમે ખાટલા પર જ જોશો. અમારી રમૂજના જવાબમાં એમણે એક વાર કહેલું 'મારૂં લખાણ પલંગ પર જ શરૂ થયુ છે અને એના પર જ અટકશે !' એમની મુલાકાતે જનારે જરાયે ગભરાવું નહિ કે એ માંદા હશે ! પાછળ તકિયાને અઢેલીને લાંબા પગ કરી નીરાંતે કંઈક વાંચતા હોય, અથવા ખાટલા પર બેઠાબેઠા ડાબા સાથળ પર કાગળ રાખીને ઝડપથી લખતા હોય. તમારી વાતોના ઉત્તર દેતા જાય અને સાથેસાથે ઑફિસના કાગળો પર ઝપાટાબંધ કંઈક નોંધો કરતા જાય કે ટપાલમાં આવેલા પત્રો વાંચતા જાય. એમની ખુરશી અને ટેબલને એમણે ન્યાય આપ્યો જ નથી !

યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ, કાઉન્સિલ, કે કોર્ટ-મીટિંગમાં કે પદવીદાન સમારંભ જેવા પ્રસંગે એમનું બીજે જ રૂપે દર્શન થાય છે. નિશ્ચિત કાર્યક્રમ (એજન્ડા) પ્રમાણે સભા પાસેથી કામ લેવાની કળામાં તે પારંગત છે. પરિણામે જે કાર્યક્રમ બે કે ત્રણ કલાક લે તે એમને હાથે પોણા કે એક કલાકમાં પૂરો થઇ જાય. જે મોડા પડે એમણે માની લેવું કે એજન્ડા પૂરો થવા આવ્યો હશે ! બરાબર નિશ્ચિત સમયે જ એ કામ શરૂ કરે છે અને ઠરાવેલા સમયની પહેલાં પૂરૂં કરે છે. આ નિયમિતતાથી અનેક સભ્યોની શિથિલતા દૂર થઈ છે.

ચર્ચા દરમિયાન એ પ્રમુખ તરીકે હમેશાં તટસ્થ. પક્ષાપક્ષીથી પર રહીને એ પોતાનું પ્રમુખસ્થાન શોભાવે છે, એટલું નહિ પરંતુ પોતાના પ્રિય વિષયને (તત્ત્વજ્ઞાનને) વ્યવહારમાં ઉતારે છે. વિરુદ્ધ પક્ષની દલીલો એ બહુ માન ને ધ્યાનપૂર્વક સાંભળે છે અને એમનો જવાબ પણ પ્રમાણપુરઃસર આપેછે. દરેક બેઠકમાં એ બધા કાગળો વાંચીને અને વિગતોનો અભ્યાસ અગાઉથી કરીને જ જાય છે. જાહેર જીવનના અનુભવીઓને માલૂમ હશે કે મોટા ભાગના સભ્યો આવી તયારી કરીને કદિ જતા નથી, જેથી કોઈ વાર આખી સભા અવળી દિશાએ જ જતી રહે છે અને ચર્ચાનો મુખ્ય મુદ્દો ગૌણ બની જાય છે. સર રાધાકૃષ્ણ પ્રમુખ તરીકે આવું ભાગ્યે જ બનવા દેછે. કદિક કોઇ અગત્યનો ઠરાવ, ઠરાવ મૂકનારાની ખામીભરેલી રજૂઆત કે નબળા સમર્થનને લીધે અથવા ખોટા વિરોધને પરિણામે ઊડી જાય છે. એવા સંયોગોમાં, ભીષ્મની તીક્ષ્ણ શરવૃષ્ટિ સામે અર્જુનને બચાવવા દોડી જતા શ્રીકૃષ્ણ જેવા એ બની જાય છે. એ પોતે જ ઠરાવ સમજાવે અને પછી વિવેક ખાતર એ મૂકનારને પૂછે, 'કેમ ! તમે આમ જ કહેવા માગતા હતા ને ?' અને ઠરાવ પસાર થાય જ. આનું પરિણામ આજકાલ એવું આવ્યું છે કે સઘળા વિવાદાસ્પદ પ્રશ્નોની ચર્ચા એમના પ્રમુખપણા નીચે જ થાય, જ્યારે એમની ગરહાજરીમાં અન્ય પ્રશ્નો લેવાય અને હમેશનું કામ ચાલ્યા કરે.

એક વાર રમૂજમાં મેં એમને કહ્યું, 'સાહેબ, હું આપણી સેનેટમાં એક ઠરાવ મૂકવા માગું છું.' 'કયો ઠરાવ ?' એમણે પૂછ્યું. મેં ઠાવકે મોંએ કહ્યું, 'આ સેનેટ ઠરાવ કરે છે કે આ યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલરે, યુનિવર્સિટીનું કામકાજ સરલતાથી ચાલે તે સારૂ પોતાનું આરોગ્ય જાળવી રાખવું જોઇએ; અને એટલા માટે એમણે દરરોજ ફરવા જવું જોઇએ !' 'ઓહો ! એ તો ઘણું જ સારૂં. વારૂ, હવે મેં પણ થોડુંથોડું ફરવાનો નિશ્ચય કર્યો છે' એમના આરોગ્ય ઉપર કબજિયાતની અસર સામાન્યપણે રહે છે. અમારી વાત પછી એ હવે જેટલા દિવસ કાશીમાં હોય છે એટલા દિવસ સાંજના છ કે સાડા છ વાગ્યે કોઈ પણ રસ્તા પર ફરવા નીકળી પડે છે. બનારસ હિંદુ યુનિવર્સિટીનો ઘેરાવો પોણાચાર ચોરસ માઈલ છે, એટલે ફરવા જવાના રસ્તાઓની ખોટ નથી. રસ્તે ચાલતાં કોઈ પ્રોફેસરો કે વિદ્યાર્થીઓ મળી જ જાય. બધાની જોડે કંઇ ને કંઈ રમૂજભરી વાત કરતા જાય; અને પોતે વાઇસ ચૅન્સેલર છે–બહુ મોટા માણસ છે. એવું બીજાને ભાગ્યે જ લાગવા દે. એ ઘણીવાર કહે છે. 'અહીં હાસ્યનું વાતાવરણ બહુ ઓછું છે.' અને આ વાત યૂ પી.માં જતાં આપણને સાચી લાગે. ત્યાં અધિકાર-પ્રદર્શનનો શોખ ચેપી રોગ જેવો થઇ પડ્યો છે.

ફરતાં ફરતાં પરિચિત વ્યક્તિઓને એ પોતે જ પહેલાં બોલાવે કે સલામ કરે ! તમારે એમની જોડે ફરવું હોય તો ફરો, નહિ તો બીજે કામે જાઓ. વિદ્યાર્થીઓ આ તકનો લાભ ઉઠાવીને એમની જોડે ફરવા જાય છે અને પોતાની ફરિયાદો એમને સંભળાવે છે. એમ

વાઇસ ચૅન્સેલરને યુનિવર્સિટીના કયા ખૂણામાં કેવો કચરો પડ્યો છે એની ખબર પડે છે. વિદ્યાર્થીઓ પોતાની કૉલેજના પ્રિન્સિપલ પાસે સાચું બોલે કે ન બોલે, પરંતુ એમની આગળ તો તદ્દન નગ્ન સત્ય જ રજૂ કરે છે. એમની સરસ્વતીસેવા અને ઉચ્ચ ચારિત્ર્યની વિદ્યાર્થીઓ પર જે સજ્જડ છાપ પડેલી છે એનો જ આ પુરાવો છે.

❖

એમની વક્તૃત્વકળાએ એમની કીર્તિ અત્યંત વધારી છે એમ કહીએ તો ચાલે. ગમે તેવા શુષ્ક વિષયને એ રસભર બનાવી શકે છે અને શ્રોતાઓને મંત્રમુગ્ધ બનાવી દે છે. સામાન્ય વક્તા કરતાં બમણી કે ત્રણગણી ઝડપથી એ બોલે છે અને લગભગ ૩૫ થી ૪૫ મિનિટમાં પોતાનું વક્તવ્ય પૂરું કરે છે. જે કંઈ ઉપયોગી કહેવાનું હોય એ ૪૫ મિનિટમાં કહી શકાય છે અને શ્રોતાઓને માટે લાંબ માં લાંબું ભાષણ પણ ૪૫ મિનિટનું જ બસ છે એવું એમનું મંતવ્ય હોય એમ લાગે છે. ગમે તેમ હો, મેં એમના બધાં ભાષણો આ મર્યાદાની અંદર જ રહીને સાંભળ્યાં છે.

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ગીતાક્લાસ ચાલે છે અને દર રવિવારે સવારે એમાં જુદાજુદા વક્તાઓ ભાષણો આપે છે જે દિવસે સર રાધાકૃષ્ણ બોલવાના હોય એ દિવસે જગ્યાની મારામારી. શહેરમાંથી પણ માણસો આવે. આ ઉપરાંત બહારગામથી કોઈ વિશિષ્ટ વ્યક્તિ આવે ત્યારે અથવા બીજા કેટલાક માંગલિક પ્રસંગોએ એમનું પ્રવચન હોય છે.

એમના ભાષણોમાં વાણી અને અર્થનો એવો સુમેળ હોય છે કે કાન એમને સાંભળતા જાય એની સાથોસાથ જ મન એના વિચારોમાં પરોવાતું જાય. એ પૂરું થાય તો ય મનમાં લાગ્યા કરે કે હજુ આગળ ચાલે તો સારું. માત્ર એકાદ શ્લોક કે વાક્ય લઈને એના વિવરણમાં જ બોલે; પણ ભાષણ પૂરું થઈ જાય ત્યાં સુધી સાંભળનારને લાગ્યા જ કરે કે કંઈક નવીન ને નવીન સંભળાયા કરે છે. સત્ય એક હોવા છતાં એની અનેક બાજુઓ હોય છે અને એ વિવિધ બાજુઓ બતાવવાની એમનામાં અખૂટ શક્તિ છે.

ભાષણો લખી વાંચવાની કે અગાઉથી ભાષણોના મુદ્દાઓ ટપકાવી લેવાની એમને ટેવ નથી. જેમ નળ ઉપર ડાટો ને પાણી નીકળે, એમ બોલવા ઊભા થતાં જ એમની વાગ્ધારા પ્રસંગાનુસાર શરૂ થાય છે. જોકે કમલા લેક્ચર્સ (કલકત્તા યુનિવર્સિટી) જેવાં વિશિષ્ટ ભાષણોની ટૂંકી નોંધ તેઓ તૈયાર કરી રાખે છે, પરંતુ વ્યાસપીઠ પર તો પોતાની સ્મરણશક્તિ પર જ આધાર રાખે છે. ઔચિત્ય ને ઉચ્ચારણ પરત્વે એમનાં ભાષણોમાં કોઈપણ ત્રુટી જોવામાં આવતી નથી. અંગ્રેજી શબ્દોના ઉપયોગમાં એમનું પ્રભુત્વ તો અનેક અંગ્રેજ વિદ્વાનોએ પણ વખાણ્યું છે. દાખલા તરીકે એક મહાપુરુષ માટે વપરાએલા પ્રશસ્તિના એમના આ શબ્દો જુઓ : 'Mild, but not weak; determined, but not oppressive; driving but not forcing; may he live with us for शरदां शतम् the recognized span of life by the Vedic Rishis.' પ્રસંગાનુસાર બદલાતો એમનો અવાજ એમના માનસિક ભાવો સૂચવી રહે. બાકી, એમનાં ભાષણો મનુષ્યની ઊર્મિલતા કરતાં બુદ્ધિમત્તાને વધારે ઉત્તેજનારાં હોય છે. ટેકામાં કાગળની એક ચબરખીની પણ મદદ લીધા વિના આટલાં વિચારપૂર્ણ ભાષણો અપાય — એ વાતે ઈંગ્લંડના શ્રોતાવર્ગને આશ્ચર્યચકિત કરી મૂકેલો !

❖

એમની ખાનગી મુલાકાત લેનારાઓએ લાંબી વાતચિતનો મોહ છોડવો અને વાર્તાચિતના મુદ્દા પણ યાદ રાખવા. સીધી કે આડકતરી એમની પ્રશંસા પણ ન કરવી. પ્રખર વક્તા હોવા છતાં ખાનગી વાતચિતમાં એ ઝાઝો સમય ગાળવાનું પસંદ કરતા નથી. એમના જવાબો એકદમ સ્પષ્ટ અને ટૂંકા હોય છે. જો નકામી વાતચિત હોય તો તમે 'नमस्ते' સાંભળશો ! મોટે ભાગે તો મુલાકાત લેનારને જ આપોઆપ લાગી જાય કે એમનો વધારે સમય લેવો ઠીક નથી, કારણ તમારી મુલાકાત દરમ્યાન પણ એમનું પોતાનું કામ તો ચાલુ જ હોય છે, અને બીજા મુલાકાતીઓ પોતાના વારાની રાહ જોતા બેઠા હોય છે !

❖

વિદ્યાર્થીઓએ એમની અભ્યાસપદ્ધતિ જાણવા જેવી છે. રેડિયોને એમના અભ્યાસગૃહમાં સ્થાન નથી. વર્તમાનપત્રો એમનો બહુ સમય લઈ શકતાં નથી. એમનો સમય વાચન કે લેખનમાં જ પસાર થાય છે. જે જે નવા ગ્રંથો વાંચે એમાંથી એક નોટબુકમાં નોંધ કરી લે છે. પછી એની નવી નકલ તે તે વિષયની પાકી ફાઈલમાં બંધાઈ જાય છે — એવી રીતે કે પોતાના ગ્રંથો લખતી વખતે, કઈ નોંધ કોની ને ક્યાં વાંચેલી એ બધું સવિસ્તર તરત જ મળી આવે. એમના ગ્રંથોમાં જે વિશાળ વાંચનના પુરાવા મળી આવે છે એનો પાયો આ ચોક્કસાઈપૂર્વકના વર્ગીકરણથી તૈયાર રાખેલાં ટાંચણો પર રહેલો છે. વાંચવાની એમની ગતિ પણ વેગીલી છે. મુલાકાતે જનારને આસપાસ નજર નાખતાં રોજ નવાંનવા પુસ્તકો નજરે પડવાનાં. પત્રોના ઉત્તરો લખવામાં ને પુસ્તકો પૂરાં વાંચી કાઢવામાં તેઓ એકસરખી ઝડપ રાખે છે.

એમનો મુખ્ય વિષય તત્ત્વજ્ઞાન, છતાં અન્ય વિષયોનાં પુસ્તકો પણ તેઓ ખંતપૂર્વક વાંચે છે, ને એમનું બહુશ્રુતપણું એમના વિશાળ વાચન અને ઊંડા અભ્યાસને આભારી છે વિજ્ઞાનના કેટલાએક પ્રધાન વિષયો—પ્રાણીવિદ્યા (બાયૉલૉજી), શરીરવ્યાપારશાસ્ત્ર (ફીઝિયૉલૉજી). પદાર્થવિજ્ઞાન (ફીઝિક્સ) વગેરેનો એમનો પરિચય એમનાં લખાણોમાં સ્પષ્ટરીતે તરી આવે છે આવા અભ્યાસ વિના આધુનિક વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાનીઓ (સાયન્ટિફિક ફિલૉસૉફર્સ)ના મતો પર એ તુલનાત્મક વિચારો ન પ્રકટ કરી શકત. એમના જેવા, ને એમનાથી યે વધી જાય એવા ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ આજે પણ હિંદમાં છે; પરંતુ સંકટમાં સપડાએલી અને અનેક વિચારવમળોમાં ગુચવાઈ ગએલી દુનિયા સમક્ષ, તત્ત્વજ્ઞાન એ કંઈ આળસુ, નવરા કે નિવૃત્ત થએલા માણસોની શુષ્ક તર્કપરંપરા નથી, પરંતુ સત્ત્વગુણવાળી, સમદર્શી માનવીઓના મસ્તિષ્કમાંથી ઉદ્ભવેલી વિચારમાલાઓ છે એ સપ્રમાણ સાબિત કરવાનું માન એમને ઘટે છે.

❖

મહાત્મા ગાંધીજીનો એક ટૂંકો પત્ર, પંડિત માલવીયજી અને શેઠ ઘનશ્યામ બિરલાજી સાથેની ટૂંક વાતચિત, અને સર રાધાકૃષ્ણ બનારસ આવીને બેસી ગયા ! જુવાન પ્રજાએ આ જાણવા જેવું છે કે મોટા પુરુષો માટે પણ આજ્ઞાપાલન જેવું કંઈક બંધન હજુ અસ્તિત્વ ધરાવે છે. મહાત્મા ગાંધીજીની સૂચના અને પંડિત માલવીયજીની ઈચ્છા એ એમને મન તો આજ્ઞારૂપ જ બની ગઈ અને એ અભ્યાસી આચાર્યે યુનિવર્સિટી જેવી જટિલ વહીવટી સંસ્થાના અધિકારનો મુકુટ પહેર્યો !

તત્ત્વજ્ઞાનીઓ તેમજ શિક્ષકો બંનેને સામાન્યરીતે વ્યવહારજ્ઞાન શૂન્ય-વેદિયા જ માનવામાં આવે છે, અને સર રાધાકૃષ્ણ તો આ બન્ને છે; એટલે એમના નેતૃત્વ નીચે બનારસ હિંદુ યુનિવર્સિટીની નૌકા કેમ ચાલશે એ વિષે ઘણાને શંકા હતી. પણ એમના છેલ્લા પાંચ વર્ષના વહીવટે આ શંકા દૂર કરી દીધી છે. એમણે તત્ત્વજ્ઞાનને વ્યવહારમાં ઉતાર્યું છે — જીવનમાં વણી લીધું છે, એમ કહીએ તો ચાલે. આખી યુનિવર્સિટીમાં પટાવાળાઓથી માંડી પ્રો-વાઇસ ચૅન્સલર

સુધીની વ્યક્તિઓ, એમના પ્રથમ દર્શને જ એમની પ્રશંસક બની ગઈ છે. જો કે ઘર છે એટલે બે વાસણ અથડાય પણ ખરાં; પરંતુ એવી ઘરગથ્થુ તકરારોમાં સર રાધાકૃષ્ણનું નામ કોઈ ન સંડોવે.

એમણે યુનિવર્સિટીના બજેટને સમતોલ બનાવ્યું, એનું દેવું ઘટાડ્યું, નોકરોનું પ્રોવીડન્ટ ફંડ વધાર્યું તથા પગાર વધાર્યા, યુનિવર્સિટીના શિક્ષણને વધારે વ્યવસ્થિત બનાવ્યું અને આશરે ૩૮ નવી શિષ્યવૃત્તિઓ ઉચ્ચતર શિક્ષણ માટે લઈ આવ્યા. આ એમની જ્વલંત સિદ્ધિઓ છે. જાતે દયાળુ હોવા છતાં, અપ્રામાણિક માણસોને દંડ દેતાં એ અચકાતા નથી. ખાનગી ભલામણો કે ચિઠ્ઠીઓ એમને ન્યાયના રસ્તામાંથી ચલિત કરી શકતી નથી.

❖

એમની લોકપ્રિયતાનો પુરાવો એક આકસ્મિક રીતે મળી ગયો. કોઈ ખબરપત્રીએ વાત વહેતી મૂકી (૧૯૪૨ના ઑગસ્ટમાં) કે વાઈસ ચૅન્સેલર હવે આ હોદ્દા પર ચાલુ રહેવા માગતા નથી. તરતજ એમના પર બહારથી મિત્રો અને હિંદુ યુનિવર્સિટીના શુભેચ્છકોના પત્રો આવવા માંડ્યા: 'કૃપા કરીને વાઇસ ચૅન્સેલર તરીકે ચાલુ રહો; યુનિવર્સિટીને આવે સમયે ત્યજી દેશો નહિ; વગેરે ' પ્રોફેસરોએ ભેગા મળીને એમને એક વિનતિપત્ર મોકલવા ઈરાદો કર્યો. વિદ્યાર્થીઓ એકદમ ખળભળી ઊઠ્યા: 'જો સર રાધાકૃષ્ણ ચાલ્યા જશે તો અમે ભૂખમરાની હડતાળ પર જઈશું, એમના રસ્તામાં આડા સૂઈ જઈશું, વગેરે.' પરંતુ વાત નિર્મૂળ હતી અને ચારપાંચ દિવસમાં જ શમી ગઈ.

ત્યાર પછી એ દિવસોમાં હિંદુ યુનિવર્સિટીએ જે યાતનાઓ સહન કરી છે એનું વર્ણન કરવાનો સમય હજુ દૂર છે. પંડિત માલવીયજીએ જેમ હિંદુ યુનિવર્સિટી સ્થાપી, એમ સર રાધાકૃષ્ણે એનો ૧૯૪૨ના ઑક્ટોબર મહિનામાં પુનરુદ્ધાર કર્યો એમ કહીએ તો એમાં અતિશયોક્તિ નથી, માત્ર ઐતિહાસિક હકીકત છે.

❖

૧૯૪૩ના ફેબ્રુઆરીની આખરમાં એક બાજુ ગાંધીજીના ઉપવાસ શરૂ થયા અને સર રાધાકૃષ્ણ પર એ જ અરસામાં ટાઇફૉઈડનો હુમલો થયો. વિદ્યાર્થીઓ પાછા હડતાળે ચડ્યા અને અશાન્તિના ભણકારા વાગવા માંડ્યા. તાવના હુમલાની શરૂઆતમાં જ આ વિષમ પરિસ્થિતિએ એમની ચિંતા વધારી. એમની પાસે જઈએ કે તરત પૂછે, 'ગાંધીજીના શા સમાચાર છે? છેલ્લામાં છેલ્લી ખબરો કેવી છે? વિદ્યાર્થીઓ શું કહેવા માગે છે? એમને જણાવો કે તમારા કરતાં મહાત્માજીના વિચારો હું વધારે સારીરીતે જાણું છું. શાંતિ જાળવો. યાદ રાખજો કે ગાંધીજી ઉપવાસથી નહિ મરે; પરંતુ જો તમે તોફાને ચડીને અત્યાર કરશો તો એ જાણીને ગાંધીજીને મરણતોલ આઘાત પહોંચશે.' ઊંઘમાં પણ તેઓ કંઇ આવું જ બોલતા! વધારે સારી સારવાર માટે એમને કલકત્તે મોકલવામાં આવ્યા અને હિંદને સદ્ભાગ્યે બંને મહાપુરુષો આપણી વચ્ચે રહ્યા.

❖

એમના હાથ તળે નોકરી કરનારને ભાગ્યે જ એમના અધિકારનો તાપ લાગે. એમના નીચેના અધિકારીઓનું એ માન જાળવે છે, એટલું જ નહિ પરંતુ તેઓમાં ખૂબ વિશ્વાસ મૂકે છે. એમના હૃદયમાં શંકાને સ્થાન નથી. કંઈ વિરુદ્ધ કરવાનું હોય તો 'મેં આવું સાંભળ્યું છે, તમારે કંઇ ખુલાસો કરવાનો છે?' એટલું એકાંતમાં બોલાવીને તરત કહી દે. એમની પોતાની કડકમાં કડક ટીકા એ જરાયે ઉશ્કેરાયા સિવાય સાંભળી શકે છે. રાજદ્વારી કે સામાજિક વિષયોની ચર્ચાઓમાં એ રસપૂર્વક ભાગ લે છે, પરંતુ એમનું દૃષ્ટિબિન્દુ તો તત્ત્વજ્ઞાનીનું જ. પોતાના વિચારો પ્રગટ કરવાની એમની નૈતિક હિંમત એમને જાહેર જીવનમાં મળેલા સ્થાનને અનુરૂપ છે. સરકારી હોદ્દાઓના મોહથી એ પર છે. એમનું ધ્યેય માત્ર 'યુનિવર્સિટી'–પછી એ હિંદની હોય કે હિંદ બહારની હોય. સરસ્વતીની સેવામાં સદાયે રાચતા આ મહાપુરુષને અંગે, પ્રખર કાવ્યવિવેચક પંડિત મમ્મટને ઉદ્દેશીને લખાએલું પ્રસિદ્ધ વાક્ય, શબ્દોના સહેજ ફેરફાર સાથે વાપરી શકાય કે

सा देवी हि सरस्वती स्वयमभूत् मद्रासुदेशे पुमान्

બાલકૃષ્ણ અમરજી પાઠક

દીનબંધુ દામિયાં

(અનુસંધાન પાન ૩૩થી)

કર્યું કે તેમને પણ રગતપિત્તનો રોગ લાગુ પડીચૂક્યો હતો. એ બે શબ્દોના ઉચ્ચારમાં સેવાધર્મને કાજે શહીદ થએલા એક બહાદુર આત્માના વીરત્વ અને શ્રદ્ધાનો રણકો હતો.

રોગીઓના નિકટ સહવાસે તેમને ચેપ લાગવાની તો પૂરી ખાત્રી હતી. એનું પરિણામ કલ્પીને જ તેમણે મોલોકઈમાં પગ મૂક્યો હતો. લગભગ દસ વર્ષ સુધી તે કેમ તંદુરસ્ત રહી શક્યા એ જ આશ્ચર્ય છે. જોકે આવ્યા પછી ત્રણ વરસે તેમને રોગનાં ચિહ્નોની શંકા તો ગઈ હતી; પણ પેલું સજાતીય સંશોધન તેમણે પહેલવહેલું ૧૮૮૫માં કર્યું હતું.

રોગે ધીરેધીરે પોતાનું કામ શરૂ કર્યું. તેમનો ડાબો કાન સારી પેઠે સૂજી ગયો, ભમરના વાળ ખરી પડ્યા અને શરીરના જુદાજુદા ભાગ પર ચકરડાંનાં ઘારાં પડવા લાગ્યાં. પણ આ વખતે તેમની ટેકણલાકડી બની શકે–તેમના કાર્યને પોતાને ખભે ઉપાડી લે એવા સાથીદારને ઇશ્વરે મોકલ્યો. તે ઇરા ડટન, જે બ્રધર જોસેફના નામથી પાછળથી પ્રસિદ્ધ થયા. એ અમેરિકન બાંધવે આવી તેમની ઘણી જવાબદારી સંભાળી લીધી.

પિસ્તાળીસમું વરસ ત્યારે વહેતું હતું. સાથે રોગ પણ ઠંડી ક્રૂરતાથી વધ્યે જતો હતો. પણ બાવા દામિયાંનું પ્રફુલ્લ વદન ઝાંખું ન થયું. તેમનો ઉત્સાહ ન ઓસર્યો. તેમનો કાર્યક્રમ હમેશ મુજબ ચાલુ હતો. કોઈએ જ્યારે આરામનું કહ્યું ત્યારે તેમના તરફથી જવાબ મળ્યો: 'આરામ? હવે આરામનો વખત નથી. જ્યાં આટલું બધું કરવાનું બાકી છે ને મારો સમય થોડો છે, ત્યાં આરામ કેવો?' પણ તેમને હૃદયમાં ટાઢક વળે એવા બનાવો બનતા રહ્યા. બહારથી પુષ્કળ પ્રમાણમાં મદદ મળવા લાગી ને કાર્યકરોનું એક દંગલ કહી શકાએ એટલા માણસો તેમની પાસે આવીને હાજર થયા. તેમાં ત્રણ સાધ્વી બેનો પણ હતી.

જાન્યુઆરી માસમાં ફાધર દામિયાંની ઓગણપચાસમી જન્મગાંઠ વહી ગઈ. માર્ચની ૨૮મીએ તે સાવ અશક્ત બની પથારીવશ થઇ ગયા. અને એ જ વર્ષ, ૧૮૮૯ની ૧૫મી એપ્રિલે, તેમને ઘેરી વળેલાં તેમનાં પ્યારાં રક્તપિતિયાં વચ્ચેથી તે હમેશ માટે સિધાવી ગયા.

મોલોકઈમાં પગ મૂકતાં જે વૃક્ષે તેમને આવકાર્યા હતા તેની છાયામાં, તેમની ઇચ્છા મુજબ, ફાધર દામિયાંનું છેલ્લું વિરામસ્થાન રચવામાં આવ્યું. પણ ૧૯૩૬ની ૨૭મી જાન્યુઆરીએ તેમના શબને બડી ધામધુમથી સ્વદેશ લઈ જવામાં આવ્યું.

જેની સામે જીવતાં બારણાં બંધ કરેલાં તેને મૃત્યુ પછી પોતાને શિરે વહી જગતે અભૂતપૂર્વ માન આપ્યું.

મકરન્દ દવે

કામ વિના કમાણું નહિ. જ્યાં શ્રમ છે ત્યાં શ્રી આવવાની જ.
માણસ નામથી નથી તરતો, કામથી તરે છે.

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર

સ્વર્ગ અને પૃથ્વી

ઇન્દ્ર : સુરગુરુ, એક દિવસ દૈત્યોને હાથે આપણે હાર ખાધી હતી. ત્યારે દેવો ને માનવોએ મળી સ્વર્ગને માટે લડાઈ કરી અને સ્વર્ગનો ઉદ્ધાર કર્યો. પણ હવે એ કરતાં યે મોટી આપદ આવી પડી છે.

બૃહસ્પતિ : મહેન્દ્ર, આપની વાત બરાબર સમજાતી નથી. સ્વર્ગ માટે કઈ આપદની આપને શંકા રહે છે ?

ઇન્દ્ર : સ્વર્ગ જ ક્યાં છે ?

બૃહસ્પતિ : 'સ્વર્ગ જ ક્યાં છે ?' એ કેવી વાત ! ત્યારે આપણે ક્યાં છીએ ?

ઇન્દ્ર : આપણે આચારવિચારમાં જ રહી ગયા. સ્વર્ગ કોણ જાણે ક્યારે ક્ષીણ થતુંથતું ધીમેધીમે ભૂંસાઇ ગયું એની ખબર જ ન પડી.

કાર્તિકેય : કેમ દેવરાજ, સ્વર્ગની બધી ક્રિયાઓ તો પૂરા ઠાઠથી ચાલી રહી છે.

ઈન્દ્ર : ક્રિયાઓ ને ઠાઠમાઠ તો વધ્યા છે,– દિવસને અંતે જેવો સૂર્યાસ્તનો ભપકો હોય છે તેમ. ત્યાર પછી અંધકાર. તમને તો ખબર છે, દેવસેનાપતિ, કે સ્વર્ગ એટલું બધું મિથ્યા બની ગયું છે કે હવે તેને માટે કોઈ પણ પ્રકારની આફતનો ભય સુદ્ધાં ચાલ્યો ગયો છે. દૈત્યોએ કોણ જાણે કેટલાયે યુગોથી તેના પર આક્રમણ કર્યું નથી એ તેના મનમાં જ આવતું નથી. આક્રમણ કરવા જેવું જ કૈં રહ્યું નથી. જ્યારે વચમાંવચમાં સ્વર્ગનો પરાભવ થતો ત્યારે એમ લાગતું કે 'સ્વર્ગ' છે. પણ જ્યારથી. . .

કાર્તિકેય:આપની વાત કૈંકૈંક સમજાય છે.

બૃહસ્પતિ : સ્વપ્નમાંથી જાગીએ ત્યારે ખબર પડે કે સ્વપ્ન જોયું, એમ ઇન્દ્રની વાત સાંભળીને લાગે છે કે જાણે કોઈ માયાની અંદર હતા. પણ તો યે હજુ ઊંઘ પૂરી ઊડી નથી.

કાર્તિકેય : મને શું લાગે છે એ કહું ? ભાથાની અંદર તીર છે, એ ભાથાનો ભાર લઇને ફરૂં છું, અને એમાં જ મન જડાઇ ગયું છે; બધું જ બરાબર છે; તેવામાં કોઈ બોલ્યું, 'એકવાર ચારે બાજુ નજર તો ફેરવી જુઓ.' જોઉં છું તો તીર છે પણ તાકવા માટે કોઇ નિશાન નથી. સ્વર્ગ માટે નિશાન જ રહ્યું નથી.

બૃહસ્પતિ : આમ કેમ થયું તેનું કારણ જાણવું જોઇએ.

ઇન્દ્ર : જે માટીમાંથી રસ ખેંચીને સ્વર્ગે પોતાનાં ફૂલો ખીલવ્યાં, તે માટી સાથેનો તેનો સંબંધ છિન્ન થઇ ગયો છે.

બૃહસ્પતિ : માટી આપ કોને કહો છો ?

· ગીત

માટીર પ્રદીપ ખાનિ આછે માટીર ઘરેર કોલે,
સંધ્યાતારા તાকায় তারি আলো দেখবে ব'লে.
সেই আলোটি নিমেষহত প্রিয়ার ব্যাকুল চাওয়ার মতো,
সেই আলোটি মায়ের প্রাণের ভয়ের মতো দোলে
সেই আলোটি নেবে জ্বলে শ্যামল ধরার হৃদয়তলে,
সেই আলোটি চপল হাওয়ায় ব্যথায় কাঁপে পলে পলে.
নামল সন্ধ্যাতারার বাণী, আকাশ হতে আশিষ আনি,
অমর শিখা আকুল হোলো মর্ত্য শিখায় উঠতে জ্বলে.

[અર્થ: ધરતીના ઘરને ખોળે માટીનું કોડિયું છે. સંધ્યા તારા તેનું તેજ જોવા તાકી રહ્યા છે. પ્રિયાની વ્યાકુળ નજર જેવો તેનો પ્રકાશ ટમટમે છે. એ પ્રકાશ માવડીના અંતરની ધાક પેઠે ડોલે છે. એ પ્રકાશ શ્યામલ ધરણીને હૃદયે જલે છે ને બુઝાય છે. એ પ્રકાશ પળેપળે ચપળ પવનથી વ્યથાભર્યો કાંપે છે ત્યાં તો આકાશમાંથી આશિષભરી સંધ્યા-તારાની વાણી આવી. મર્ત્યની શિખા જલી ઊઠી એટલે અમર તેજની શિખાં આકુલ બની.]

ઇન્દ્ર : પૃથ્વીને જ તો. યાદ છે ને, કે એક દિવસે મનુષ્યે સ્વર્ગમાં આવી દેવના કાર્યમાં સહાય કરી હતી, અને દેવોએ પૃથ્વી પર ઊતરી માણસને માટે યુદ્ધમાં અસ્ત્રો ધારણ કર્યાં હતાં ત્યારે સ્વર્ગ ને મર્ત્ય સત્ય રૂપે હતાં, એટલે જ તે સત્યયુગ કહેવાય છે. એ પૃથ્વી જોડે જો મેળ ન રહે તો સ્વર્ગ શું પોતાના અમૃત પર જીવી શકવાનું છે ?

કાર્તિકેય : અને પૃથ્વીનું પણ એવું જ છે ના, દેવરાજ? માણસ હવે માટી સાથે મળતો જાય છે, કારણ કે હવે તેને પોતાના વીર્યમાં વિશ્વાસ રહ્યો નથી. કેવળ પદાર્થ પર વસ્તુ પર તેને ભરોસો છે. વસ્તુ માટે મારામારી ને કાપાકાપી ચાલે છે. સ્વર્ગનો સબંધ તૂટ્યો કે તેનો આત્મા વસ્તુને પદાર્થને ભેદીને પ્રકાશ તરફ આવી શકતો નથી.

બૃહસ્પતિ : પણ હવે ઉદ્ધારનો ઉપાય શો?

ઈન્દ્ર: પૃથ્વી સાથે ફરી યોગ સાધવો પડશે.

બૃહસ્પતિ : પણ દેવતાઓ જે રસ્તે થઇને પૃથ્વી પર જતા, તેને હવે કેટલો યે વખત થયો એટલે બધાં ચિહ્નો લોપાઈ ગયાં છે ત્યારે તો મને એમ લાગેલું કે ઠીક થયું હવે બરાબર સિદ્ધ થશે કે સ્વર્ગ તદ્દન નિરપેક્ષ, નિરાવલંબી છે. પોતે પોતામાં જ સંપૂર્ણ છે

ઇન્દ્ર : એક દિવસ બધા યે એમ માનતા. પણ હવે સમજાય છે કે પૃથ્વીના પ્રેમ હોય તો જ સ્વર્ગ જીવી શકે. નહિતર સ્વર્ગ સુકાઇ જાય. અમૃતના અભિમાનમાં એ વાત ભુલાઇ ગઈ. એટલે જ પૃથ્વી પર જવાના દેવમાર્ગનાં ચિહ્નો લોપ પામ્યાં.

કાર્તિકેય: દૈત્યોની હાર પછી આપણે આડે ખૂણે ફરતો ગઢ ચણીને સ્વર્ગને સુરક્ષિત કરી દીધું છે. તે પછી સ્વર્ગનું ઐશ્વર્ય સ્વર્ગની અંદર જ જમા થતું રહે છે બહાર ક્યાં યે તેનો ખપ રહ્યો નથી, અને તેનો નાશ પણ નથી. યુગયુગોથી વિના અડચણે તેની એટલી તો ઉન્નતિ થઈ રહી છે કે બહારના બધા એવાથી સ્વર્ગ બહુ દૂર પહોંચી ગયું છે. એટલે આજે સ્વર્ગ એકલું અટૂલું પડી ગયું છે.

ઈન્દ્ર : ઉન્નતિ હો કે અવનતિ હો, જે બધાથી અલગ પાડી દે એ જ નકામું. મહાન જ્યારે ક્ષુદ્રથી દૂર ચાલી જાય ત્યારે તેની મહત્તા તેને પોતાને જ ભારે પડે. સ્વર્ગનું તેજ આજ તેના માટીના કોડિયાથી દૂર પડીને ભૂતના ભડકા જેવું બની ગયું છે. લોકની સીમા વટાવી, એટલે પોતાની સીમા પણ વટાવી છે. છેક જ ભૂંસાઈ જવાની શિક્ષા કરતાં યે આ શિક્ષા તો ભારે. દેવલોકે પોતાને અત્યંત અણીશુદ્ધ રાખીને પોતાને જ એ વિશુદ્ધિની ઊંચી દીવાલોની અંદર બંદીવાન બનાવી દીધો છે. એ દીવાલોને ભાંગી ગંગાની ધારા માફક તેની અંદર મલિન મર્ત્યનો પ્રવાહ વહાવીએ ત્યારે તેનું બંધન છૂટે. તેના એ સ્વાતંત્ર્યના બંધનને છેદવા માટે આજે આમ મન હલી ઊઠ્યું છે. સ્વર્ગને હું ચેરાવા નહિ દઉં, બૃહસ્પતિ ! મલિનની સાથે, પતિતની સાથે, અભણની સાથે, દુઃખીઓની સાથે તેને ભળી જવું પડશે.

બૃહસ્પતિ : ત્યારે આપ શું કહેવા માગો છો?

ઇન્દ્ર : હું પૃથ્વી પર જઈશ.

બૃહસ્પતિ : પણ ત્યાં જવાનો રસ્તો જ બંધ છે. એ જ તો પંચાત છે ને?

ઇન્દ્ર : ત્યાં દેવતાઇ રૂપે હવે જઈ શકાય નહિ. મનુષ્ય રૂપે જન્મ લઈશ. જેવી રીતે નક્ષત્ર ખરી પડીને તેનું આકાશનું તેજ આકા-



શગાં જ ઓગળી દઇને ગાટી સાથે માટી રૂપ બની જાય છે, તેમ હું પૃથ્વી પર જઈશ.

બૃહસ્પતિ: આપને જન્માવે એવું હવે પૃથ્વી પર કુળ કયાં રહ્યું છે ?

કાર્તિકેય : વૈશ્ય હવે તો રાજ કરે છે, અને ક્ષત્રિય તો વૈશ્યોની સેવાર્થે લડે છે. બ્રાહ્મણ પણ વૈશ્યનો દાસ છે.

ઇન્દ્ર : કયાં જન્મવું એ મારી ઇચ્છા પર થોડું છે ? જ્યાંથી મને આકર્ષણ થશે ત્યાં મારૂં સ્થાન હશે.

બૃહસ્પતિ : આપ જે ઈન્દ્ર છો એ સ્મૃતિ કેમ કરીને . . . . . .

ઇન્દ્ર : એ સ્મૃતિનો લોપ કર્યે જ છૂટકો. ત્યારે જ હું ગર્ત્યવાસી થઇને ગર્ત્યની સાધના કરી શકું.

કાર્તિકેય : આટલા દિવસો સુધી પૃથ્વીનું અસ્તિત્વ જ ભૂલી ગયો હતો. આજે આપની વાત સાંભળીને અચાનક મન વ્યાકુળ થઈ ઊઠયું. એ જ તન્વી શ્યામા ધરણી સૂર્યોદય ને સૂર્યાસ્તને પંથે સ્વર્ગ તરફ કેવી ઉત્સુક દૃષ્ટિએ મીટ માંડે છે ! એ ભીરુતા ભાંગવાનો શો આનંદ ! એ વ્યથિતાના મનમાં આશા સંચારવાનું શું ગૌરવ ! એ ચન્દ્રકાન્તમણિ-કિરીટીની નીલામ્બરી સુંદરી કેમ કરીને ભૂલી ગઇ કે તે તો રાણી છે ! તેને શું ફરી યાદ દેવડાવી પડશે કે તે તો સ્વર્ગની ચિરદયિતા છે?

ઇન્દ્ર : મારે ત્યાં જઇને ત્યાંના દક્ષિણના વાયરામાં આ વાત મૂકી આવવી છે કે તેના વિયોગથી હવે સ્વર્ગમાં અમૃતનો સ્વાદ રહ્યો નથી, અને નંદનવનનાં પારિજાત કરમાઇ ગયાં છે. ને તેને વીંટળાઇને જે સમુદ્ર પડયો છે તે તો સ્વર્ગનાં આંસુ છે, અનંત કાળ માટે મર્ત્યમાં અમર બનાવી દીધેલું તેનું વિરહગીત છે.

કાર્તિકેય : દેવરાજ, જો અનુમતિ મળે તો અમે પણ પૃથ્વી પર જઇએ.

બૃહસ્પતિ : ત્યાં મૃત્યુના ઘુંઘટમાંથી અમૃતની જ્યોતિને એક વાર જોઈ આવીએ.

કાર્તિકેય: વૈકુંઠની લક્ષ્મીએ ત્યાંના માટીના ઘરમાં જ નિત્ય નૂતન લીલા વિસ્તારી છે, તેના રસથી કેમ વંચિત રહીએ ? મને લાગે છે પૃથ્વીને મારી જરૂર છે. હું નથી એટલે તો ત્યાં માણસ સ્વાર્થને માટે નિર્લજ્જ થઇને લડે છે, ધર્મને માટે નહિ.

બૃહસ્પતિ : અને હું નથી એટલે તો માણસ કેવળ સંસારને માટે સાધના કરે છે, મુક્તિ માટે નહિ.

ઈન્દ્ર : તમે ત્યાં જાઓ એ માટે તો હું ઉપાય કરતો રહ્યો છું. સમય પાકતાં જ તમે પાકા ફળની માફક પોતાના માધુર્યભારથી સહજ રીતે જ મર્ત્યમાં સરી પડશો. ત્યાં સુધી રાહ જુઓ.

કાર્તિકેય : કયારે ખબર પડે, મહેન્દ્ર, કે અગારી સાધના સાર્થક થઇ ?

બૃહસ્પતિ : એ શું છાની રહેવાની છે ? જ્યારે જયશંખધ્વનિથી સ્વર્ગલોક કંપી ઊઠે ત્યારે જાણવું કે . . . .

ઈન્દ્ર : ના, ના, દેવગુરુ, જયધ્વનિ ઊઠશે નહિ. સ્વર્ગની આંખોમાંથી જ્યારે કરુણાનાં આંસુ ગળી પડે ત્યારે જાણજો કે પૃથ્વીમાં મારો જય થયો છે.

કાર્તિકેય : ત્યાં સુધી, મને લાગે છે, આપ ધૂળના આવરણમાં કયાં સંતાઈ રહ્યા હશો એની ખબર જ નહિ પડે.

બૃહસ્પતિ : પૃથ્વીની મઝા જ આ સંતાકુકડીમાં છે ને ! ઐશ્વર્ય ત્યાં દરિદ્રવેશે દેખા દે; શક્તિ ત્યાં દુર્બળના ખોળે ઊછરે; પરાક્રમ ત્યાં પરાભવની માટીમાં પોતાના જયસ્થંભ રોપે. પૃથ્વીમાં જે દેખાય તેને માનવા જઇએ તો તો ભૂલ જ પડે. અને જે ન દેખાય તેના પર જ હમેશાં ભરોસો રાખવો જોઇએ.

કાર્તિકેય : પણ સુરરાજ, આપના લલાટમાંની ચિરોજ્જ્વલ જ્યોતિ આજે મ્લાન કેમ?

બૃહસ્પતિ : મર્ત્યે પધારવાના છો એવા ગૌરવની દીપ્તિ ઝળહળી ઊઠો.

ઈન્દ્ર: દેવગુરુ, જન્મની જે વેદના છે તે મને આજે પીડિત કરી રહી છે. આજે હું દુઃખને અભિસારે નીકળ્યો છું. તેનું આહ્વાન મને ખેંચે છે શિવથી જેમ સતીનો વિયોગ થએલો. સ્વર્ગના આનંદથી તેમ આજે પૃથ્વીની વ્યથાનો વિરહ જાગ્યો છે. એ વિરહે આજ દિન સુધી મારા મન પર દુઃખના ભારો લાદ્યા છે. હું નીકળ્યો છું એ વ્યથાને મારી છાતી સરસી ચાંપવા. પ્રેમના અમૃતથી એ વ્યથાને હું સૌભાગ્યવતી બનાવી દઇશ. મને વિદાય આપો.

કાર્તિકેય : મહેન્દ્ર, અમારા માટે રસ્તો કરી આપો. અમે ત્યાં થઇને તમને મળીશું. સ્વર્ગ આજે દુઃખની વહારે ધાઓ.

બૃહસ્પતિ: દેવરાજ, હું પંથની જ રાહ જોઉં છું. સ્વર્ગમાંથી રસ્તો કાઢો, નહિતર આપણી મુક્તિ નથી.

કાર્તિકેય : બહાર કાઢો, દેવરાજ, સ્વર્ગના બંધનમાંથી છોડાવો, મૃત્યુમાંથી થઇને અમારો પંથ કાઢો.

બૃહસ્પતિ : તમે તો સ્વર્ગરાજ છો. આજે તમે સ્વર્ગના તપનો ભંગ કરીને જાહેર કરી દો કે સ્વર્ગ તે પૃથ્વીનું જ છે.

કાર્તિકેય: જેઓ સ્વર્ગની પ્રાપ્તિઅર્થે પૃથ્વીનો ત્યાગ કરવાની સાધના કરતા હતા તેને હમેશાં તમે પૃથ્વી પર જ ધકેલતા. આજે એ જ રસ્તે સ્વર્ગને તમારે લઈ જવાનું છે.

ઈન્દ્ર: એ વિઘ્નમાં થઇને જ મુક્તિનો પંથ. . .

બૃહસ્પતિ: એ મુક્તિ જે પોતાના આનંદમાં જ હમેશાં વિઘ્ન જોડે સંગ્રામ કર્યા કરે છે.

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

વિનોદ કોઠારી

કસોટીના ઉત્તરો

(૧) ૧, ૩, ૪, ૭, ૮, ૯, ૧૧, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૫; (૨) ૨; (૩) ૧૭૨૮ માઈલ; (૪) દાખલામાં 'કુ મા ર કા ર્યા લ ય' એ પ્રમાણે સાત અક્ષરો અનુક્રમે ૦, ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ અંકને સ્થાને વાપરવા[illegible] આવ્યા છે. એ ચાવી લગાડીને અક્ષરોને સ્[illegible] અંક મૂકી દેવાથી દાખલો આમ આવી રહે $૨\frac{૧}{૩}+૧\frac{૩}{૪}=૨\frac{૧}{૩}\times૧\frac{૩}{૪}=૪\frac{૧}{૧૨}$; (૫) ઈ. ૧૬૬૩[illegible] ગિનીના અખાતમાંથી લાવવામાં આવેલ સોનામાંથી તે પહેલવહેલી ઇંગ્લંડમાં પાડવામાં આવી તેથી. (૬) સ.

હિમગિરિનું સૌન્દર્યદર્શન

આ અંકના મુખચિત્ર તરીકે આપેલું હિમાલય પ્રદેશનું રંગચિત્ર જેમની પીંછીમાંથી પ્રકટેલું છે તે જાણીતા કલાકાર શ્રી છગનલાલ જાદવે ગયા ઉનાળામાં કરેલી ત્યાંની સફર નીચેના પત્રોમાં સાદી પણ તાદૃશ શૈલીથી આલેખેલી છે. તેમાં હિંદી સરહદના કુલુમાંથી ૧૪,૦૦૦ ફીટ ઊંચો 'રૂતાંગ પાસ' ઓળંગતાં અનુભવેલી આપદા—અને આનંદ—નો ચિતાર ત્યાંના વાતાવરણનો સવિશેષ ખ્યાલ આપી રહેશે. દોઢેક માસના વસવાટ દરમ્યાન એમણે કરેલાં સાઠેક જેટલાં વૉટર કલર રંગચિત્રોનું એક નાનું પ્રદર્શન ગયે વર્ષે અમદાવાદમાં ભરાયેલું જેણે જોયું છે તેમને ત્યાંના નિસર્ગદેવતાની વિપુલ રંગસમૃદ્ધિ ને તેને પીંછીમાં ઉતારવાની શ્રી જાદવની તાકાત બંનેની પ્રતીતિ થઇ છે. આ અંકનું મુખચિત્ર તો કુલુમાંના તેમના નિવાસ પાસેનું જ દૃશ્ય છે, જેમાં હિમાચ્છાદિત ગિરિશૃંગોની રંગલીલાના દર્શન સાથે તેની ગોદમાંના ત્યાંના લાક્ષણિક વસવાટનો ખ્યાલ પણ આવી રહે છે.



આ પત્રોના લેખક કલાકાર છગનલાલ જાદવ

રૂતાંગ પાસ

સ્નોવ્યૂ, મનાલી; તા. ૩૦ ૫-૪૪.

પૂ. રવિભાઇ,

આ અગાઉ મારા અહીં પહોંચ્યાનો પત્ર લખ્યો હતો તે મળ્યો હશે. ત્યાર પછી મનાલી ગામની આજુબાજુ ફરવામાં, જોવામાં અને કામ કરવામાં બે અઠવાડિયાં ગાળ્યાં અને એ દરમિયાન વીસેક જેટલા સ્કેચ કર્યા. મનાલી એ કુલુથી ઉપર ૨૩ માઇલે છે. કુલુ કરતાં વધારે શાંત અને રહેવાની સગવડ માટે સારી જગ્યા હોઈ અમે અમારો મુખ્ય મુકામ અહીં જ રાખ્યો છે. અહીં ઘણી જોવા જેવી અને ફરવા જેવી જગ્યાઓ છે. તેમાં એક મુખ્ય રૂતાંગ 'પાસ' (ઘાટ) છે, જે અહીંથી પંદર માઇલ દૂર છે અને ઘોડા પર યા પગપાળા જવાય છે. જો કે હજુ રસ્તામાં બરફ ઘણો હોવાથી થોડા દિવસ પછી તે તરફ જવા વિચારીશું, કેમકે ત્યાં ગરમ કપડાં તેમ જ ખાવા-પીવાનાં સાધનોની સંપૂર્ણ તૈયારી કરીને જ જવું પડે છે.

ગઇ ૨૪મીએ અમે મહર્ષિ કલાકાર શ્રી રોરિકની મુલાકાત માટે તેમને એક પત્ર લખી માગણી કરી. જેના જવાબમાં તેઓશ્રી તરફથી ગઈ તા. ૨૭મીએ તારથી એક વાગ્યે બપોરના ભોજન (લન્ચ) માટે આમંત્રણ આવેલું. હર્ષ અને ક્ષોભની મિશ્રિત લાગણી સાથે તા. ૨૭મીએ બપોરે બરોબર ૧૨-૫૫ વાગ્યે અમે 'રોરિક હાઉસ' પહોંચ્યા. દરવાજામાં પેસતાં જ ટોડલા ઉપર નાની મૂર્તિઓ સીમેન્ટ વડે જડેલી જોઈ. પછી ઘરના મુખ્ય બારણે પહોંચ્યા.

શ્રી સ્વેતોસ્લાવ આનંદ સાથે અમને સત્કારવા આવી પહોંચ્યા. પ્રણામ કર્યાં, એકબીજાની ઓળખાણ કરી, આપના સમાચાર પૂછ્યા, અને પછી ભોજનાલયવાળા ઓરડામાં અમને લઈ ગયા. ત્યાં પ્રો. રોરિકના મોટા પુત્ર શ્રી જ્યૉર્જ અને બીજા બે રશિયન મહેમાનોની ઓળખાણ કરાવી. ત્યાર બાદ શ્રી સ્વેતોસ્લાવ અમને ઉપલે માળ લઈ ગયા, જ્યાં બારણામાં પેસતાં જ આપણા કોઈ તેજસ્વી હિમાલયવાસી ઋષિ સમા એ શ્વેત દાઢીધારી ભવ્ય પુરુષનાં દર્શન થયાં. અમે નમન કર્યું અને આશીર્વાદ લઈ તેઓશ્રીની બેઠકવાળા ખાસ ઓરડામાં ગયા. તે ઓરડો અનેક ચિત્રો અને કલાત્મક વસ્તુઓથી શણગારેલો છે. જોકે એ રીતે તો આખું યે રોરિક હાઉસ અનેક ચિત્રો અને સુંદર વસ્તુઓનું સંગ્રહસ્થાન છે. તેની શાંતિ અને ભવ્યતાની મન પર અદ્ભુત અસર થાય છે.

બેઠકો લીધા પછી એમણે સૌના સમાચાર પૂછ્યા અને ત્યાર પછી મારાં અગાઉ જોએલાં કોઈ ચિત્રોની છાપો યા કામના નમૂના માટે અભિપ્રાય વ્યક્ત કરતાં વાત શરૂ કરી. અને એ રીતે ભોજન પહેલાંનો લગભગ સવા દોઢ કલાક કોઈ સ્વપ્નસૃષ્ટિ જેમ તેઓશ્રીની વાણીના પ્રવાહમાં પસાર થઈ ગયો. આ દરમિયાન અનેક જાતની વાતો કરી. 'કુમાર' માટે, અમદાવાદના સંગ્રહસ્થાન માટે, ગુજરાતની કલા માટે, મુંબાઈની કલાશાળા માટે, આધુનિક ચિત્રકારો માટે, એમના પોતાના કલાધર્મ માટે, આમ અનેક વાતો થઈ. 'કુમાર' માટે વિગતો જાણી ત્યારે તેઓએ ખેદ અને હર્ષની મિશ્રિત લાગણી અનુભવતાં ઉદ્ગાર કાઢ્યા કે 'કોઇ પણ માસિકનું મૃત્યુ દુઃખદાયક છે. એને બચાવવું, સમૃદ્ધ કરવું તે લોકોનું કામ છે, પ્રજાનું કામ છે.' આ સિવાય બીજી આપની ભાવિ પ્રવૃત્તિઓ વિષે પૂછતાં અમે જણાવ્યું કે આપ બાકીનો આખો સમય માત્ર કળા પાછળ ગાળવા ઈચ્છો છો, ત્યારે પોતાનો આનંદ વ્યક્ત કરતાં બોલ્યા કે આ દિશામાં અમદાવાદ ઘણું કરી શકે. અમદાવાદમાં ધન છે; પરંતુ ધન એ સંસ્કૃતિ નથી, ધન છે ત્યાં સંસ્કૃતિ હોવી જોઇએ. સંસ્કૃતિનો પાયો કળા છે. એ ન હોય તેમાં અમદાવાદની શરમ છે.'

ત્યાર પછી ભોજનની તૈયારી હોવાથી બધા નીચેના ભોજનગૃહમાં ગયા, જ્યાં તેમની પદ્ધતિ પ્રમાણે ભોજન માટેનો મોટો મેજ છરીકાંટા, ચીનાઇ અને કાચનાં વાસણો, ફૂલો અને મીણબત્તીઓના દીવાથી શણગારેલો હતો. શ્રી સ્વેતોસ્લાવે મુખ્ય બેઠક શ્રી રોરિકની રાખી આજુબાજુ અમને બધાને ગોઠવ્યા. પછી મોટા રોરિક ભોજનગૃહમાં પધાર્યા તેના માનમાં બધા ઊભા થયા, અને પછી તેમની રીત પ્રમાણે ભોજનની વાનીઓ એક પછી એક આવવા લાગી.

આ દરમિયાન ખાસ કરીને શ્રી સ્વેતોસ્લાવે સૌના ખબર પૂછ્યા. અમદાવાદમાં સંગ્રહસ્થાન થવું જોઇએ એ વિષે ખાસ વાત ઉચ્ચારી. ધારે તો અમદાવાદના શ્રીમંતો ઘણું કરી શકે એમ એમનું માનવું છે. પરંતુ તે સાથે એમ પણ બોલ્યા કે બધા વાતો કરે છે પરંતુ ખાસ કોઇ કરતું નથી. છેવટે તેમનું સૂચન હતું કે અલિસબ્રિજ જેવા વૉર્ડમાં, કોઇ નાના રૂમમાં, ઓછી વસ્તુઓથી શરૂઆત કરવી અને યુવાન માણસો—નાના માણસો—એ દેશના નામે વસ્તુઓ ઉઘરાવવી. આ રીતે ભવિષ્યમાં એક સુંદર કામ થઇને ઊભું રહેશે.

વાતોમાં ને ભોજનમાં લગભગ કલાક વીતી ગયો. ત્યાર પછી ફરી ઉપરના ઓરડામાં જ્યાં અગાઉ બેઠા હતા ત્યાં ગયા. ત્યાં મધ્ય ઓરડામાં સજાવેલા ટીબેટન, ઇજીપ્શ્યન ભરતના નમૂના, પડદા, ચિત્રો, બુદ્ધની મૂર્તિઓ અને બીજી કલાત્મક વસ્તુઓ સમજાવવા લાગ્યા.

આ પછી મારા પોતાના કુલુ ખાતે કરેલા કંઇ સ્કેચ હોય તો જોવા માગ્યા. બંને પિતા-પુત્રોએ ચિત્રો સાથે જોયાં, જે એમને કામની સચ્ચાઈ અને પ્રમાણ બંને રીતે ગમ્યાં. ઉપરાંત શ્રી સ્વેતોસ્લાવે દેશી રંગ બનાવવા માટે અનેક સૂચનો કર્યાં જેની વિગતો ઉતારી લીધી છે.

છેવટે અમને તેઓશ્રીનું કેટલુંક સાહિત્ય અને ચિત્રછાપો ભેટ આપ્યાં અને એક ફોટો છબી પાડી બંને પિતાપુત્ર છેક દરવાજા સુધી મૂકવા આવ્યા. આમ છેવટના આશીર્વાદ મેળવી એ ચિરસ્મરણીય મહેમાનગીરીને યાદ કરતા અમે 'કૅસલ' (અમારે ઉતારે) આવ્યા.

તા. ૨૫-૬-૪૪

શ્રી સ્વેતોસ્લાવ તરફથી લાહોલ જવા માટે ખાસ આગ્રહ હતો. ઉપરાંત અહીંથી પણ પ્રિ. રોમન્સ અને બીજા પણ કેટલાક સજ્જનો તરફથી પણ એવી જ ભલામણ હતી, એટલે એ વિચારના બળે અમે ગઇ તા. ૧૫મીએ સવારે ત્યાં જવા નીકળેલા.

લાહોલ સાચે જ કોઇ નિરાળી દુનિયા છે. ત્યાંની ભૂમિ, કુદરત, માનવી, ઘર, રાચરચીલાં, ઘરેણાં, રહેણીકરણી, જાનવર, આપણી સૃષ્ટિથી તદ્દન જુદાં છે. આપણને એ કોઇ અસામાન્ય અને જુદી જ દુનિયા લાગે! બૌદ્ધ ધર્મની શરૂઆત પણ એ પરગણાથી જ થાય છે. એ ભૂમિમાં પ્રવેશ કરતાં પહેલી નજરે ધ્યાન ખેંચે એવું તત્ત્વ એ બૌદ્ધ ધર્મ છે. આખા યે રસ્તા પર સ્થળેસ્થળે આપણા ઓટલા જેવા આકારે પત્થરો ગોઠવેલા. તેની સપાટી પરના પત્થરો બૌદ્ધ ધર્મના ઉપદેશ અને તેમની જીવનકથાથી આલેખેલા હોય છે. ઉપરાંત, અંતરે અંતરે સામાન્ય સ્થિતિનાં બૌદ્ધ મંદિરો અને સ્તૂપો પણ હોય છે, જ્યાં એક-બે લામા (સાધુઓ) પૂજા અર્થે પડયા જ હોય છે. તેમનું કામ સાંજ-સવાર પૂજા વગેરે કરવા ઉપરાંત ઉપર જણાવેલા શિલાલેખો-બુદ્ધ ઉપદેશો અઠવાડિયામાં અમુક દિવસ યા પ્રસંગોએ ગામડાના લોકો સાથે બેસી વાંચવાના હોય છે.

આપણે ત્યાં આબુ જેમ ઉત્તર ગુજરાત ને મારવાડને જોડનાર છે, તેમ લાહોલ એ લદ્દાક તિબેટ અને આ તરફ કુલુની ખીણને જોડનાર છે. કુલુ કાંગરા જિલ્લામાં ગણાય છે. એ બંને પ્રદેશને છુટા પાડનાર ૧૪,૦૦૦ ફૂટ ઊંચી દીવાલ 'રૂતાંગ પાસ' છે.

આખો યે પ્રદેશ તદ્દન વેરાન, ઓછી વસતિવાળો ગરીબ અને નહિ જેવો ફળદ્રુપ છે. જ્યારે આ બાજુ કુલુ એ લીલોતરી, ફળદ્રુપતા અને સુંદરતાથી ભરપૂર છે. જોકે તદ્દન ઉજ્જડ અને વેરાન હોવા છતાં યે અહીંની અસાધારણ પર્વતરચનાને કારણે આ પ્રદેશે કોઈ ભવ્ય સુંદરતા ધારણ કરી છે. કાયમી હિમનો વાસ એ એની વિશિષ્ટતા છે. ચંદ્રા નદીનો જન્મ પણ લાહોલમાંથી જ થાય છે. આગળ જતાં ગંદલા અને કીલાંગની સરહદ પર ભાગા નદી મળતાં ચંદ્રભાગા થાય છે, જે પંજાબની મોટામાં મોટી પાંચ નદીઓમાંની ચિનાબ બને છે. તેને પડખે થઇને માનસરોવરથી નીકળેલી જેલમ કાશ્મીર તરફ ચાલી જાય છે. આ જ પ્રદેશમાં હિંદુઓનું છેલ્લું યાત્રાધામ ત્રિલોકનાથ છે. જો કે રસ્તો ખૂબ જ ખરાબ હોવાને કારણે અને બીજા સંજોગોને લઈ અમે ત્યાં જઈ શકયા નથી; પરંતુ રડયાખડયા સાધુઓ અનેક તકલિફ ઉઠાવી ત્યાં જવા પ્રેરાય છે. વ્યાસ (બીઆસ) નદીનું મૂળ પણ રૂતાંગ પાસની કંદરામાં જ છે, જે વ્યાસકુંડના નામે ઓળખાય છે. ચીનાબમાં બરફની શિલાઓ તરતી જાય છે. આ જ પ્રદેશમાં ગ્લેશિયર્સ (બરફના પ્રવાહો) જોવામાં આવે છે. આ રીતે આ પ્રદેશની અનેક વિશિષ્ટતાઓ છે. લોકો પણ પહેરવેશે, ઘાટે તદ્દન જુદા છે. રહેણીકરણી પણ બીલકુલ ભિન્ન છે. ખેતી પણ તદ્દન જુદા પ્રકારની છે. અહીંનાં વાવેતર મોટે ભાગે ઔષધિની વનસ્પતિનાં હોય છે, જેને વિષે પૂછતાં ખેડૂતોને તેના ઉપયોગની ખબર પણ હોતી નથી. એમની ભાષામાં નામ હોય, એટલે આપણે પણ ન સમજી શકીએ. જાણીતાં અનાજોમાં માત્ર ઘઉં અને મકાઇ જ થાય છે, અને તે પણ જોઇએ તે કરતાં ખૂબ જ ઓછાં. શાકમાં માત્ર થોડા બટાટા. આ સિવાય કોઇ જાતનું શાક હોતું નથી. આ કારણે એ આખા યે પ્રદેશને જોઇતી વસ્તુઓ કુલુથી યા સીમલાથી લઇ આવવાની હોય છે. આજકાલ વસ્તુસંગ્રહ કરવાની મોસમ છે, એટલે દરરોજ ઘેટાં, બકરાં, ઘોડા અને ગધેડાંની મારફત લાહોલી, લદ્દાકીઅન, ટિબેટીઓની અવરજવર કતારોના રૂપમાં ચાલુ જ હોય છે.

આ સિવાય પણ લાહોલ બીજી બધી રીતે જુદું પડે છે. તેનાં જાનવર પણ જુદાં છે. જાનવરોમાં ખાસ કરીને ગાય અને કૂતરાં છે. ગાયને આપણે ગાય ન કહી શકીએ,—સિવાય કે આપણને કહેવામાં આવે! આ પ્રદેશની ગાય ન તો ભેંસ છે ન તો ગાય છે. બેની વચ્ચેનું કોઈ પ્રાણી લાગે! પૂછડું પણ મોટું ઘોડા જેવું. જાણે મોટું ચમ્મર! ચમરી ગાય તો આ પ્રદેશ મૂકયા પછી તિબેટના રસ્તે આવે છે. લોકો તેનાં દૂધ-ઘી વાપરે છે. કસ્તુરી મૃગ અને બરફમાં વાસ કરનારાં બીજાં જાનવર પણ આ પ્રદેશના જંગલમાં થાય છે. રૂતાંગપાસ એ ઉત્તરમાં આવેલા લાહોલ, લદ્દાક, તિબેટ અને ચીનના માર્ગનું મુખ્ય દ્વાર છે. એ જ માર્ગે કીલાંગ પાસે થઇ પશ્ચિમ તરફ કાશ્મીર જવાય છે. અને પૂર્વ તરફ તિબેટ, માનસરોવર તથા કૈલાસની યાત્રાનો પણ એજ માર્ગ છે. આ બાજુ નૈઋત્ય ખૂણામાં કુલુની ખીણ છે.

ગઇ પહેલી તારીખે અમે ત્રણ ઘેટાં, એક ઘોડાવાળો એક કામ માટેનો માણસ, ૧૫ દિવસનું સીધું વગેરે લઇ વહેલી સવારે મનાલીથી નીકળ્યા. તેજ દિવસે સાત માઇલ ઉપર આવેલા કોઠી ગામે પહોંચ્યા. કોઠી કુલ ૮,૦૦૦ ફૂટ ઊંચું છે. ત્યાં ડાકબંગલો છે. તેમાં રહેવાની રજા મેળવેલી હોવાથી બપોરે ત્યાં થોડો આરામ કર્યો. સાંજે નાસ્તોપાણી કરી સૂઈ ગયાં. બીજે દિવસે સવારમાં ચાર વાગ્યે ઊઠયા. સરસામાન તૈયાર કર્યો અને સાડા છએ ચાલવાનું શરૂ કર્યું. સવારનો સમય હતો. ઠંડી પણ ત્યાંના પ્રમાણમાં અસાધારણ હતી. ધીરેધીરે માર્ગ કાપવા લાગ્યા. આ રસ્તો ખૂબ વિચિત્રતાઓથી ભરેલો છે. રસ્તે અનેક જાતના ધોધ આવે છે. દરેક ધોધ અવનવી રચનાવાળો છે. પાણીના વહેવા સાથે અવિરત ઘસારાથી વહેણની સપાટીની અનેક જાતની રચનાઓ થાય છે. એ કારણે પાણીના વહેવાની પણ અનેક રચનાઓ થાય છે. કોઠીથી એકાદ માઈલ આગળ જતાં સેંકડો ફીટથી પડતો જાડા દોરડાના કદનો એક ઊંચો ધોધ આવે છે, જે પવનના કારણે સુંદર ઝોલાં ખાય છે અને પ્રવાસીઓને બે ઘડી થંભાવી દે છે. એક ધોધ વળી સરકસના ખેલાડીઓની જાળી જેવી પાણીની રચના કરે છે. આવા તો સેંકડો ધોધ છે. એક ધોધની તો એવી રચના છે કે આખા રૂતાંગ પાસ ઉપર તે ભયંકર ગર્જના કરે છે જેના કારણે ભય પણ લાગે! વચ્ચે રસ્તામાં નાનાંનાનાં બાકાં આવે છે, જેમાંથી પહાડની કોઇ રચનાને લીધે સતત પવન આવે છે,—જાણે વીજળીનો પંખો ચાલ્યો! રૂતાંગ પર કાળા નાગ થાય છે, પણ તે ઝેરી હોતા નથી. લોકો તેમને હાથમાં પકડી દૂધ પાય છે. બીજી પણ એક ન મનાય તેવી વાત છે. કોઠી જતાં આવની (જે ખીણનો મેં સ્કેચ કર્યો છે) એક ખીણમાં એવી કોઈ વનસ્પતિ થાય છે કે જેને અડતાં વૃદ્ધ જુવાન

થઇ જાય! જોકે જ્યાં તે વનસ્પતિ થતી હોવાનું કહેવામાં આવે છે તે જગ્યા જ એવી છે કે કોઇ ન જઇ શકે! છતાં યે વૃદ્ધ યુવાન થયા હોય એવી પ્રચલિત વાર્તા છે. અનેક સંત સાધુ અહીં આવે છે. કેટલાક તપ કરે છે કેટલાક જડીબુટ્ટી માટે પણ આવે છે. એકાદ નાની મંડળી તો સોનું બનાવવાની પેરવીમાં છે અને થોડેઘણે અંશે સફળ પણ થઈ કહેવાય છે. એ લોકો એવી જડીબુટ્ટી શોધી શક્યા છે કે જે લોખંડને અડતાં સોનું બની જાય. પરંતુ અગ્નિમાં તપાવતાં તે મૂળ સ્થિતિમાં આવી જાય છે. હજુ તેમનો પ્રયત્ન ચાલુ જ છે. આવા તો ઘણા પરદેશી શોધકો પણ આવે છે. આવી ચમત્કારિક વાતો સાંભળતા, દરયો તથા ધોધ જોતા અને રૂતાંગ વિષે અનેક જાતની કલ્પનાઓ કરતા અમે આગળ ચાલ્યા.

પરંતુ રૂતાંગ પહોંચવું એટલું સહેલું નહોતું. કોઠીથી બે-અઢી માઇલ પૂરા થતાં એક પ્રચંડ દીવાલ આવી. તદ્દન સીધું ચઢાણ. માંડ બે ફર્લાંગ પણ ચડ્યા નહિ ત્યાં હોશ ચાલ્યા ગયા! ધીમે ધીમે મોઢાં ફિક્કાં પડ્યાં. હજુ તો સાડા ચાર માઈલના રસ્તામાં ૫,૦૦૦ ફીટ ઊંચે ચડવાનું હતું! (આજ આ લખતી વખતે તો એ વિચારે પણ કંપ આવે છે!) પરંતુ બીજો રસ્તો નહોતો. રૂતાંગ પાસ કરવો'તો, એની સુંદરતા માણવી'તી, અને ત્યાર પછી લાહોલ પ્રદેશ જોવો'તો. એકબીજાને હિમ્મત આપતા રસ્તો કાપવા લાગ્યા. પરંતુ માત્ર હિમ્મત આપવા-લેવાથી જ કામ સરે તેમ નહોતું. અંદરના બળની પણ જરૂર હતી. પગ ઢીલા થવા લાગ્યા. ઠંડી વધવા લાગી. પવન જોરથી ફૂંકાવા લાગ્યો. હોઠ સૂકાવા લાગ્યા. નાકમાંથી પાણી ચાલવા લાગ્યું. ઠંડી પણ અસહ્ય થવા લાગી. માંડ બે માઇલ કાપ્યા હશે, ત્યાં તો ગાત્રો તદ્દન ઢીલાં થઈ ગયાં. શરીર પરનો કાબુ ચાલ્યો ગયો. હજુ તો ત્રણ માઇલ તદ્દન ઊંચે જવાનું હતું અને ત્યાર પછી છ માઈલ ઊતરવાનું હતું; પરંતુ હમણાંથી જ આરામ લેવાની શરૂઆત થઈ ગઇ. ચાર ડગલાં ચાલીએ અને આરામ લેવો પડે. જેમ જેમ ઉપર જઇએ તેમતેમ મુશ્કેલીઓ વધવા લાગી. થાક વધવા લાગ્યો. ઠંડી વધવા લાગી. પવન જોરથી ફૂંકાવા લાગ્યો.

આ બધું હોવા છતાં યે અમને બરફ પર ચાલવાના કોડ હતા! અનેક દિવસોનું એ સ્વપ્ન હતું! રૂતાંગ વિષે જાતજાતની વાતો સાંભળેલી. આજે એનો સ્વાનુભવ કરવાનો હતો. એટલે શરીરને આગળ ને આગળ ધપાવ્યું.–એ વખતે શરીર અને મનની સ્થિતિ જુદી હતી. પગ શરીરને ઊંચકવા તૈયાર નહોતા,–અમારે તેમને આગળ ધકેલવાના હતા. આવી સ્થિતિ હોવા છતાં યે રસ્તો તો ધીમેધીમે કપાતો હતો. એની સાથે તકલીફો પણ વધવા લાગી. આ વખતે હોઠ તદ્દન ફાટીને તેનાં છોડાં ઊખડવા લાગ્યાં. નાકના ઉપરના ભાગમાં ચારણી જેવાં છિદ્રો પડી ગયાં. ઊજળી ચામડી શ્યામ બની ગઈ.

આમ ધીમે ધીમે ત્રણ માઇલ ચડી ગયા. ત્યાં અમારા માટે એક આશાનું કિરણ દેખાયું. બરફે અમારા પગને સ્પર્શ કર્યો! અમારા વિજય માટે અમને હર્ષ થયો. જોકે એ હર્ષ દર્શાવવામાં દમ નહોતો. તેને માત્ર ફિક્કું હાસ્ય કઈ શકાય! છતાં યે અમારા વિજયના ઉત્સવ તરીકે થોડો બરફ મેં હાથમાં લીધો. રમેશભાઈ ઘોડા પર હતા. કુસુમબેન અને હું ચાલતાં હતાં. અમે બરફથી થોડી રમત કરી. નાનાં છોકરાં રેતીથી રમે તેમ અમે એક બીજાપર બરફ નાખ્યો. થોડો મોઢામાં પણ મૂક્યો. કુસુમબેને બરફ પર નામ લખ્યાં. મેં એક કુલુ કન્યાનો બરફની સપાટી પર સ્કેચ કર્યો.

હવે અમે આગળ ચાલ્યા અને બરફ પર ચાલવાનો અમારો આનંદ ઓસરવા લાગ્યો. ધીમેધીમે પગમાં ઠંડી પેસવા લાગી. ઉપરથી સખત પવન. પગમાં પારો ચઢે તેમ શરદી શરૂ થઈ ગએલી. અને હવે બરફ આનંદના બદલે દુઃખમાં પરિણમવા લાગ્યો. ત્રાસ વધતો ગયો. રસ્તો પણ વધુ ખતરનાક આવવા લાગ્યો. બરફમાંથી જરાકે સરકીએ તો હજારો ફીટ નીચે ચાલ્યા જઇએ; એક ચૂરો પણ હાથ ન આવે!

૧૨૦૦૦ ફીટની ઊંચાઇ પર એક ભયંકર રસ્તો આવ્યો. સાડ સિત્તેર ફૂટ લાંબો હશે. નીચે હજારો ફીટની ખાઈ હતી. પણ ચૂક્યા તો પરબારા ઈશ્વરને ધામ! દર વરસે ત્યાં કેટલા યે ભોગ બને છે. જાનવર તો અવારનવાર મરે જ છે. અમે જવાના હતા ત્યારે પણ એક ઘોડો પડેલો, હમણાં બીજો એક પડ્યો. એ રસ્તો ખરેખર ભયંકર છે. રસ્તાની નીચેથી પાણીનું સતત વહેણ ચાલતું હોય, એટલે એનું તળિયું પોલું હોય. પણ ઉપર રસ્તા જેવો રસ્તો દેખાય, એટલે જાનવર યા માણસ કયે વખતે ખતરામાં આવી પડે તે ન કહેવાય; એ વખતે માત્ર ઈશ્વરનું સ્મરણ જ સહાય રૂપ થાય. ગમે તેવો નાસ્તિક પણ અહીં આસ્તિક બની જાય. એ માર્ગ એ મૃત્યુનું મોં કહી શકાય. એ રસ્તો પણ ઈશ્વરે પસાર કરાવ્યો.

હવે કંઈક હોશ ઠેકાણે આવ્યા અને આગળ ચાલવા માંડ્યું. હજુ પણ રૂતાંગ એક માઇલ દૂર હતું. આ સિવાય પણ અનેક ખતરાવાળા રસ્તા હતા. પરંતુ આ એ બધામાં કપરામાં કપરો હતો.

હવે બીજી મુશ્કેલી વધવા લાગી. આખે રસ્તે બરફ જ ખૂંદ્યો હતો એની પગમાં અસર વધવા લાગી. પગ ઠંડા થવાને બદલે દાઝતા હોય એવું થવા લાગ્યું. જાણે તદ્દન જ બહેર મારી ગયા ન હોય! જે બરફ જોઇને થોડા ઉત્સાહિત બનેલા એ દુઃખનું સાધન બન્યું. ધીમે ધીમે તેની વેદના વધવા લાગી. ઠંડી અને પવન પણ પૂર બહારમાં હતાં. એ ઝીલવાને શરીરની તાકાત નહોતી, આમ કરતાં અર્ધો માઈલ કાપી નાખ્યો.

છેવટે, જેને માટે આટલી યાતના વેઠેલી, જેનાં દર્શન માટે તમન્ના સેવેલી તેની સમીપ આવવા લાગ્યા. અમારામાં કંઈક ચેતન આવવા લાગ્યું. મનની સ્થિતિએ કંઈક પલટો લીધો. અંદરથી હર્ષનું એક નાનું ઝરણું ફૂટ્યું. રૂતાંગ પાસના બે મોટા ટોડલા ધીમે ધીમે ઊંચા આવવા લાગ્યા અને પછી ધીમેકથી જ્યોતનાં દર્શન થયાં. (પહાડીઓ પર્વતના હિમાચ્છાદિત શિખરને જ્યોત કહે છે.) કોઈ વિશાળ રંગભૂમિનો પડદો ઊઘડે અને અદ્ભુત દૃશ્યનાં દર્શન થાય તેમ અમારા ચાલવાની સાથે જ દૃશ્ય ઊઘડતું ગયું. આ વખતે બરોબર બપોરના અઢી થયા હતા. સૂર્ય પ્રખરપણે તપી રહેલો હતો અને 'જ્યોત' પણ તેનાં પ્રતિબિંબ ઝીલી રહી હતી. આખી પર્વતમાળા એક તેજપુંજ હતી—શ્વેત પ્રકાશની જ્વાલા હતી. અવનવાં રૂપધારી શિખરોની નવપર્વતની હારમાળા હતી. જાણે સમગ્ર વિશ્વની કોઈ ભવ્ય મંગળ આરતી! જેનાં દર્શન એક વિશ્વની લીલાનું રહસ્ય સમજાવે છે. એ દર્શન સાચે જ કલ્યાણકારી અને પરમ સુખની ઝાંખી કરાવનારૂં હતું. એનું ચિત્રાલેખન એ કુદરતની હાંસી છે એનું દર્શન-સ્મરણ એ જ જીવનની સાર્થકતા છે, જીવનનું પરમ સુખ છે, સિદ્ધિ છે.

છગનલાલનાં વંદન

ટિકિટસંગ્રહ કરવા વિષે

૯—દગાસામે તકેદારી: (૧) ગ્રિલ

આ અંકમાં દર્શાવ્યા મુજબ ઇંગ્લંડની ટિકિટોમાં જેમ પ્લેટ નંબર મુકાતા, તેમ અમેરિકામાં અમુક કાળ સુધી ટિકિટો છપાયા પછી તેના કાગળ ઉપર એક પ્રકારની જાળીના જેવી ભાત ઉપસાવવામાં આવતી. તેને 'ગ્રિલ' (Grill) કહે છે. કાનસના જેવી કરકરિયાળી અડી ઉપર કાગળને મશિનમાં દબાવીને એ ભાત પાડવામાં આવતી ભાત જો ટિકિટની સવળી બાજુ પર ઉપસતી જણાય તેમ પડાતી તો તેને 'પૉઈન્ટ્સ અપ', અને તેથી ઉલટી—પાછળની અવળી બાજુ પર ઉપસતી પડાતી તો તેને 'પૉઈન્ટ્સ ડાઉન' ગ્રિલ કહેવાતી. એ જાળીનું કોઈ એક ચોક્કસ માપ ન હતું; પણ ટિકિટોના પરફોરેશનના માપથી—એટલે કે બે સેન્ટીમીટરના ટિકિટના ગાળામાં જેટલાં પરફોરેશન આવે તે મુજબના લગભગ માપમાં આવતાં જાળીનાં ખાનાંના હિસાબે ગણાતી. એ રીતે ૯×૧૩ ૧૧×૧૩, ૧૩×૧૬, અને ૧૮×૧૫ મિલિમિટરના માપની ગ્રિલોવાળી ટિકિટો મળી આવે છે.

વપરાએલી ટિકિટો પરથી ટપાલના સિક્કાના ડાઘ ધોઈ સાફ કરી નાખીને તેને ફરીથી વાપરતા લોકોને અટકાવવા માટે આ ગ્રિલ પાડવાની યુક્તિ અમેરિકાએ શોધી કાઢેલી. જાળી વડે પડેલા ખાડાના ભાગમાં ટપાલના સિક્કાની શાહી ઊંડે ભરાઈ જતી હોવાથી તે સાફ થઇ શકતી નહિ. ઈ. ૧૮૬૭થી ૧૮૭૫ સુધીની અમેરિકાની ટિકિટો ઉપર આ ગ્રિલ પાડવાની પ્રથા રહી. એ પ્રકારની ટિકિટોમાં પણ થતી ભૂલો અથવા વિશિષ્ટતાઓ ટિકિટોની કિંમત વધારવામાં કારણભૂત બની છે. એ ગ્રિલવાળી ટિકિટોના સમૂહમાં ક્વચિત કોઇકોઈ ટિકિટો ગ્રિલ વિનાની પણ નીકળેલી; અને કોઈવાર ભૂલથી કોઈ ટિકિટોના કાગળ ઉપર બેવડી ગ્રિલ છપાઇ ગએલી. આથી એ સમયના ગાળાની આવી ગ્રિલ વગરની કોરી, અથવા બેવડી ગ્રિલ પડેલી ટિકિટોના ભાવ નિષ્ણાતો તરફથી વધારવામાં આવે છે. એટલે જેમની પાસે ૧૮૬૭ થી ૧૮૭૫ના વર્ષના ગાળાની અમેરિકાની ટિકિટો આવે તેમણે તેની ગ્રિલ તપાસવાની તકેદારી રાખવી.

હરિલાલ બૅંકર

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો ૪૦મા પાને છાપ્યા છે; પણ તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે કેટલા ઉત્તર શોધી કાઢો છો તે જુઓ.

(૧) એક વહાણમાં ગોરા ને કાળા મુસાફરો મળી ૨૬ માણસો હતા. વહાણને તોફાન નડતાં હોડીઓ ઉતારી જીવ બચાવવાની કટોકટી ઊભી થઇ. પરંતુ વહાણમાંની હોડીઓ ફક્ત અરધા માણસો પૂરતી જ હતી. એટલે કૅપ્ટને એમ ઠરાવ્યું કે પોતે બધા માણસોને હારબંધ ગોઠવી ગણત્રી કરતો જાય, અને ૧૩નો આંકડો અપશુકનિયાળ હોઇ જે માણસ તેરમો આવતો જાય તે કમનસીબ ઠરી બહાર નીકળતો જાય. અને આમ ઉપરાઉપર સળંગ ગણત્રી કરતા કરતાં જ્યારે અરધા માણસો બાતલ થઇ રહે ત્યારે બાકી રહેલા અરધા હોડીઓમાં બેસી પોતાનો જીવ બચાવે, અને કમનસીબ ઠરી બાતલ નીકળેલા માણસો વહાણ સાથે પોતાનું નસીબ જોડી જીવે કે મરે. કૅપ્ટન ગોરો હતો, તેથી તેણે એવી યુક્તિપૂર્વકના નંબરો ઉપર ગોરાઓને ગોઠવ્યા કે બધા જ ગોરા બચી ગયા ને કાળા બધા ડૂબી મૂઆ. તો એ કયા ક્રમમાં ગોઠવ્યા હશે?

(૨) એવો કયો અંક છે કે જેના બે આંકડાની વચ્ચે વત્તા(+)નું કે ગુણાકાર (×)નું ગમે તે ચિહ્ન મૂકો તોપણ પરિણામ સરખું જ આવે?

(૩) ચીનની જંગી દીવાલની લંબાઇ કેટલી છે?

(૪) નીચેના દાખલામાં કુલ સાત આંકડા વાપરવામાં આવ્યા છે. તે કયા છે તે શોધી કાઢો. સરળતા ખાતર જણાવીએ કે તેમાં ૭, ૮ અને ૯ એ ત્રણનો ઉપયોગ નથી કર્યો.

$$\text{૨}\frac{\text{મા}}{\text{લ}} + \text{મા}\frac{\text{લ}}{\text{ય}} = \text{૨}\frac{\text{મા}}{\text{લ}} \times \text{મા}\frac{\text{લ}}{\text{ય}} = \text{યાં}\frac{\text{મા}}{\text{કાકુ}}$$

(૫) સોનાના સિક્કાનું નામ 'ગિની' શા ઉપરથી પડ્યું?

(૬) 'હાફુસ કેરી'ની મધ્યમાં શું હોય છે?

જુઠાણા કલબ અથવા ગપ્પીમંડળ

"'બર્લિંગ્ટન લાયર્સ કલબ' (ગપ્પીમંડળ)ના અધિકારીઓ પોતાની આગળ પડેલા પુરાવાઓ પર સંપૂર્ણ વિચાર કરીને જાહેર કરે છે કે શ્રી ભગીરથ મહેતા સંપૂર્ણ ગપ્પી માલૂમ પડ્યા છે, સર્વ સ્થળના ગપ્પીઓ તરફના માનને પાત્ર નીવડ્યા છે અને આ કલબના આજીવન માનદ સભ્ય તરીકે તેમને સ્વીકારવામાં આવ્યા છે.

—(સહી) ઓ. સી. હ્યુલેટ, પ્રમુખ."

ઉપરના ઠરાવ સાથે એ કલબના પ્રમુખે જે પત્ર શ્રી ભગીરથ મહેતા પર મોકલ્યો છે તે આ મુજબનો છે:

'તમને જાણીને રસ પડશે કે અમારી કલબમાં સભ્યપદ મેળવવાની ખાહેશ રાખનાર તમે પહેલા હિંદી છો. આજે તમારા દેશમાંથી ઘણા અમારા સભ્યો છે, પણ તે બધા અમેરિકન લશ્કરના સિપાહીઓ છે, તમારા દેશના વતની નહિ. 'બર્લિંગ્ટન લાયર્સ કલબ'ના સભ્ય તરીકેનું તમારૂં કાર્ડ આ સાથે બીડ્યું છે; અને તમારી 'આઈડલર્સ એસોસીએશન'ના સભ્ય તરીકે મને સ્વીકારાયાના ખબરની તથા તેને લગતા અધિકારપત્રોની હું રાહ જોઇશ.

અમારી કલબ વિષે હું સમજણ પાડું. અમારા સભ્યો કોઇને છેતરવા માટે નહિ, પણ કેવળ ગમ્મતને ખાતર ગપ મારે છે. દાખલા તરીકે ઘણા અમેરિકન શિકારીઓને પોતે કરેલા શિકારના કદ કે લંબાઇ ચોડાઈ વિષે ગપ મારવાની ટેવ હોય છે (તમારે ત્યાં પણ એમ જ હશે). કેટલીક વાર આવી ગપ શબ્દશ્લેષ વડે પણ ઉપજાવવામાં આવે છે. દાખલા તરીકે અંગ્રેજી ભાષામાં ભસવાને માટે bark શબ્દ છે. એ શબ્દનો બીજો અર્થ ઝાડની છાલ પણ થાય છે. એ અર્થવૈવિધ્યનો લાભ લઇને એક ગપ્પીએ એવી ગપ મારી કે જંગલમાં એકવખત દેવતા સળગાવવા મને ઝાડની છાલ(barks) ન મળી એટલે કેટલાક કુતરાઓનાં ભસવાં(barks) એકઠાં કરીને મેં અગ્નિ પ્રકટાવ્યો! ટૂંકમાં કહું તો અમારા મંડળનો દરેક સભ્ય કાંઇક ને કાંઈક હાસ્યાસ્પદ અને ન માની શકાય તેવી વાત શોધી લાવવાનો પ્રયત્ન કરે છે. દર વર્ષે મંડળના અધિકારીઓ એ બધી ગપ્પોમાંથી પોતાને શ્રેષ્ઠ જણાતી ગપ પસંદ કરે છે ને તેના કહેનારને દુનિયાભરના તે વરસના ગપ્પી તરીકે જાહેર કરે છે. તેને એ વરસ માટે મંડળનો ચન્દ્રક રાખવા મળે છે. આવી ગપો અમે અહીંના 'એસોશીએટેડ પ્રેસ', 'યુનાઇટેડ પ્રેસ' તથા 'ઇન્ટરનૅશનલ ન્યુસ સર્વિસ' દ્વારા અવારનવાર પ્રકટ પણ કરીએ છીએ.'

(મોકલનાર-ભગીરથ મહેતા)

(ચેતવા જેવું છે કે આ કાગળ પોતે જ કદાચ એક ગપ ન હોય!—તંત્રી)

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો ———— લેખક

[૧૧]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

કવિતા, ચિત્રો, સંગીત, શિલ્પ ઈત્યાદિમાં મને દિન પ્રતિદિન વધુ ને વધુ આનંદ મળવા લાગ્યો અને જીવનમાં ઉચ્ચ પ્રકારનું સુખ ગમતું ગયું. વાસનાઓની તૃપ્તિથી કે ઇન્દ્રિયોના ભોગવિલાસથી જે સુખ મળતું હતું તે કલા ને સાહિત્યમાંથી મળતા સુખને મુકાબલે કંઈ હિસાબમાં ન હતું એમ અનુભવથી મને જણાવા લાગ્યું.

સમયનો પણ બિલકુલ બગાડ ન થાય તે હું સાવધાનીથી જોતો હતો અને જે વખત બચે તે વાંચવા તથા વિચારવામાં તેમજ આત્મનિરીક્ષણ ને નોંધો કરવામાં ગાળતો.

ધંધામાં ને ધંધામાં ગુંચવાઈ જવાથી જીવન છેક જડ થઈ જાય છે. તેથી દરરોજ સૃષ્ટિ સૌન્દર્યના સાન્નિધ્યમાં ને પ્રાર્થનામાં પણ હું અમુક વખત ગાળવા લાગ્યો.

બધા દાક્તરો સાંજે ૫ થી ૭ સુધી દવાખાનાના ટાઈમ રાખતા, તેથી જાહેર સભાઓના કે બહાર ફરવા જવાના લાભ તેઓ લઈ શકતા નહિ. મેં સાંજનો દવાખાનાનો વખત ૮થી ૯ રાખ્યો; અને પાંચ પછી કોઈ દિવસ હું ઘેર રહેતો જ નહિ. આથી બધી સભાઓનાં ભાષણોના તથા ફરવા જવાથી ખુલ્લી હવા ને કસરતના લાભ અને સૃષ્ટિસૌન્દર્યનો ઉપભોગ હું નિયમિત કરી શક્યો.

જ્યારે પણ બહારગામ જવાની તક મળે ત્યારે ધંધાનું નુકસાન વેઠીને પણ જવું એવો મેં રિવાજ રાખ્યો, ને ખેતરો, તળાવ, નદીકિનારા, ભાગોળો, મંદિરો, સંગમસ્થાનો, પહાડો, સમુદ્રકિનારા, તીર્થસ્થાનો ને કલાધામો જ્યારે જોઈ શકાય ત્યારે જોવાની તજવીજ કર્યા જ કરતો ગયો. છુટકછુટક થઇને બાર મહિને એકાદ મહિનો તો ઓછામાં ઓછો આ રીતે હું બહારગામ ગાળતો.

અમદાવાદ શહેરની આસપાસનાં લગભગ બધાં જ ગામ હું જોઈ વળ્યો અને શહેરની અંદરની પણ જોવાલાયક કોઈ વસ્તુ કે સ્થળ દસેક વર્ષમાં બાકી રહ્યાં નહિ

કપડવણજ પાસે ઊંટડિયા (ઉત્કંઠેશ્વર) મહાદેવ અને કેદાર હું કુટુંબ ને મિત્રમંડળ સાથે ગયો હતો. ત્યાં વાત્રક નદી સ્વચ્છ ને સુંદર લાગે છે. મંદિર ઊંચી ટેકરી પર છે અને ધર્મના ધામ જેવું પવિત્ર ત્યાંનું વાતાવરણ છે.

જ્યાં ઝાંઝરી નદી વાત્રકને મળે છે ત્યાં એક મોટો ચોતરો છે. સ્વ. ગોવર્ધનરામે સરસ્વતીચંદ્રમાં તણાઈ જતી કુમુદને મધુરી મૈયાએ ચોતરા પરથી બચાવી હતી એવી જે કલ્પના કરી છે તે આ સ્થળ પરથી જ હશે એમ મને લાગ્યું હતું; અને બરાબર એમ જ હતું એમ જ્યારે મેં પાછળથી જાણ્યું ત્યારે મને ખૂબ આનંદ થયો હતો.

વાત્રક એટલે વેત્રવતી, અને તે ઉપરથી તે સ્થળ વિષેની પુરાણોની અનેક વાતો ત્યાં સાંભળી, જેને કશો ઐતિહાસિક આધાર ન હતો. પુરાણકથાઓમાં રહેલા સામાજિક ઇતિહાસના અંશો તથા કલ્પનાઓમાં રહેલાં કવિત્વ અને રૂપકોની તારવણી તે વખતે હું કરતાં શીખ્યો ન હતો, એટલે તીર્થ ને ધર્મના ધામ તરીકેની લોકમાનસમાં એ સ્થળની જે મહત્તા છે તે મારા ધ્યાનમાં આવેલી નહિ.

તે વખતે હું મૂર્તિપૂજાની વિરૂદ્ધ હતો ને પૂજાઅર્ચા, સ્નાન ઈત્યાદિ વિધિઓ નકામાં છે એમ માનતો. માત્ર યાત્રાનાં નાનાંમોટાં તમામ સ્થળોએ આવેલાં સૃષ્ટિસૌન્દર્યથી મારા મન પર ખૂબ અસર થતી મંદિરોની અંદર નહિ પણ બહાર કોઈ એકાન્ત સ્થળ હું શોધતો ને ત્યાં ભગવાનની સીધી પ્રાર્થના મારા પોતાના શબ્દોમાં કરતો.

એવી જ મનોવૃત્તિમાં હું નર્મદાતટે ચાણોદ-કરનાળી, નડિયાદના સંતરામ, ડાકોર, બહુચરાજી, પાવાગઢ, વડતાલ, પાલીતાણા ને આશાપુરી ફર્યો છું. ઇડર રાજ્યમાં બ્રહ્મખેડ, ચરોતરના ગળતેશ્વર, વડનગરના હાટકેશ્વર, સુરતનું મોટું મંદિર ને ભરૂચના નર્મદાતીરે ગણાતા કંકર એટલા શંકર મેં જોયા છે.

સુરતના મોટા મંદિર વિષે જે બન્યું છે તે તો મારા જીવનનો એક અણમોલ પ્રસંગ છે. મારા મામાના દીકરા ભાઈ હરરાયે મને વહેલી સવારે એ મંદિરમાં મંગળાનાં દર્શન કરવા જવા બહુ આગ્રહ કર્યો.

એ પોતે સુરતના ગોસ્વામીજીના શિક્ષક તરીકે બહુ વર્ષ રહ્યા હતા મને કંઈ એવાં દર્શનોની પડી નહોતી, તે એ પણ સારી રીતે જાણતા હતા. પરંતુ તે દિવસે, કોણ જાણે કેમ, એમણે મને બહુ આગ્રહ કર્યો. એ કહે 'હું સવારે પાંચ વાગ્યે આવીને તને ઉઠાડીશ. નહાવાનું તે વખતે નહિ બને, પણ મોં ધોઈ જરા ઠીકઠાક વસ્ત્રો પહેરીને તું મારી સાથે સાથે આવજે. છેક મંદિરની અંદર હું તને લઇ જઇશ. કોઇ પૂછે તો કહેજે કે નાહીનેઆવ્યોછું'

મંગળાનાં દર્શન ઊઘડ્યાં. ભરી પિછવાઈ વાદળ જેવી લાગતી હતી. તેમાં, પ્રાતઃકાળે યે થોડાથોડા તારા ચમકે છે એવી, તારાટપકી હતી. મોગરા અને ગુલાબનાં જ ફૂલો ઠાકોરજીને ચડાવેલાં હતાં. શ્વેત વસ્ત્રો અને શ્વેત જ પાથરણાં હતાં ઘીના દીવાનો નિર્મળ પ્રકાશ અને ધૂપની સુગંધી, મોગરા તથા ગુલાબની સુગંધીમાં ભળીને અજબ તાજગી આપતાં હતાં. બધું સુરુચિવાળું, સાદું અને પવિત્ર હતું. સ્વચ્છ વસ્ત્રો પહેરી હાથ વતી ચમ્મર ઢોળતા ગોસાંઈજી મહારાજ પોતે સેવામાં ઊભા હતા. એમણે માથાથી તે પગ સુધી સ્વચ્છતા અને સાદી શોભા ધારણ કરી હતી પગે પાવડીઓ હતી અને વાળ ઓળેલા હતા. દર્શનાતુર વૈષ્ણવો 'જય!જય!' કરતાં હતાં પણ ભક્તિનું ગંભીર વાતાવરણ પૂરેપૂરૂં જામેલું હતું. થોડા જ રંગોના મેળે અને સંગીતે ત્યાં મધુરતા વેરી હતી. સારંગી સાથે મંદિરના ગાયકો ધીમેથી ભૈરવીના સુર લલકારતા હતા, ને સામા થાંભલા પરની કોતરણીની લાકડાની પૂતળી પણ, જાણે કે હાથ ઊંચો કરીને એ ગાન ઝીલતી હતી!

આ બધું જોઇને મારા અંતઃકરણમાં એક જાતની આનન્દની એવી ધ્રુજારી પ્રસરી ગઈ કે જેનું વર્ણન કરવું અશક્ય છે. પછી મેં એ ધ્રુજારી વિષે ભાઈ હરરાયને કહ્યું, ત્યારે એ કહે 'બસ, મારૂં તને અહીં લાવ્યાનું સાર્થક થયું. એ જ કારણસર હું તને અહીં લાવ્યો હતો.' એની પોતાની શ્રદ્ધા તો આ મંદિરો અને પૂજાઓને વિષે મારા કરતાં પણ બહુ ઓછી હતી, છતાં એણે પણ આવી ધ્રુજારીઓ અનુભવેલી અને તેનો સાક્ષાત્કાર કરાવવા એ મને ત્યાં લઈ ગયા હતા. મંદિરોનાં વહેમો અને વિકૃતિઓ વિષે અમે બહુ વાતો કરતા, પરંતુ આ ધ્રુજારીનો અનુભવ અમને ખરેખરો થયો. જીવનની કોઇ ધન્ય ક્ષણે, પ્રભુના અપાર મહિમામાંથી એકાદ કિરણ આપણાં ચર્મચક્ષુ પર પડે, ભગવાનનાં અનેક રૂપોમાંથી એકાદ રૂપની ઝાંખી થાય તેવું એ થઈ ગયું.

અમે ફરી વિચાર કર્યો કે ત્યારે અધોગતિએ પહોંચેલાં આપણાં આજનાં મંદિરોમાં હજી નયનોને સફળ કરવાની તાકાત રહી છે કે શું? અમારી ધ્રુજારી તો સાચી જ હતી. બંનેને જુદેજુદે વખતે એકસરખો ભ્રમ તો થાય જ નહિ. તેમ અમારા બેમાંથી એક્કેને અંધ તો શું પણ સાચી શ્રદ્ધા યે આ મંદિરો કે મૂર્તિઓ પ્રત્યે ન હોતી. (ચાલુ)



ધીસનો વરરાજા

ઢુમ, ઢુમ, ઢુમ !
ઢુગ, ઢુગ, ઢુગ !
ઢુમ, ઢુમ, ઢુમ !
ઢુમ, ઢુમ, ઢુગ ઢુગ !
ઢુમ, ઢુમ, ઢુમ,ઢુગ !
ઢુમ, ઢુગ, ઢુગ,ઢુગ !
ઢુગ,ઢુગ,ઢુમ,ઢુગ, ઢુમ
ઢુમ,ઢુમ,ઢુગ,ઢુમ, ઢુમ
ઢુગ,ઢુમ,ઢુમ,ઢુમ, ઢુમ

આ વિધવિધ જાતનાં ત્રાસાં ને ઢોલકનો દૂરદૂરથી સંભળાતો તાલબદ્ધ, વ્યવસ્થિત અવાજ કાનને અવનવો આનંદ આપે છે. શરીરમાં થનગનાટ અને મનમાં પ્રફુલ્લતા ઉપજાવે છે. શેરીઓમાં ઓટલે ઓટલે, એ અવાજ પાસે આવવાની રાહ જોતાં પુરુષો, સ્ત્રીઓ, બાળકો—મોટાં, છોટાં, સૌ ઊભાં છે. બારીઓ ચિકાર છે, ડોકિયાં કરવા પડાપડી ચાલે છે. ને શોર મચ્યો છે.

'અરે ભાઈ, ક્યારની નીકળી ગઈ ! અલી રમણુ, ચલ્લ ઝટપટ, પેલે ઓટલે ચડી જઈએ. જગા પુરાઇ જશે.'

'કેમ, કેટલે સુધી ?'

'અરે, કાકા ! બપાટિય ચકલા સુધી તો આવી પણ ગઇ.'

'તે તું જોઇ આઇવો ?'

'હા હા! હવે પાંચેક મિનિટમાં તો અહીં આવી લાગશે, મુરબ્બી!'

આવો કલબલાટ, શોરબકોર, જાણે કુલડું પડ્યું હોય તેવી ધમાલ મચી રહી છે. શાની છે એ ધમાલ ?

એ છે રંગીલા શહેર સૂરતની ધીસ જોવા મળેલી મેદનીની ધમાલ.

ને જુઓ, જુઓ; હવે તો ધીસ દેખાવા પણ માંડી. મશાલોના ઝગમગતાં અજવાળાં ને તેમાં ઝબકતાં દશદશ ગજ ઊંચાં નિશાન—ઊંચી ઊંચી સુશોભિત છડીઓ. કોઇ પર મથાળે મોર છે, કોઈ પર કળશ છે, કોઈ પર લીમડાની ડાળી છે. ને સૌ પર ફૂલના હાર છે. એવાં એવાં વિવિધ નિશાનો ઝાલીને, કડકડતાં કપડાં પહેરીને થનગનતા જુવાનડાઓ ચાલે છે. અને તેમની પાછળ દેખાય છે, માણસોનું એક કુંડાળું; પહેલા કુંડાળામાં છ સાત માણસો છે. એ ત્રણ ત્રાંસાં વગાડે છે. એકણે ઢુમકા પર પોતાની કલા અજમાવે છે. એકાદણે ઢોલક વડે તાલ આપે છે. ને જોયાં એમનાં એ ત્રાંસાં-ઢુમકાં-ઢોલક ? તેમને ય સુંદર કસુંબી સૂત ઝાલરોના વાઘા સજાવેલા છે. ને તેમના પર ઘૂમતી સોટીઓએ—ચોબિયાએ પણ. એવા જ સાજશણગાર સજેલા છે. ને રાતી ચોળ પાઘડીઓ, ને કડકડતા અંગરખા જામા પહેરી; મોટીમોટી મૂછોવાળા, મોટામોટા ચાંદલાવાળા, કોઈ પાતળા, કોઇ જાડા, કોઈ ચાળીસી વટાવેલા, તો કોઇ, ત્રીસ ત્રીસને અડતા જુવાનો, પ્રૌઢો; વૃદ્ધો, જુદાંજુદાં કુંડળાં રચી, તાસાં-ઢુમકાં-ઢોલક બજાવવાની પોતાની કળા (રંગમાં આવીને), પૂર બહારથી દાખવી રહ્યા છે.

વરસને વચલે દહાડે, ગમે તે કોઈ બીજે દિવસે તમે એમને કહો. સો વાર-પગે લાગો, તો યે એ તાસાંઢોલકને અડે, નહિ એવા લાખોપતિ સોદાગરો એમાં ઘણું છે. એમને જોને અડવા જેટલી ફુરસદ પણ ન મળે. તેઓ પણ પોતાનો સારામાં સારો પોશાક પહેરી, -પાઘડી છોડી, સાથે પોતાની શેરીના ગરીબ બામણ કે હ-

જામ કે સોની કે લુહાર સંગાથે એકી હારે ચાલી, સાથે ઊભા રહી, તાલ મેળવીને તાસાં વગાડે છે !

કેમકે આજે છે ધીસનો ઉત્સવ— શહેરના અનાવટી સાર્વજનિક વરઘોડાનો રમૂજી ઉત્સવ.

પણ 'ધીસ' એટલે શું ?

ધીસ શબ્દ મૂળ ફારસી 'ગિશ્ત એટલે ફરવું તે' એ પૂવામાંથી આવેલો છે. કવિ નર્મદે પોતાના કોશમાં તેનો અર્થ આમ આપ્યો છે.

ધીસ (સ્ત્રીલિંગ) તપાસને માટે સિપાઇઓએ સાથે ફરવું તે, રોન. (૨) હોળીનો વરઘોડો. મોહલ્લામોહલ્લાના લોક પોતપોતાનાં નિશાનો અને તાસાંઢોલ સાથે એકઠો વરઘોડો કાઢે છે, તે. એમાં છેલ્લે એક વરરાજા ગધેડા પર બેઠેલો હોય છે, અને એને સાવરણી વગેરેથી ચમ્મર થાય છે અને પછાડી સાજનિયાં વરને ભૂંડાં ગીત ગાય છે.

ઇતિહાસ મળે છે કે, નર્મદના જનમકાળથી થોડાંએક જ વરસ અગાઉ (આ પ્રકારની) ધીસની શરૂઆત થએલી છે, હોળી એટલે All Fools Day—બધી પ્રજામાં હોય છે તેવા નીતિનિયમો અને રિવાજ મર્યાદાનાં બંધનોથી તદ્દન મુક્ત તહેવાર. એ તહેવાર આજે સવાસો વરસ પહેલાં મહોલ્લે મહોલ્લે મારામારીઓ જામતી. સામસામાં બાકેલાં ગંગેડું ફેંકાતાં, ઢેફાંઢેખાળા, ને કદિક ચપ્પુ છરીઓ પણ વપરાતા, ને લોહીલોહાણ હાલતે હોળૈયાઓ ઘેર જતા. મોટા માણસો પણ જીવ પર આવીને મારામારીઓ કરતા.

પણ સવાસો વરસ પર સને ૧૮૨૦ની આસપાસ સુરતના સંરક્ષપાલની પદવી પર અરદેશર કોટવાળ આવ્યો.

બહાદુર ને બળવંત, ઇન્સાફમાં અકબર,
પરમારથમાં પૂરો, શૂરવીર અરદેશર.

લૂટ, ચોરી, ધાડ ને બીજી અનેક આફતોમાંથી સુરતને બચાવનાર આ બહાદુર વીરે હોળીના તહેવાર પર થતી લડાઇ જોઈ. આ ઘેરમાર્ગી બહાદુરી જોઇ, તેનો આત્મા ખેદ પામ્યો, ને તેણે એ બધી જંગમારી બંધ કરવાનો નિશ્ચય કર્યો. મહોલ્લેમહોલ્લે શેઠિયાઓની મુલાકાત લીધી ને સમજાવટ કરી: તમે મારામારીઓ ના કરો. કરવી હોય તો કંઈ કળાની હરીફાઇ કરો. નગારાંબાજાંની બાજવણી કરો. નગારાંબાજાંના વરઘોડા કાઢો—ગિશ્ત કાઢો. આમ મારામારીથી તમારે હાથ શું આવે છે ?

શેઠિયાઓને ગળે વાત ઊતરી. ત્યારથી સુરતમાં નગારાંબાજાંનો ઉત્સવ હોળીટાંકણે શરૂ થયો. મહોલ્લેમહોલ્લેથી ટોળાં બંધાઈ, પાંચસાત ટોળાંનાં જૂથ બની, ફરવા લાગ્યાં. ધીમેધીમે સાજશણગાર પણ વધ્યા. અને (જિન્દગીના બધા અવસરમાંથી મૂળ મેળાની ફિલસુફીથી, કે કુદરતી રીતે કરીને) હોળીટાણે ટાઢબીતા મારણ ને મશ્કરીના બનાવટી વેશ થતા તે જ રીતે, ગધેડાની ઠેકડી કરવાનો આ લ્હાવો આ ગિશ્તપ્રથા દ્વારા ચાલુ રહ્યો:

ઢુમ, ઢુગ, ઢુમ, ઢુમ, ઢુમ,
ઢુમ, ઢુમ, ઢુમ, ઢુમ, ઢુમ.

જો ધીસ આવે છે! મશાલોનાં અજવાળાં ને છોકરાઓના કિકારા વચ્ચે તાસાંઢોલઢુમકાંઓની રમઝટ મચી રહી છે, હા, રમઝટ મચી રહી છે. એ કંઈ અમસ્તો પ્રમાદ નથી. તાસાં કેવી રીતે બજે છે તેનું ધ્યાન ઢુમકાવાળો રાખે છે, ને ઢોલકવાળો પણ તે જ મુજબ ઠોક આપે છે. ચૂકી જાય તો ભાંગ્યો. આખી ગિશ્ત થઈ જાય. જુઓ, પેલો ઢોલકવાળો ચૂક્યો ત્યારે તાસાંવાળો ચિડાઈ ગયો. કેવી મશ્કરી કરી રહી છે ને ? ચાલ આગે

પંદર પંદર દહાડાથી તેમણે સૌએ આ સહવાદનનો મહાવરો કરેલો છે, તાલીમ લીધી છે, ને છતાં એમ ચૂકી જાય તે કેમ ચાલે? ગામમાં આપણી શેરીઓની ઠેકડી કરાવવી છે?

એક ટોળું, બીજું, ત્રીજું–ચોથું ટોળું,–છ સાત આઠ ટોળાં, પહેલાં તો સોસો ટોળાં સુધી નીકળતાં. રસ્તેરસ્તે તેમને ફુલપાન થતાં. કોઈકોઈ શોખીન નગરવાસીઓ ખાસ ઊભા રખાવી, નગારાંબાજીના નવાંનવાં નખરાંઓનો લાભ લેતા, માનપાન આપતા. હજુ યે આપે છે.

અને બધાં ટોળાંઓને અંતે જુઓ, પેલો દેખાય છે, ધીસનો વરરાજા. છે બીચારો બારચૌદ વરસનો કોઈ કોળી દુબળા કે વાંસફોડાનો છોકરો. પણ આજે એનો દમામ જોઇ લ્યો. માથે મોતીના ખૂંપવાળી સોનેરી લપ્પાની પાઘડી છે. જામો પણ નર્યો સોનેરી લપ્પાનો. આંખોમાં મેશ આંજેલી છે. ગાલે પણ મેસનાં ટપકાં છે, રખેને કોડીલા કોડામણા, કામણગારા જીયાવરને કોઇની નજર લાગી જાય! કપાળમાં ગાજરિયો છે—એટલે કે કંકુ વડે ઝાડ પાડેલું છે. ગળામાં ફૂલના હાર છે, હાથમાં પાણીચું—મસમોટું નારિયેળ, ને ખભે ટેકવેલી છે તલવાર—ખાંડું. રાજા છે ના? મોંમાં પાનનો ડૂચો છે ને એ પાન ચાવતો એ હસે છે, આંખો નચાવે છે, જાતજાતના ચાળાચસકા કરે છે. ને આસપાસ ઊભેલા સાજનિયાને 'કાલે જમવા આવજો' એમ કદિક બોલીને, કદિક હાથને લહેંકેલટકે નોતરાં દે છે. સાથે સાથે મોઢેથી ગમે તેવા હલકટ શબ્દો પણ બોલે છે. સાજનિયાં તેને ચગાવે છે અને ગમેતેવું બોલવાને પાનો ચઢાવે છે. તેને પૈસો, આનો, પાવલી આપે છે, ને પછી એના વાંસામાં કે માથાપર ધમ્મ દઇને ધબ્બો મારે છે. આજે તો એ ઘોડા પર બેઠો છે. પચાસ વરસ પર એ ગધેડે બેસતો. અવળે મોઢે બેસતો એવી પણ વાયકા છે. સાવરણીનાં ચમ્મર થતાં એમ નર્મદ લખે છે, પણ તે નજરે જોનાર તો કોઇ ડોસો પણ આજે મળતો નથી. એને જોવા, એને ચગાવવા—ખીલવવા, એની મશ્કરી કરવા, ને એની સાથે ટીખળ અને ધાંધલ કરવા શેરીએ શેરીએ ટોળાં મળે છે. ઠેરઠેર એને હાર પહેરાવાય છે. આની પાવલી અપાય છે. જે મહોલ્લો એને લાવ્યો છે, તે તો એને ધારા મુજબ સવા રૂપિયો કે પાંચ રૂપિયા આપશે જ, પણ આ તો એની વધારાની કમાણી. વરસેવરસ, જીવે ને આવે ત્યાં સુધી, એ મહોલ્લો તો એને જ ઘોડે-ગધેડે બેસાડવાનો. અમુલખ છે એનો લ્હાવો! કંગાલ, બે પૈસાનો રાંજિયો વાંસફોડો, ને તેના વરઘોડામાં લાખોપતિઓ ઢોલત્રાંસાં બજાવે ને કડકડતા જામા પહેરી શોભા આપે અને નાચે. ને એક જણ તો જુઓ, મોટો જામો પહેરી એના ઘોડા-ગધેડાની આગળ ચાલે છે તે જોયો? એ પોતાને વરનો બાપ કહેવડાવે છે. છે કોઇ સબ્ભર શેઠિયો. પણ વરસમાં એક વાર કોઇ કંગાલના વરબાપ થવાનો લ્હાવો એને કેટલો બધો ગમે છે! એનું મોઢું હસીહસી રહ્યું છે!

આમ રાત્રે નવેક વાગે નીકળેલો ધીસનો વરઘોડો ત્રણ ચાર વાગ્યા સુધી ફરતોફરતો, ઠેરઠેર થોભી રસાકસી ચગાવતો ને ફૂલપાન લેતો પાછો પોતાને મૂળ સ્થાનક આવી રહેશે. ને ચાર ઘડીનો લ્હાવો લઈ, પોતાના ભાડૂતી ઘોડા પરથી ઊતરી, ભાડૂતી વાઘા પાછા સોંપી દઈ, વરરાજો હતો તેવો લંગોટીભેર, પોતાને ઘેર મળસકે પાંચને શુમારે પહોંચી જશે.

આવા ધીસના વરઘોડાનો તાલ બધી રીતે પાકો પૂરો બનાવવા પેરવી રહેતી. પહેલાં તો મહોલ્લે મહોલ્લે ધીસો નીકળતી; પણ છેલ્લાં ચાળીસેક વરસથી અવશેષ રૂપ ચારેક ધીસ સુરતમાં રહી. તેનો તાલ પાકો કરવા, લગનને આગલે–એટલે હોળીને–દહાડે એક મોસાળું નીકળતું, ને પછી બીજે ત્રીજે દહાડે જુદીજુદી ધીસો નીકળતી. તે માટે એક જોડકણું ગવાતું કે:

> નવાપરાનું મોસાળું   ને જગનાવેણીનો વર,
> રસિક કંકુની છોકરી   ને લાલ દરવાજે ઘર.

નવાપરાથી ધીસ નીકળતી તે મોસાળું કહેવાતી. બાકી શહેરની ને હરિપુરાની ધીસ વરરાજાઓવાળી ખાસ જોવા લાયક ગણાતી. ભરૂચમાં પણ ધીસ નીકળતી, પણ તે વરરાજા વિનાની અને ભાડૂતી વગાડનારાઓની. સુરતના રસિક રંગીલા શેઠિયાઓ જાતે વગાડવા નીકળે એ તો સુરતી નવાઈ જ.

પણ એક બીજી ધીસને જોવા ગામપરગામથી હજારોની મેદની ભાડાં ખરચી ખાસ સુરત ઊતરી પડતી. એ માછીના ધીસ. ખરૂં જોતાં એ લોકો માછી નહિ, પણ ગોરિયા કહાર છે. મૂળ લખનૌથી નવાબની દીકરીની પાલખી ઊંચકી આવેલા ને અહીં વસી ગએલા. હાલ માછીનો ધંધો કરે છે. રિવાજે હજુ ઘણાક ઉત્તર તરફના જ પાળે છે. એમની ધીસ જોવા હજારોની મેદની મળે. શહેરપરાની ધીસમાં પણ નિરંકુશ તહેવાર અન્વયે બીભત્સતાની–ગાળભેળની જમાવટ થતી. પણ આ માછીની ધીસ એટલે તો બીભત્સતાનો ઊછળતો મહાસાગર જ. એમાં માત્ર ઢોલત્રાંસાંનાં ટોળાં જ નહિ પણ તાબૂત જેવાં જાતજાતનાં દશ્યો રહેતાં. એક સ્થળે ચોગાનમાં રાજા જેવો દરબાર ભરાતો. ત્યાં સૌ ભેગા થાય. રાજારાણીનો, વજીરનો, સેનાપતિ-ચોપદારનો વેશ લે. ગમે તેવું બોલે ને ચાળાચસકા કરે. દારૂતાડીની લહેર ઊડાવે ને પછી ધીસ ચાલુ કરે. કોઈ વાંદરો બને, કોઈ રીંછ, કોઇ વાઘસિંહ બને. ઊંટ પર ઢોલનગારાં વાગે. ધજાવાળી નિશાનછડીઓ ખરી જ. ઘેરિયાઓના નાચ ચાલે. ભાડૂતી મ્હોરાં–નાટકમાં ભૂતરાક્ષસનાં ડોકાં આવે છે તેવાં–પહેરીને નીકળે ટોળાંઓ નગારાં વગાડે. ખ્યાલટપ્પા ને કલગીતોરાનાં ગીત ગાય મારામારીઓ પણ થતી. પોલિસનો બંદોબસ્ત પૂરપાટ રહે, ને પોતાની ગંદામાં ગંદી મશ્કરીઠઠ્ઠા થતી હોય તો યે વચ્ચે ન પડે. ફક્ત મારામારીનું સંભાળે. ટીખળ, ધાંધલ ને ગંદા ચાળાચસકાનો અંત નહિ. એક વાર આખે શરીરે પીળું રૂ ચોંટાડી સિંહનો વેશ જેણે લીધેલો, તેના પર કોઈએ સળગતો તડતડિયો નાંખેલો, પણ સારે નસીબે તે સિંહ ભૂંડ પેઠે આળોટી પડ્યો ને બચી ગયો.

આ ધીસમાં એક જણ પ્રેમલી બનતો;—એટલે બનાવટી કાન-નાક-ટોપીવાળો કાબરચીતરો ઝભ્ભો આખે શરીરે ઓઢી લે. મોંમાંથી સાતઆઠ તસુ મોટી જીભ લબડે. પાસે એક ટોપલીમાં નારંગી, જમરૂખ, દાડમ વગેરે ફળ હોય, તે તે ખાતો જાય અને બોલતો જાય:

> અય મેરી પ્રેમલી   લાવી સુરતકા બજાર
> જમરૂખ ભી લાઇ, નારંગી ભી લાઇ, ઔરો લાઇ મૈં મઝેદાર–અય૰

આ ધીસમાં પણ છેલ્લે વરરાજા રહેતો. આખે શરીરે રંગેલો, સુરતી પાઘડીપિછોડી ને સોનેરી લપ્પાના પોશાકવાળો, ધોતિયાનો કચ્છો મારીને બેસતો, લોકોના ધપ્પા ખાતો, ને ગાળો બોલતો. ફક્ત આ જ ધીસમાં પાછળ બૈરાંનું ટોળું રહેતું,–જાંદયણીઓ; ને તે લગનનાં ફટાણાં ને ગંદાં ગીત ગાતું. સને ૧૯૨૧-૨૨થી ગંદા ફટાણાં તદ્દન બંધ થયાં તોપણ લગનનાં આવાં ગીત તો ગવાતાં:

> વર તો ચોરાશી ગામનો ગરાશિયો રે,
> વરની માડી તો ચાલવાને ડરે રે;
> બાલુડા વરને નિંદર ન આવે.
> તોપે પરી તારી જાનગાં રે;
> પરી રે નગારાંને ઘોંસે, ભમ્મર તારી જાનગાં રે.

વેવણ કેટલે આવે માંડવો લાઇખો રે,
મારો વીરો ચાલીચાલીને થાકો રે.
રસમાં રસિયો આવે છે, તારી તૂટેલી ઝૂંપડી જગાડે છે;
કલ્યાણનો જમાઈ તો આવે છે, તારો ફાટેલો માંડવો જગાડે છે.

આખું સરઘસ નદીકાંઠે જતું ને ત્યાં નાહીધોઈ વિસર્જન થતું.

પણ સને ૧૯૨૭થી ઘણીખરી, ને સને ૧૯૩૦થી આ માછી ઘીસ પણ બંધ થઈ છે. હવે ફક્ત પરાની એક ઘીસ ચાર વરસથી ચાલુ થઈ છે. સુરતી પાઘડીની સાથોસાથ ગાંધીટોપીવાળાં ટોળાંઓ નીકળે છે. લખપતિ તવંગરો ને ગમે તેવા કંગાળ દરિદ્રીઓ હજુ પણ એકીસાથે નગારાં વગાડે છે. પૈસો પૈસો આપી ભાડૂતી વરરાજાને હજુ પણ ધપ્પા મારે છે. અને—

સાવરણીને બદલે છત્રીના ચમ્મરવાળો, ગધેડે નહિ પણ ઘોડે, અવળે નહિ પણ સવળે મોઢે બેઠેલો, ઘીસનો વરરાજા જોવો હોય તો આવતે ધૂળ પડવે સુરત પધારજો ને વરરાજાને ધપ્પો મારવાનો વિચાર હોય તો તે ખાવાને એ તૈયાર જ છે–તમે તમારી આની પાવલી દક્ષિણા રૂપે તૈયાર રાખજો. — **નટવર વીમાવાળા**

હું કૉલેજિયન

હું કૉલેજિયન છું એ તો મારા પહેરવેશ ઉપરથી જ તમે સહેજે જાણી શકશો. મારા પિતા માસિક પચ્ચીસ રૂપિયાની આવકવાળા કારકુન હોવા છતાં, આ અમેરિકન કટનો દસ રૂપિયા સિલાઇ આપીને શીવડાવેલો કોટ, ચોવીસ ઈંચની પહોળાઇના માપનો ઑક્સફર્ડ લેંઘો, રેશમી ટેનીસ શર્ટ અને મોંમાં સિગાર એ બધાંનું ખર્ચ ક્યાંથી આવે છે એમ તમે પૂછો છો ? એ મારી અંગત વાત છે. છતાં તમને કહું. કહેવામાં જરાયે સંકોચ નથી.

હું મારી ક્લબનો સેક્રેટરી છું. માસિક ફૂડ-બિલ ફક્ત રૂ. ૪૫) સુધી લાવું છું. બીજે તો ૫૦ સુધી જાય છે. મારો વહીવટ વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ પડયો છે અને મને પણ છોડવો ગમતો નથી, કેમકે ટર્મને અંતે એકાદ સૂટની અને રોજની સીગાર તથા ચહાપાણીની સગવડ તેમાંથી નીકળી રહે છે.

એવા તો ઘણા રસ્તા છે. મારી જ્ઞાતિની કેટલીક શિષ્યવૃત્તિઓ છે. શિષ્યવૃત્તિ મેળવવામાં અભ્યાસની હોશિયારી કરતાં ચબરાકપણાની વધુ જરૂર છે. ઘણાને પાછા પાડીને આવી શિષ્યવૃત્તિઓ ખટપટના પરિણામે મેં ઝડપી લીધી છે અને રહી ગએલા બીચારા આજે કારકૂની કૂટે છે.

હું જ્યારે જુઓ ત્યારે સાઈકલ ઉપર ફરતો જ શા માટે દેખાઉં છું, એમ ? નછુટકે જ કેટલાક પીરિયડ હું ભરૂં છું; બાકી તો મારૂં જીવન એટલું પ્રવૃત્તિમય છે કે વખત જ મળતો નથી. સોશ્યલ ગૅધરિંગનો મુખ્ય સૂત્રધાર હું. તેમાં પણ સ્ટેજ પ્રોગ્રામ અને રિફ્રેશમેન્ટ એ બે મારા જ હાથમાં. વળી ટેનિસનો હું સેક્રેટરી છું. કહો હવે, વખત ક્યાંથી મળે ?

કૉલેજમાં હડતાલ પડાવવામાં હું એક્કો છું. મને વિદ્યાર્થીઓનો એટલો સાથ છે કે ધારૂં ત્યારે હડતાલ પડાવું છું. કૉલેજના પ્રોફેસરો મારા નામમાત્રથી ધ્રૂજે છે. કોઇ પ્રોફેસરને નાલાયક ઠરાવવો, એ મારા હાથમાં. મારો પરચો મેં કંઈકને દેખાડયો છે.

છોકરીઓ—આઇ મીન, લેડી સ્ટુડન્ટ્સમાં હું ખાસ માનીતો છું. ઘણા વિદ્યાર્થીઓ મારી અદેખાઇ કરે છે, પણ મારી કળા હસ્તગત કરી શકતા નથી. વિદ્યાર્થિનીઓનાં નાના ટાંપા કરવા, તેમને નોટ્સ પહોંચાડવી, તેમને કાફેમાં લઈ જવી, તેમને નાટક–સીનેમા જોવાની સગવડ કરી આપવી એમાં તો મારૂં ગૌરવ છે. સ્વામી વિવેકાનંદ, ગાંધીજી ને એવા લોકોની ચાંપલી વાતો મને પસંદ નથી.

પરીક્ષાના પરિણામાં તમે મારૂં નામ પાસ ક્લાસમાં જોશો. હોય જ ને ? હું માંડ છેલ્લો એકાદ મહિનો વાંચું છું. મારી લાગવગને લીધે ઘણા પ્રશ્નો જાણી શકું છું. સુપરવાઈઝર મારાથી ડરે છે, એટલે થોડી મદદ ચોરી કરીને પણ મેળવી લઉં છું. બાકી પ્રોફેસરોની આલમમાં તો મારી લાગવગ જાણીતી છે.

વિદ્યાર્થી સંઘોનો હું મુખ્ય નિયામક છું. ડીબેટમાં બોલવું, ભાષણો ફટકારવાં, એવાં બધાંનો તો મને ઘણો શોખ છે. ગાંધીના રચનાત્મક કાર્યક્રમની વાત મારી પાસે ન કરશો. 'બ્રેઇન વર્ક' હું એટલી ઊંચી કોટિનું કરૂં છું કે પછી અમારા જેવાએ બીજી કોઈ જાતનું કામ કરવાની જરૂર જ નથી.

'ડિગ્નિટી ઑફ લેબર'માં હું માનતો નથી. મારી સેક્રેટરીશિપમાંથી, લેડી સ્ટુડન્ટ્સની મૈત્રીમાંથી મને પૂરતા પૈસા મળે છે. હું ફ્રીથી હોટેલોમાં હરીફરી શકું છું, નાટકસીનેમા જોઇ શકું છું અને નાની સરખી સુટકેસ પણ મજૂર પાસે ઉપડાવી પાછળ ધુમાડા કાઢતો શાહજાદા પેઠે વટથી ચાલી શકું છું.

શું કહ્યુ ? મેં લગ્ન કર્યાં છે ? અંતે તમને એ પૂછવાનું મન થયું ખરૂં ! ભાઇસાહેબ, જવા દોને એ વાત ! આપણો તે કાંઈ સમાજ છે ? નાનપણમાં બા-બાપાએ પરણાવી દીધો. પણ કૉલેજમાં દાખલ થયા પછી હું ભાગ્યે જ ઘેર જાઉં છું. એક તો મારૂં ઘર જ મને ગમતું નથી. સાવ નાનું, નીચું, ક્ષીણપણવાળું; ફાનસના દીવા. ત્યાં પાછો ડોશીનો—સૉરી ! મધરનો ટકટકારો. અને મને જે છોકરી પરણાવી છે તે જોવી પણ ન ગમે. ક્યાં મારી કૉલેજની લેડી ફ્રેન્ડ્ઝ અને ક્યાં એ ગામડાની ગમાર ! હું રજામાં ઘેર જાઉં તો ડોસા-ડોસી એને બોલાવ્યા વિના ન રહે. એનું નામ પૂછો છો ? કહેવામાં વાંધો તો નથી, પણ હવે છેક સુધી આબરૂ ન લો તો સારૂં. ક્યોને, હું તો નામ પણ કહું: ગંગા. કેટલું જૂનું–કેટલું ગંદું નામ છે ! કહો, મને ઘેર જવું ક્યાંથી ગમે ?

ભારતના ભવિષ્યની આશા હું છું; ભારતની આઝાદીનો આધાર મારા અને મારા જેવા બીજાઓ ઉપર છે; આવતી કાલનો નાગરિક હું છું; મને પણ ભારતને સ્વતંત્ર કરવાના કોડ છે, જો મારાં ભાષણોથી, સિગારના ધુમાડાથી અને વિદ્યાર્થિનીઓ સાથેના વાર્તાલાપથી એ થઇ શકે તો.

'વિદ્યાર્થી'



મધુકરી

એકના સો કરી અર્પતી મનુજને એ જ છે રસભરી રમ્ય ધરતી;
એ જ આકાશમાં, એ જ ઘન ઘૂમતાં, ચૂમતાં એ જ જલધિની ભરતી!
ગગન થભાવતા એ જ ગિરિગણતણી ગોદમાં ગેલતાં એ જ ઝરણાં;
એ જ સરિતાકુલો, એ જ મલયાનિલો, એ જ વનદ્રુમદલો એ જ હરણાં!
એ બધું એ જ, ને તે છતાં સ્વર્ગ શી ભોમકા આજ વેરાન થૈ છે:
ઈશ-સાફલ્યનું કાવ્ય તે અર્થહીન યાતનાનું કરુણ ગાન થૈ છે!
પ્રકૃતિએ સમર્પેલ સ્વાધીનતા માનવે માનવી કેરી લૂટી;
મુક્તિના અક્ષરો ભૂંસી દાસત્વના શોણિતે સૃષ્ટિ સારી જ ઘૂંટી!
ઊઠ ઓ બંધુ તું પ્રલયવંટોળ થૈ, ઊઠ ઓ બ્હેની તું વીજ થૈને,
ઊઠ તું, ચાલ તું, દોડ તું, ઊડ તું, નવીન નિર્માણનું બીજ લૈને!
દેવના ધામ શી આ ધરામાં, વીરા, ક્યાં લગણ સાંખશું દૈત્ય-થાણું?
ઊઠ, પડકાર કરી, ઊગિયું જો વીરા, મુક્તિના સમરનું ભવ્ય વ્હાણું! —કરસનદાસ માણેક

સ્વ. રાસવિહારી બોઝ

હિંદમાં વિપ્લવવાદની જે આગ ગયા મહાયુદ્ધ પર્યંત ચાલુ રહી હતી એમાંના એક ચતુર યોજક અને સેનાની સ્વ. રાસવિહારી બોઝ, ૨૦મી જાન્યુઆરીએ જાપાનમાં અવસાન પામ્યા. હિંદી રાજકારણમાં ગાંધીજીના પ્રવેશે હિંસક વિપ્લવવાદની ભ્રામક વિચારસરણીની નિરર્થકતા સિદ્ધ કરીને અહિંસાની પ્રતિષ્ઠા કરી ત્યાર પહેલાંની એકેએક ક્રાન્તિકારી પ્રવૃત્તિમાં સ્વ. બોઝનો હાથ હતો. લાલા હરદયાળ હિંદ બહારની ક્રાન્તિકારી પ્રવૃત્તિના જેવા કર્ણધાર હતા એવા જ હિંદમાંની પ્રવૃત્તિના એ કર્ણધાર હતા.

જન્મે બંગાળી છતાં શ્રી બોઝનું બાળપણ બિહારમાં વીત્યું અને ત્યાં જ શિક્ષણ મેળવ્યું. તેમના પિતા શ્રી વિનોદવિહારી બોઝ પટણાના સરકારી છાપખાનામાં કારકુન હતા નાનપણથી જ લડાયક વૃત્તિ હોવાને લઇને સૈન્યમાં ભરતી થવાનો પ્રયત્ન એમણે કર્યો, પરંતુ બ્રિટિશ સરકારે ના પાડતાં પોંડીચેરી મુકામે ફ્રેન્ચ સૈન્યમાં ભરતી થવા પહોંચ્યા. ત્યાં પણ ના પાડવામાં આવતાં દહેરાદૂન મુકામે ફૉરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટમાં હેડક્લાર્ક બન્યા. ત્યાં રહ્યેરહ્યે જ એમણે દેહરાદૂન તથા કસૌલી મુકામે ગુરખા સૈન્યમાં બ્રિટિશવિરોધી પ્રચાર કરવા માંડેલો. એવામાં લાલા હરદયાળના બે વિદ્યાર્થીઓ શ્રી ચેટરજી તથા શ્રી દીનાનાથ એ બંને સાથે એમને પરિચય થયો. પોતાના નોકર હરિદાસની મદદ વડે તેમણે દીનાનાથ, બાલમુકુંદ તથા અવધવિહારીને બૉમ્બનું શિક્ષણ આપવાનું તથા બ્રિટિશદ્રોહાત્મક પત્રકો દ્વારા ક્રાન્તિનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. એ જ અરસામાં વાઈસરોય લૉર્ડ હાર્ડિંજ પર દિલ્હીમાં ચાંદનીચોકમાં બૉમ્બ ફેંકવામાં આવ્યો. આ બૉમ્બ પાછળ દીનાનાથ, બાલમુકુન્દ, અવધવિહારી તથા માસ્તર અમીરચંદનો હાથ હતો અને એમનો દોરીસંચાર કરનાર શ્રી રાસવિહારી બોઝ હતા એવી સરકારની માન્યતા હતી.

ઇ. સ. ૧૯૧૩ના મેની ૧૭મીએ કોઇ યુરોપિયનનો ઘાત કરવા માટે લાહોરના લૉરેન્સ ગાર્ડનના રસ્તા પર મૂકવામાં આવેલો બૉમ્બ પણ શ્રી બોઝના નોકર હરિદાસે અવધવિહારીની મદદ સાથે મૂક્યો હોવાનો સરકારનો અભિપ્રાય બંધાતાં શ્રી બોઝને પંજાબમાં રહેવું મુશ્કેલ થઈ પડ્યું. આ બે ઘટનાઓ પછી સરકાર તરફથી શ્રી બોઝનો ફોટોગ્રાફ પ્રસિદ્ધ કરવામાં આવ્યો અને એમને પકડી આપનાર માટે રૂા. ૭૫,૦૦નું ઇનામ જાહેર કરવામાં આવ્યું.

પંજાબથી નાસીને ઈ. ૧૯૧૪માં એ બનારસ ગયા અને ત્યાં ચાલી રહેલા ક્રાન્તિયજ્ઞના નેતા બન્યા. શ્રી શચીન્દ્રનાથ સન્યાલ એ તે વખતના એમના વિશ્વાસુ સાહકારી હતા. પોલીસની ધાક છતાં શચીને ઊભા કરેલા દળને એમણે બૉમ્બ તથા પિસ્તોલનું શિક્ષણ આપવા માંડ્યું. ઈ. ૧૯૧૪માં લાલા હરદયાળની ક્રાન્તિયોજના લઇને વિષ્ણુ ગણેશ પિંગળે હિંદ આવી પહોંચ્યો અને તેણે શ્રી બોઝની મુલાકાત લીધી. ઈ. ૧૯૧૫ની શરૂઆતમાં હિંદના સમસ્ત ક્રાન્તિકારકદળની બનારસ મુકામે સભા મળી ને ફેબ્રુઆરીની ૨૧મીએ હિન્દભરમાં એક સામટો વિપ્લવ જગવવાનું નક્કી થયું.



(બ્લૉક: 'ફુલછાબ'ના સૌજન્યથી)

ત્યાર બાદ એ અમૃતસર ગયા અને ભાડાના મકાનમાં રહીને પંજાબમાંની સઘળી લશ્કરી છાવણીઓમાં પોતાના દૂતો મોકલાવીને હિંદી સૈન્યને વિપ્લવમાં ભળવાનું સમજાવવા માંડયું. ગામડાંના એકૂનો સુદ્ધાંની પલટનો એમણે ઊભી કરેલી. આવી રીતે સંપૂર્ણપણે યોજેલા દાવને સરકારે શી રીતે નિષ્ફળ બનાવ્યો એની માહિતી એ વખતનાં સરકારી કાગળપત્રો પરથી તથા રૉલેટ કમિટી વગેરેના અહેવાલો પરથી મળી રહે છે.

નક્કી થએલી તારીખ પહેલાં કશોક ગોટાળો થઈ જતાં ઠેરઠેર ધરપકડો શરૂ થઇ, એ વખતે શ્રી ઓઝ નાસી છૂટયા. એમને માટે સરકાર તરફથી રૂા. ૧૨,૫૦૦નું ઈનામ જાહેર થયું, પણ એ કોઇને હાથ ન આવતાં જાપાન ઊપડી ગયા. વખત જતાં જાપાનના જ એ નાગરિક બન્યા અને પોતાના વતનની માફક જાપાનને પોતાની સેવા આપવા લાગ્યા. એવું કહેવાય છે કે જાપાને જે 'સ્વતંત્ર હિંદી સરકાર' રચી છે તેના સલાહકાર તરીકે શ્રી ઓઝને નીમેલા.

શ્રી ઓઝે જાપાન જઇને ત્યાંના અનેક નેતાઓનો ગાઢ પરિચય કેળવેલો. જાપાન પાસેથી એમને પાછા મેળવવાના બ્રિટિશ સરકારના પ્રયાસો નિષ્ફળ ગએલા. એમની રોમાંચક કારકીર્દિને કશો ઓપ આપવાની જરૂર નથી રહેતી, કારણ કે આપણે જાણીએ છીએ કે એમનો યુગ હિંદમાં વીતી ચૂકયો છે અને એ યુગના આદર્શો આજના હિંદને પથ્ય નીવડે તેમ નથી. ('પ્રજાબંધુ'માંથી)

સિલીકૉન

માનવ સંસ્કૃતિના વિકાસના ઇતિહાસમાં ને એની આજ સુધીની સમૃદ્ધિમાં સતત ઉપયોગી નીવડવાનું કાર્ય જો કોઇએ કર્યું હોય તો તે સિલીકૉનને. સિલીકૉન એ માનવ સંસ્કૃતિના પાયા રૂપ છે. તેનાવિના સંસ્કૃતિની આટલી પ્રગતિ સાધી શકાઈ ન હોત એ ચોક્કસ છે.

આખું વિશ્વ નેવું મૂળ તત્ત્વોનું બનેલું છે. તેમાંનું એક ધરતીના પડમાં સંગ્રહાએલું મૂળ તત્ત્વ સિલીકૉન છે. બધાં મૂળ તત્ત્વોમાં પ્રાણવાયુ વધારે પ્રમાણમાં છે. તે પછીનું બીજું મૂળ તત્ત્વ વધારે પ્રમાણમાં હોય તો તે સિલીકૉન છે. પ્રાણવાયુ વિના જેમ 'જીવન' ટકી ન શકત, તેમ સિલીકૉન વિના સંસ્કૃતિ સંભવી ન શકત.

વિજ્ઞાનનો પ્રારંભ સિલીકૉનથી થયો છે. પાષાણયુગમાં માનવીએ સિલીકૉનનાં વાસણો બનાવ્યાં અને હથિયાર પણ ઘડયાં. તેના વડે દેહનાં રક્ષણ અને પોષણ મેળવ્યાં. માનવીએ સૌથી પ્રથમ અગ્નિ પ્રગટાવ્યો તે પણ સિલીકૉન વતી જ. ચકમક ઘસી તેણે અગ્નિનો તણખો પ્રગટાવ્યો. આ તણખાએ માનવીને પાષાણયુગમાંથી તામ્ર ને લોહયુગ વટાવી આજના વાયરલેસના જમાના સુધી પ્રગતિ સાધવાનો પ્રકાશ આપ્યો છે. અને એ જ પ્રકાશ માનવીનો વિકાસપંથ સદાયે તેજોમય રાખ્યા કરશે.

અગ્નિ અને પ્રકાશ આપનાર સિલીકૉને માનવીને કાચ આપ્યો છે. સૈકાઓ થયાં કાચ માનવજીવનમાં ઉત્તરોત્તર વધુ સ્થાન પ્રાપ્ત કરતો ગયો છે. પણ જ્યારથી મધ્યયુગમાં કાચમાંથી દૃકમય (Lens) બનાવાયો ત્યારથી કાચે માનવીની બૌદ્ધિક ને આધ્યાત્મિક પ્રગતિમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગઇ સદીથી શરૂ થએલા વિજ્ઞાનયુગની રચનામાં કાચ અગ્રસ્થાને વિરાજે છે. ખરી રીતે તો આ યુગને 'કાચ-યુગ' નામ આપવું ઘટે છે.

કાચની સહાય વડે માનવીને અણુથી યે અણુતમ ને અગોચર તેમજ મહાનથી યે અતિ મહાન એવી અનોખી દુનિયાનાં દર્શન પ્રત્યક્ષ થયાં છે. માઇક્રોસ્કોપ, ટેલિસ્કોપ ને સ્પેક્ટ્રોસ્કોપની સહાય નથી, રી આંખે ન દેખાય એવા સૂક્ષ્મ જીવો અને અગોચર એવી જીવસૃષ્ટિના અવલોકનથી માંડી પદાર્થમાત્રમાં સૌરમંડળની અજોડૂબ સૂક્ષ્મ પ્રતિકૃતિ રૂપ અણુ પરમાણુઓનાં ભ્રમણનાં દર્શન અને લાખો માઇલો દૂર પડેલા ગ્રહો-નક્ષત્રો તથા તારાની જન્મકથા તથા અવસ્થાના અભ્યાસ સુધી વિજ્ઞાનનો વિસ્તાર સધાયો છે.

ટેલિસ્કોપમાં સમાએલા ટનબંધ પરાવર્તક કાચ વડે માનવીએ ચંદ્રના જ્વાળામુખી પર્વતો, મંગળના ધૂળિયા વેરાન પ્રદેશો અને તેજ ઝરતી સૂર્યની અગ્નિશિખાઓ નિહાળી છે. તેથી અનંતના વિસ્તારનો ને બ્રહ્માંડના વિરાટ સ્વરૂપનો સાચો ખ્યાલ આવે છે. માઇક્રોસ્કોપમાં સમાએલા ટુકડા કાચ વતી માનવીએ સ્વદેહની રચનાના ઘટકો અને તેના નાશના કારણરૂપ રોગોત્પાદક કીટાણુઓ વિષે ઘણું જ્ઞાન મેળવી મૃત્યુ ઉપર-કેટલાક અંશે-વિજય પ્રાપ્ત કર્યો છે. સ્પેક્ટ્રોસ્કોપ વતી પદાર્થમાત્રમાં રહેલા અણુપરમાણુ અને વિદ્યુત્ અણુઓ વિષે જાણી માનવીએ આખા જગતના બંધારણમાં મહામયી 'શક્તિ'નાં દર્શન કર્યાં છે. કાચની ટેસ્ટ ટયૂબમાં કરેલા રાસાયણિક દ્રવ્યોના પ્રયોગો દ્વારા વૈજ્ઞાનિકો જગતનાં ગૂઢ રહસ્યોનો ઉકેલ આણી શકયા છે.

પ્રિઝમ, ટેલિસ્કોપ, સ્પેક્ટ્રોસ્કોપ, માઇક્રોસ્કોપ, બૅરોમીટર, થર્મોમીટર, ટેસ્ટ ટયૂબ આદિ વૈજ્ઞાનિક અભ્યાસનાં કાચનાં ઉપકરણો જો ધરતીના પડમાં સિલીકૉન ન હોત તો અસ્તિત્વમાં ન આવ્યાં હોત અને માનવીનો બૌદ્ધિક ને વૈજ્ઞાનિક વિકાસ સાધી શકાયો ન હોત.

વિશ્વરચનામાં સમાએલાં સર્વ મૂળ તત્ત્વો 'જીવન' નિપજાવવા અને તેને નભાવવા અત્યંત આવશ્યક છે. પૃથ્વીના પડમાં ને સાગરના તળિયે સમાએલું સિલીકૉન માનવકુળ માટે મહા ઉપયોગી નીવડયું છે. તેના વડે વનમાનવીએ અગ્નિનો તણખો પ્રગટાવ્યો અને તેની જ 'શક્તિ' આજ યુગોથી માનવીનો વિકાસપંથ સદા યે પ્રકાશવંત રાખતી આવી છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઝાડો

[આ વિષય ભલે ગંદો ગણાય, પણ માનવજીવનમાં એ અત્યંત મહત્ત્વનો છે. તેનું સામાન્ય જ્ઞાન સૌ કોઇને હોવું ખાસ જરૂરી છે; કેમકે માણસમાત્રની તંદુરસ્તીનો મુખ્ય આધાર તેની પાચનક્રિયા પર છે, ને દસ્ત એ પાચનક્રિયાની પારાશીશી છે. પોતાની તંદુરસ્તીની ખેવના રાખનાર દરેકે પોતાના દસ્તનું નિરીક્ષણ કરતા જ રહેવું જોઇએ. તે માટે ગ્રાન્ટ મેડિકલ કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળના વાર્ષિક અંકમાંથી ઉતારેલો આ લેખ માર્ગદર્શક નીવડશે.]

ઝાડો એ પાચનક્રિયાનો કચરો છે. તપખીરી રંગના, ૭ થી ૧૪ તોલા વજનના, આછી લાક્ષણિક વાસવાળા, એકધારા, બાંધ્યા ઝાડાને તંદુરસ્ત ઝાડો કહી શકાય આનો અર્થ એમ નથી કે બધા જ ઝાડા સિક્કાની માફક એકસરખા હોય. ઝાડાનો દેખાવ, ઘટ્ટતા, પ્રમાણ વગેરેનો આધાર પાચનની સફળતા ઉપરાંત, ખોરાકપાણીના પ્રમાણ તથા પ્રકાર, હરવાફરવાની ટેવો વગેરે ઉપર પણ છે. માંસાહારી માણસનો દસ્ત, રંગે ઘેરો અને પ્રમાણમાં ઓછો હોય છે; જ્યારે શાકાહારીનો ઝાડો રંગે ખુલ્લો અને પ્રમાણમાં વધારે હોયછે. તેમાં યે વધુ ભાજીપાલા લેનારનો દસ્ત લીલાશપડતો અને વધુ દૂધ લેનારનો દસ્ત પીળાશપડતો હોય છે. હલકું કે ભારે પાણી પણ ઝાડાની ઘટ્ટતામાં ફેરફાર કરે છે. એટલે ઉપર દર્શાવેલા ફેરફારો તંદુરસ્ત ઝાડાની વ્યાખ્યામાં સમાઈ જાય છે.

ઝાડામાં મુખ્યત્વે પાણી, પાચક રસો અને સૂક્ષ્મ જંતુઓનો સમાવેશ થાય છે. તેમાં પાણીનું પ્રમાણ ૭૦-૮૦ ટકા જેટલું છે. સૂક્ષ્મ જંતુઓ અસંખ્ય છે. આ નિર્દોષ સૂક્ષ્મજંતુઓ આંતરડાંમાં ઘર કરી બેઠેલા છે, અને રોગ ઉત્પન્ન કરનારા સૂક્ષ્મ જંતુઓનો સામનો કરી

આપણા રક્ષણમાં મદદ કરે છે. આ ઉપરાંત ઝાડામાં પાચક રસો અને પિત્તમાંથી બનેલા રંગીન દ્રવ્યો પણ સારા પ્રમાણમાં હોય છે. વળી માનવ પાચનતંત્ર ન પચાવી શકે તેવા, એમ ને એમ બહાર આવતા પદાર્થો (દાખલા તરીકે સોપારી), આંતરત્વચામાંથી ખરી જતા કોશો તથા આંતરડા દ્વારા ઉત્સર્ગ પામતા લોઢા અને ચૂનાના ક્ષારોનો પણ સમાવેશ થાય છે.

અનુભવે સિદ્ધ થયું છે કે, બંધકોશ, અતિસાર, મરડો, કમળો, સંગ્રહણી, કોગળિયું વગેરેના ઝાડા લાક્ષણિક હોય છે.

બંધકોશ, એક યા બીજા કારણથી આંતરડાંની હલનચલન શક્તિ શિથિલ થવાથી થાય છે. આથી ઝાડાને આગળ ધપતાં ઘણો સમય લાગે છે. તેથી પાણીનું શોષણ વધુ થતાં, સુક્કાં, સખત, વાસ મારતો ઝાડો થાય છે. અતિસારમાં આથી ઉલટું જ થાય છે. કોઇ કારણથી થતી આંતરડાંની આંતરત્વચાની ઉશ્કેરણીના પરિણામે આંતરડાંનું હલનચલન જલદી થતાં, પાણી પૂરતું ન શોષાઇ શકવાથી પાતળા ઝાડા થઇ જાય છે.

મરડો મોટા આંતરડાની આંતરત્વચાના સોજાથી થાય છે. આંતરત્વચામાં ચાંદાં પણ પડે છે. મરડાના ઝાડામાં જળસ, લોહી, પરૂ, વગેરે પેટમાં અમળાઇને ઝાડામાં બહાર આવે છે.

કમળામાં આંતરડામાં પિત્ત ન પહોંચી શકે તેથી પિત્ત રહિત, આછો રાખ જેવા રંગનો–ધોળી માટી જેવો–ઝાડો થાય છે. પિત્તના અભાવે શોષણ બગડતાં, ઝાડામાં ચરબીના રૂપાન્તર પામેલાં દ્રવ્યો દેખાય છે તથા કહોવડામણને લઇને ઝાડો વાસ મારે છે.

સંગ્રહણીના રોગમાં આંતરડાંની આંતરત્વચા ક્ષીણ થઈ જવાથી, પૂરતું શોષણ ન થતાં, પ્રમાણમાં વધારે, પરપોટાવાળા, ફિક્કા, મેદકણથી ભરપૂર, આરલ, પાતળા ઝાડા થાય છે.

કોગળિયામાં અલ્પવિરામના આકારના સૂક્ષ્મજંતુના આક્રમણથી નાના આંતરડાની આંતરત્વચાનો સોજો આવતાં, ઓસાવેલા ભાતના પાણી જેવા પુષ્કળ ઝાડા થઈ જાય છે.એ ઝાડાને ઠરવા દેતાં તરતા કોશો નીચે બેસી જઇ ઉપરનો ભાગ લગભગ પાણી જેવો સ્વચ્છ દેખાય છે.

આ ઉપરાંત ઝાડા ઉપર છંટાએલું રાતું લોહી, એ લોહી ઝમતા હરસનો ખ્યાલ આપે છે. ઝાડામાં મિશ્રિત થએલું પરિવર્તન પામેલું લોહી, જઠર કે આંતરડામાં રક્તવાહિનીઓ તૂટયાનો ભય દાખવે છે. અને પટ્ટી જેવા ઝાડા, મોટા આંતરડાના છેવટના ભાગમાં ઉપલેણ પેશી હોવાનો સંભવ સૂચવે છે.

આ બધું ઝાડાની બારીક તપાસની અગત્ય સૂચવે છે. અને દાક્તરોને રસાયણો, સૂક્ષ્મદર્શક યંત્ર, કિરણ શોષણ બતાવતું યંત્ર વગેરેના ઉપયોગથી અગત્યની માહિતી મળી શકે છે. પરંતુ તેથી ઝાડો નજરે જોવાની જરૂરિયાત જરા યે ઘટતી નથી. આવી તપાસ વખતે, આખા યે શરીરનાં બીજાં અસાધારણ ચિહ્નો તથા લક્ષણોની નોંધ તથા દર્દ સંબંધી ઝીણવટભરી માહિતી જરૂરી છે.–હ.ર. દેરાસરી

આપણી ટંકશાળ

ઘણી વાતો આપણી નાકની દાંડી આગળ બને છે છતાં આપણે કશું જ જાણતા હોતા નથી. તમને ખબર છે કે મુંબાઇની ટંકશાળમાં દર મિનિટે લગભગ ત્રણ હજાર ચળકતા સિક્કાઓ તૈયાર થાય છે?અને યુદ્ધને લીધે આજે ઉદ્યોગોને જે વેગ મળ્યો છે તેથી સિક્કાઓની માગણી એટલી તો વધી ગઇ છે કે મુંબાઇ, લાહોર તથા કલકત્તાની ટંકશાળો અત્યારે જબ્બર જોશથી કામ કરી રહી છે? યુદ્ધ પહેલાં મુંબઇની ટંકશાળમાં ૮૦૦ માણસો કામ કરતાં હતાં ને દરરોજ ત્રણ લાખ સિક્કાઓ બહાર પડતા હતા. આજે ત્યાં ૧૫૦૦ માણસો કામ કરે છે અને દરરોજ ત્યાંની ટંકશાળમાં ૪૦ લાખ, કલકત્તાની ટંકશાળમાં ૩૧ લાખ અને લાહોરની ટંકશાળમાં ૧૧।। લાખ સિક્કાઓ તૈયાર થાય છે. આજે મુંબાઇ અને લાહોરની ટંકશાળમાં રૂપિયા, અર્ધો રૂપિય, પાવલી, બે આની અને પૈસા તૈયાર થાય છે. તે ઉપરાંત મુંબાઇમાં એક આનીઓ પણ બને છે. કલકત્તામાં માત્ર એક આના અને અરધા આનાના સિક્કા પાડવામાં આવે છે.

એક વાત તમે નહિ જાણતા હો કે ૧૯૨૨ પછી હમણાં સુધી એક પણ રૂપિયો ટંકશાળમાં પાડવામાં આવ્યો ન હતો; કેમકે ૧૯૧૬ થી ૧૯૨૨ સુધીમાં એટલા બધા રૂપિયાના સિક્કા બનાવવામાં આવ્યા હતા કે હિંદની જરૂરિયાત માટે તે પૂરતા હતા. એવી ગણતરી કરવામાં આવી છે કે એ રૂપિયાઓને જમીન પર એકબીજાને અડકાડીને મૂકવામાં આવે તો પૃથ્વીના પરિઘને પાંચ વખત આંટા લઇને આવે; ને કોર પર સીધા એકબીજાને અડકાડીને રાખવામાં આવે તો કેરોથી કેપ ઑવ ગુડહોપ સુધી આફ્રિકા સોંસરી એ હાર પહોંચી જાય!

મુંબાઇની પહેલવહેલી ટંકશાળ ત્યાંના એક આગલા ગવર્નર જીરાલ્ડ ઓગિયરે ઈ. ૧૬૭૦માં સ્થાપી. તે ટંકશાળ જૂની ઢબની હતી અને તે જમાનામાં પ્રચલિત રૂપિયાનો તથા બીજો એક તાંબાનો સિક્કો છાપતી. આજની મુંબાઈની ટંકશાળ ૧૮૨૯માં દરિયો પૂરી, હાલના સ્થળે ૩૬ લાખ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવી હતી. ગવર્નર ઓગિયરના વખતમાં રૂપિયાની કિંમત બે શિલિંગ ને છ પેન્સ જેટલી ગણાતી. એ રૂપિયા ઉપરાંત ખરા ચલણમાં તો 'અશરફી' નામનો એક મરાઠી સિક્કો (જેની કિંમત એક શિલિંગ ને આઠ પેન્સ હતી), મોગલોનો 'સાહેબી' નામનો સિક્કો (ચાર શિલિંગની કિંમતનો) ને પોર્ટુગીઝોનો 'પેગોડા' નામનો (નવ શિલિંગની કિંમતનો) સિક્કો ચાલતા.

આજે હિંદમાં ત્રણ ટંકશાળો છે: મુંબઇ કલકત્તા ને લાહોર ત્યાંના સિક્કા સમગ્ર હિંદમાં ચાલે છે. પણ જૂના જમાનામાં એ પહેલી ટંકશાળમાંના રૂપિયાનું ચલણ ફક્ત મુંબાઇના કોટમાં આવેલી અંગ્રેજી કોઠીઓમાં અંગ્રેજો વચ્ચે, ને મુંબાઈની આસપાસના ત્રણ માઇલના વિસ્તારમાં દરિયાકિનારે આવેલાં ગામડાંઓમાં જ હતું.

તે વેળા મુંબાઇની ટંકશાળમાંથી કેટલા ઓછા રૂપિયા બહાર પડતા તેનો ખ્યાલ એટલા પરથી જ આવશે કે તેના પર દેખરેખ રાખવા માટે ઇગ્લંડથી બોલાવેલા મિન્ટમાસ્તરને વરસે માત્ર ૬૦ પૌન્ડનો જ પગાર મળતો; અને ૧૮૩૫માં જ્યારે પહેલો કૉઇનેજ એક્ટ (સિક્કા-ધારો) પસાર કરવામાં આવ્યો અને રૂપિયો આખા હિંદમાં કાયદેસરના ચલણ તરીકે ઓળખાવા લાગ્યો ત્યારે પણ વરસ દહાડે માત્ર બે કરોડ રૂપિયા જ બહાર પડતા.

એ સિક્કા-ધારાથી મુંબાઇના રૂપિયા, ફરૂક્કાબાદના રૂપિયા અને મદ્રાસના 'સિક્કા-રૂપિયા' કાયદેસરનાં ચલણ બન્યાં.સિક્કા-રૂપિયો બીજા રૂપિયા કરતાં વજનમાં વધારે હતો અને મુંબાઇ ને મદ્રાસના ગવર્નરોને તથા હિંદના ગવર્નર જનરલને તેમનો માસિક પગાર એ સિક્કા-રૂપિયામાં મળતો. ૧૮૩૬માં તે રૂપિયો બંધ કરવામાં આવ્યો.

આજે જેમ રાણી વિકટોરિયાના રૂપિયા ચલણમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે, તેમ ૧૮૩૫માં પાડવામાં આવેલા સિક્કાઓ ૧૮૮૦ની આસપાસ ચલણમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. તે વખતમાં વિક્ટોરિયાનો જે જૂના વખતનો સિક્કો ચાલતો તે પર રાણીના ચહેરાની છાપ તાજ વગરની હતી અને તે 'ચોટલાવાળા રૂપિયા'ના નામે ઓળખાતો. ૧૮૫૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી હિંદનો કારોબાર સીધો બ્રિટિશ તાજને સોંપાયો ત્યારથી રાણી વિક્ટોરિયાનો તાજવાળો સિક્કો હસ્તીમાં આવ્યો. (ક્રાંતિ?)

સાપના ઝેરની નવી રસી

આજ સુધી નાગ (કાળોતરા—કોબ્રા) અને ચીતળ (રસેલ)ના દંશના ઉતાર માટે રસી બનાવવામાં આવતી હતી, પરંતુ કોડિયા તેમજ બીજા પ્રકારના ચીતળ સાપને માટે કોઈ રસી બનાવવામાં આવતી ન હતી. નાગ અને ચીતળની પેઠે આ બીજા બે સાપો પણ આપણે ત્યાં બહુ સામાન્ય ઝેરી સાપો છે.

આ દિશામાં હાફ્કિન્સ ઈન્સ્ટિટ્યૂટમાં કર્નલ સોખે અને તેમના મદદનીશો શ્રી એ. કે. હજરા તથા ડી. સી. લાહિરીએ નવી શોધ કરી ચારે જાતના સાપના ઝેરની સામે અસર કરે તેવી રસી બનાવી છે. એ રસીમાં એક નવો અગત્યનો સુધારો એમણે એ કર્યો છે કે આજ સુધીની રસીઓ સામાન્યતઃ છથી વધુ માસ અસરકારક રહેતી ન હતી, પણ આ નવી બનાવેલી રસી વર્ષો સુધી કારગત રહેશે. આથી એ રસી છૂટથી શહેરેશહેર અને ગામડેગામડે પણ વહેંચી શકાશે, જ્યાં તે લાંબો વખત સુધી અસરકારક રહેશે. આમ આપણે ત્યાંના ચાર સામાન્ય ઝેરી સાપના ભયને નિવારવામાં કર્નલ સોખેએ એક મહાન ફાળો આપ્યો છે. —યુ. ગ. નાયક

અનાજ-રક્ષણને માટે પારાનો ઉપયોગ

અનાજનો સંગ્રહ કરતી વખતે તેમાં થોડો પારો નાખવાની પ્રથા લાંબા વખતથી આપણે ત્યાં છે. પારો અનાજમાં છૂટો, અગર માટી-ની થેપલીઓમાં ભેળવીને તે થેપલીઓ અનાજમાં રાખવામાં આવે છે. પણ તે પારો અનાજમાં થતા જંતુઓ પર કેવી અસર કરે છે અને એવા જંતુઓ પડતા અટકાવવા કેટલા પારાની જરૂર પડે છે વગેરે બાબતોનું વૈજ્ઞાનિક જ્ઞાન આપણને ન હતું. હમણાં એ દિશામાં બૅંગલોરમાં શ્રી કૃષ્ણમૂર્તિ અને અપ્પાના નામના વૈજ્ઞાનિકોએ કરેલા પ્રયોગોના પરિણામે જણાયું છે કે પારાની વરાળ (બાફ)ની અંદર, અનાજમાં રહેલાં તેમજ થતાં જંતુઓનાં ઈંડાં અને કોશેટાનો નાશ કરવાનો ગુણ છે; અને એક ઘનફૂટ અનાજના સંગ્રહમાં આશરે એક ગ્રામના દસમા ભાગ જેટલો પારો હોય તો ચાલે. એક શેર પારાથી લગભગ ૫૦૦૦ ઘનફૂટ અનાજનું રક્ષણ થઈ શકે.

('કરન્ટ સાયન્સ') —ય. ગુ. નાયક

સૂકવેલાં શાક વિષે

'સૂકવેલા ખોરાક' ઉપર ડૉ. કાન્તિલાલ પંડ્યાના ગયા અંકમાં પ્રગટ થએલા લેખને અંતે તેઓશ્રીએ ઉલ્લેખ કર્યો છે કે "(આ ખોરાકમાં) પોષણ પણ જળવાયું હશે? કે ઘટી ગએલા પોષણને માટે હજી બીજા ઉપાય યોજવાના રહે છે? આ સવાલની શાસ્ત્રીય દૃષ્ટિએ તપાસ કરવાની બાકી છે."

પરંતુ 'સૂકવેલાં શાકો'નું તો, પોષણની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાનું કામ કુનુરની ન્યૂટ્રિશન રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટે હાથ ધર્યું હતું, તેનું પરિણામ 'સાયન્ટિફિક ઍડવાઇઝરી બોર્ડ'ના ૧૯૪૩ના રીપોર્ટને ૮૮મે પાને પ્રકટ થયું છે, તે ઉપયોગી થશે એમ માનીને આપું છું:

"તપાસના પરિણામે જાણવા મળ્યું છે કે (૧) થોડા મહીના સુધી સંઘરી રાખેલાં સૂકવેલાં શાકમાંથી થોડાવત્તા અંશે વિટામિન 'સી'નો નાશ થાય છે; (૨) વિટામિન 'એ'નો સંબંધી, વનસ્પતિનો પીતરંગી પદાર્થ કેરોટીન ૩૫થી ૬૫ ટકા જેટલો નાશ પામે છે; અને (૩) ૬૦ ટકા જેટલા ક્ષારોનો નાશ થાય છે. આમ, સૂકવણી કરેલાં શાકોમાં શરીર માટે અત્યાવશ્યક એવાં પોષણના તત્ત્વોની ઊણપ ઉત્પન્ન થતી હોવાથી શાકોની સૂકવણીની પદ્ધતિ ઘરઘરને લાભદાયક નીવડે તેવી બનાવવા માટે તેમાં વધુ શોધખોળ અને ફેરફારોની જરૂરિયાત અનિવાર્ય છે." —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પ્રાચીન યુગમાં માપબંધી

દુનિયાભરમાં માપબંધી વર્તમાન વિશ્વ-યુદ્ધે જ સર્જેલી એવી સામાન્ય માન્યતા છે; પરંતુ ઈસુના જન્મથી પણ અગિયારસો વર્ષ પૂર્વે ચીનમાં માપબંધી થઈ હોવાનો પુરાવો ઇતિહાસ આપે છે. વિશ્વના ઇતિહાસમાં માપબંધીનો એ જૂનામાં જૂનો ઉલ્લેખ છે.

ઈ. સ. ની પૂર્વે અગિયારસો વર્ષ પર ચીનની સીક્યાંગ નદીમાં એવી તો ભારે રેલ આવી કે જેથી આખા ચીનના એક તૃતીયાંશ જેટલાં ડાંગરનાં ખેતરોમાં પાણી ફરી વળ્યું અને તેમાંથી ધાનનો એક દાણો પણ મળી ન શક્યો. આથી ચીનના શહેનશાહના હુકમ-થી સત્તાવાળાઓએ ખાવાપીવાની બધી ચીજો ઉપર કબ્જો કરી લીધો; અને જે સુવ્યવસ્થિત રીતે એમણે માપબધીનો અમલ શરૂ કરી દીધો તે જાણવા જેવી છે.

પ્રત્યેક મહીનાના પ્રારંભમાં દરેક કુટુંબનો વડો, સ્થાનિક અમલદારની કચેરીમાં હાજર થતો. ત્યાં ઘટતી લખાપટ્ટીના અંતે ખાસ લંબાઇની એક રેશમી દોરી એને આપવામાં આવતી, જેના એક છેડા પર પ્રમાણ તરીકે 'આકાશી-પુત્ર'ની સરકારી મહોર અંકિત થતી. આ દોરી લઇ પેલો શખ્સ અનાજ વ્હેંચનારાઓનાં સ્થાનિક કેન્દ્રોમાં જતો ને પોતાની જરૂરિયાત મુજબ અનાજ વગેરે ખરીદી લેતો; અને એ કેન્દ્રોના વ્યવસ્થાપકો વેચેલી ચીજોના પ્રમાણ અનુસાર આ દોરીનો અમુક ભાગ કાપી લેતા. આમ મહીનાની આખર સુધીમાં આ દોરી ઓછી થતાં થતાં સમૂળગી ખત્મ થઇ જતી.

એવી જ રીતે ઈ. સ. પૂર્વે ૫૪૩માં ઇરાનીઓએ જ્યારે બાબુલવાસીઓ(બૅબીલોનિયનો)સાથે સંધિ કરી વ્યાપારી સંબંધો બાંધ્યા અને ત્યાંનું અનાજ બીજા મુલ્કોમાં ઘસડાઇ જવા લાગ્યું ત્યારે બાબુલમાં ખાદ્ય-પદાર્થોની તંગી ઊભી થઇ. એ વખતે બાબુલના બાદશાહ બનુનાહીદે માપબંધીની એક ખાસ પદ્ધતિ પ્રચલિત કરી. શહેરના પ્રત્યેક પ્રજાજનને આપવાનું રાતબનું પ્રમાણ નક્કી કરવા અગાઉ દરેક શખ્સને માપવામાં અને તોલવામાં આવતો, એટલું જ નહિ પણ તેના ધંધાને પણ એ દૃષ્ટિએ વિચારણામાં લેવામાં આવતો, કે તે સરકારના માટે કેટલે દરજ્જે લાભદાયક છે! એ બધી વાતો માટીની એક તકતી પર નોંધી લેવાતી, જે બતાવીને મજકુર શખ્સ અનાજ વહેંચવાનાં મથકો ખાતેથી દર માસે, નક્કી કરેલી તારીખે અનાજ વગેરે ખરીદી લાવતો.

(ઉર્દૂ પરથી) —ઇમામુદ્દીન દરગાહવાલા

'બ્રિટિશ ટાપુઓ' કેટલા છે?

બ્રિટિશ ટાપુઓ એટલે સામાન્યતઃ આપણને ગ્રેટબ્રિટન (ઇંગ્લંડ-સ્કૉટલંડ) અને આયર્લંડ એ બેનો જ ખ્યાલ આવે છે. (તેમાં યે આજે આયર્લંડ તો બ્રિટનથી સ્વતંત્ર રાષ્ટ્ર થયું છે.) પણ જાણીને નવાઈ લાગશે કે બ્રિટિશ ટાપુઓ એ 'બે'જ નહિ, પણ હજારોની સંખ્યામાં છે! તેમાં ૫૦૦ તો તેની પડોશમાંના હેબ્રિડિઝ ટાપુઓ છે, જેમાંનો પાંચમો ભાગ વસતિવાળો છે. સ્કૉટલંડની બાજુના ઑર્કની તથા શેટલેન્ડ દ્વિપસમૂહ ૧૯૦ ટાપુઓના બનેલા છે. જેમાં ૫૭ વસતિવાળા ટાપુઓ છે. ૧૪૦ સીલી ટાપુઓ છે, જો કે તેમાંના પાંચ પર જ લોકોની વસતિ છે. આ ઉપરાંત આયર્લંડના પશ્ચિમ કિનારા પર અસંખ્ય નાના ટાપુઓ છે. આ બધાની ગણતરી કરતાં ગ્રેટબ્રિટન ને આયર્લંડના ટાપુઓ તથા ગ્રેટબ્રિટન અને આયર્લંડના કિનારા આગળ આવેલા નાના બેટો ગણતાં આ સંખ્યા ૫,૦૦૦ની થાય છે!

—છોટાલાલ મા. કામદાર

આ માસ ઈતિહાસમાં

ફેબ્રુઆરી

તા. ૧ બારડોલીની નાકરની લડત શરૂ કરવા ગાંધીજીની ઘોષણા, ૧૯૨૨.

તા. ૬ પં. મોતીલાલ નેહરૂનું અવસાન, ૧૯૩૧.

તા. ૮ રાણી એલીઝાબેથે સ્કૉટલૅન્ડની રાણી મેરીનો વધ કરાવ્યો, ૧૫૮૭.

તા. ૧૨ દીનબંધુ ઍન્ડ્રયૂઝનો જન્મ, ૧૮૭૧.

તા. ૧૫ આધુનિક ખગોળશાસ્ત્રના પુરસ્કર્તા ગૅલીલીઓનો પીસા મુકામે જન્મ, ૧૫૬૪.

તા. ૧૭ તૈમુર લંગનું મૃત્યુ, ૧૪૦૫.


તા. ૨૧ ઔરંગઝેબનું અવસાન, ૧૭૦૭.

તા. ૨૬ નેપોલિયન એલ્બાથી નાઠો, ૧૮૧૫.

તા. ૨૮ બ્રિટનના રક્ષણ તળેથી મિસર સ્વતંત્ર જાહેર થયું, ૧૯૨૨.

આ માસની વ્યક્તિવિશેષ

'કલાપી'–સૂરસિંહજી ગોહિલ



કાઠિયાવાડના લાઠી સંસ્થાનના આ રાજવી કવિનો જન્મ ૧૮૭૨ની ૨૬મી ફેબ્રુઆરીએ થયો હતો. રાજકોટની રાજકુમાર કૉલેજમાં ૯ વર્ષ અભ્યાસ કરી ૧૮૯૧માં તે હિંદભરના પ્રવાસે નીકળ્યા. એ સફરમાંથી લખેલો એક વિસ્તીર્ણ ને સુંદર પત્ર (કાશ્મીરનો પ્રવાસ) એ તેમના લેખનની શરૂઆત; અને ત્યાંથી પાછા આવી ૧૮૯૨ની ૧૫મી આક્ટોબરે લખેલી 'ફકીરી હાલ' નામની ગઝલ તે કાવ્યની શરૂઆત. તે પછી એ કાવ્યવહેણનો જે ધસારાબંધ પ્રવાહ ચાલ્યો તેની પ્રતીતિ 'કલાપીનો કેકારવ' નામનો એમનો સંગ્રહ કરાવે છે.

એમનાં કાવ્યનાં બે પ્રેરક બળો 'સૌન્દર્ય અને સ્નેહ'માંના બીજાના કારણભૂત જેમની સાથેનો પ્રેમપ્રસંગ બન્યો તે શોભના સાથે ૧૮૯૮ની ૧૧મી જુલાઇએ એમણે (ત્રીજું) લગ્ન કર્યું. કલાપી-શોભનાનો સ્નેહ, એ કલાપીના આંતરજીવનનો સર્વોપરિ ભાગ છે. કાવ્યો ઉપરાંત ટૂંકી વાર્તા, લઘુ નવલ ને ધર્મતત્ત્વવિચાર પણ એમની કલમે ખેડેલા છે. અને એમના અવસાન બાદ પ્રકટ થએલા પત્રોમાં એમના જીવનના ધબકારા એમની કલમ સંભળાવે છે. ઈ. ૧૯૦૦ના જૂનની ૧૦મીએ, માત્ર ૨૮ વર્ષની વયે, આવા વિચારવંત અને રસમય જીવનનો અંત આવ્યો એ ગુજરાતી સાહિત્યનો કરુણતમ બનાવ છે.

જેને વેણે મધ ઝરે પણ કરણીમાં ભેદ,
એનો છાંયો છાડીએ (જેમ) મલ્લ તજે છે મેદ.

— નસુખ ભટ્ટ

પોતાના સગા જેના તંત્રી હતા એવા એક દૈનિક પત્રમાં પોતાના કોઈ ગુનાહ માટે સમાચાર છપાવાના છે એવા ખબર સાંભળી એક ભાઈ તે અટકાવવા તંત્રીની ઑફિસે ગયા ને પોતાના સગપણસંબંધનું અઘટિત દબાણ કરવા માંડ્યું. પણ તંત્રીએ ગમ્ભીરપણે તરત સીધો જવાબ સંભળાવ્યો: 'સગપણનો હક્ક ભોગવવા મારે ઘેર આવજો; પણ અહીંથી તો આ ઑફિસનાં પગથિયાં ઊતરી જાઓ.'

ખોટી જોડણીથી થતા અર્થના અનર્થ

કુખ=કુશ, દર્ભ	કૂખ=પેટનું પડખું
કુચી=ગલી, મહોલ્લો	કૂંચી=ચાવી
જોરા=ફછાળો	જોષ=જ્યોતિષ
ગુનો=વાંક	ઘૂનો=ખાઇ
ગુપ્તિ=રક્ષણ	ગુપ્તી=છૂપું શસ્ત્ર
તામિલ=એક ભાષા	તામીલ=આજ્ઞાંકિતપણું
દારુ=દેવદાર	દારૂ=મદિરા
નશો=કેફ	નસો=ગંદકી
નિંદવું=નિંદા કરવી	નીંદવું=ઘાસ કાપવું

(લલિત શાહ)

કહેવતોના અર્થ: 'હરકતમાં બરકત—ફજેતે ફાયદા.' પારકાને નુકસાન થઇને પણ પોતાને લાભ થાય એવું ઇચ્છતા વિઘ્નસંતોષીઓનું માનસ દર્શાવવા માટે વપરાતી આ કહેવત માટેની વાત એવી છે કે કોઇ અમલદાર નોકરી પરથી દેશમાં ગયા ત્યારે શ્રાદ્ધ પક્ષમાં તેમને ત્યાં રોજ લાડુ કે દુધપાક થતા જોઇને, તેમની સાથે ગએલા ભોળા મુસલમાન પટાવાળાએ એક નોકરને તેનું કારણ પૂછ્યું. નોકરે કહ્યું કે આજ શ્રાદ્ધ હતું અને કાલે સંવત્સરી. એ સાંભળીને મિયાંએ દુવા ગુજારી કે 'યા પરવરદિગાર, ઈનકે ઘર કાયમ રહેવે શ્રાદ્ધસમસરિયાં, કે મિયાં મીઠુ ખાવે ખીર પૂરિયાં'. આ દુવામાં અંતરનો મેલો ભાવ નહિ, પણ ભોળો અજ્ઞાન ભાવ હતો. પરંતુ ઉપલી કહેવત તો વિઘ્નસંતોષીઓ માટે વધુ વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'બગલાને ડોળ્યે લાભ'; 'માખ જુએ ચાંદું ને વૈદ જુએ માંદુ'; 'ચોરકો ખુદા સલામત રખે, ઇનકે લિયે સિપાહીકી રોટી હે'; 'કાગડાને શ્રાદ્ધ ભલાં'; 'સારા ઘરનું વગોણું, જગતને જોણું'; વગેરે.

પુરુષના મગજનું વજન લગભગ ૫૦·૨૧ અને સ્ત્રીના મગજનું ૪૪·૫૨ ઔંસ હોય છે.



સિક્કાઓની બંને બાજુએ છાપ પાડીને તેમાં રાજાઓનાં મહોરાં, રાજ્ય-અમલની સાલ કે તેના મુખ્ય કાર્ય અથવા ગૌરવનો સંજ્ઞારૂપે ઉલ્લેખ છાપવાની પ્રથા ગ્રીક લોકોના સંપર્કથી હિંદમાં દાખલ થઇ એમ મનાય છે. તે પહેલાં સિક્કાનો વ્યવહાર તો ચાલુ હતો, પણ તે રીતસર ઢાળી, તેના પર, ઉપર જણાવ્યા મુજબ પદ્ધતિસરનાં આલેખનો છાપીને નહિ, પરંતુ રૂપાના ચોરસ કે લંબચોરસ ટુકડાઓ કાપી તેના ઉપર જુદીજુદી સંજ્ઞાઓનાં ચિત્રોના 'પંચ'(અડી)ની છાપ પાડીને તે ચલાવવામાં આવતા. આવી છાપો એક ને એક સિક્કા પર જુદેજુદે વખતે એક પછી એક મારવામાં પણ આવતી. આ 'પંચમાર્ક્ડ'(અડી-છાપના) સિક્કાઓ (મોટે ભાગે રૂપાના-ક્વચિત્ જ ત્રાંબાના) હિંદભરમાંથી મળી આવે છે, જેમાંના આ ઉપર આપેલા બે નમૂના ઈ. સ. પૂર્વે ચોથી સદી લગભગના છે.

ગણિતગમ્મત

૪૦, ૮૧ અને ૩૬૦ એ ત્રણ સંખ્યાઓ એવી છે કે એ ત્રણ પૈકી કોઇપણ બે સંખ્યાનો સરવાળો વર્ગ સંખ્યા આવે છે:


$૪૦ + ૮૧ = ૧૨૧ = ૧૧^2$

$૪૦ + ૩૬૦ = ૪૦૦ = ૨૦^2$

$૮૧ + ૩૬૦ = ૪૪૧ = ૨૧^2$ (મ. ના. ખત્રી)



ફૂદાં કદિ ખોરાક ખાતાં નથી; કપડાં કોરી ખાતાં કહેવાય છે એ વાત પણ ખોટી. તેને નથી હોતું મોં કે નથી હોતું પેટ. પણ તેનાં બચ્ચાં—ઈયળો કે કીડા—એવાં અકરાંતિયાં હોય છે કે, તે ઇંડાંમાંથી નીકળ્યા ત્યારથી તે કીડા મટીને સુષુપ્તિ કોશેટા બનાવે ત્યાં સુધીના ગાળામાં, પોતાના વજન કરતાં ૬૬,૦૦૦ ગણો ખોરાક ખાઈ જાય છે! એ ગાળો પાંચપંદર દિવસથી માંડીને ૧૭ વર્ષ સુધીનો પણ (પ્રકારભેદે) હોય છે.



હોળી-ખેલન (ચિત્રકાર • હીરાલાલ પટેલ)